MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
ભરૂચ ઓફિસ
૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । સોમવાર । તા. ૧૧-૦૫-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 ઉદ્ધવની મુશ્કેલીમાં વધારોઃ વિધાન પરિષદ ચૂંટણીમાં કોંગ્રેસે બે ઉમેદવાર ઉતાર્યા

5 અમદાવાદને વુહાન કોણ બનાવશે..? કોરોના ખુદ ફરે છે કે અબુધો ફેરવી રહ્યા છે.....?

8 વતન જવાની આશાએ અમદાવાદમાં બે હજારથી વધુ પરપ્રાંતીયો થયા ભેગા

12 નર્મદા વનવિભાગના કાયમી રોજમદારોના અનિયમિત પગાર મામલે ઉચ્ચ કક્ષાએ રજુઆત : ત્રણ મહીનાથી પગારના ફાંફા

છેલ્લા ૨૪ કલાકમાં ૩૨૭૭ પોઝિટિવ કેસ સાથે આંકડો ૬૩ હજારને પાર

લોકડાઉન છતાં દેશમાં કોરોના બેકાબૂ: વધુ ૧૨૮ના મોત

મુંબઈ એરપોર્ટ પર તહેનાત સીઆઈએસએફનાં ૧૮ જવાનો કોરોના પોઝિટિવ,કેરળમાં આગામી આદેશ ન મળે ત્યાં સુધી પ્રત્યેક રવિવારે ટોટલ લોકડાઉન રહેશે

ન્યુ દિલ્હી

વૈશ્વિક મહામારી કોરોનાને રોકવા સમગ્ર ભારત લોકડાઉન-૩ હેઠળ ઘરમાં કેદ છે. તેમ છતાં લોકલ સંક્રમિતને કારણે દેશમાં કોરોના વાઈરસથી સંક્રમિતોની સંખ્યા શનિવારે ૬૩,૦૦૦ને પાર પહોંચી હતી, જ્યારે આ મહામારીના કારણે મરનારા લોકોની સંખ્યા ૨,૧૦૯ થઈ છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે પોતાના દૈનિક અપડેટમાં જણાવ્યું કે, ગત ૨૪ કલાક દરમિયાન કોરોના મહામારીથી વધુ ૧૨૭ મોત થયા બાદ કુલ મૃતકોની સંખ્યા ૨,૧૦૯ થઈ છે, જ્યારે ચેપીરોગ સંક્રમણના ૩,૨૭૭ નવા કેસ સામે આવ્યાં છે. દરમ્યાનમાં ભારતમાં મહારાષ્ટ્ર, ગુજરાત, તમિલનાડુ, મધ્યપ્રદેશ અને દિલ્હીમાં મોટા પ્રમાણમાં પોઝિટિવ કેસ નોંધાયા છે. આ સાથે જ કેન્દ્રીય ટીમો વધુ કોવિડ -૧૯ કેસવાળા ૧૦ રાજ્યોની મુલાકાત કરશે. દેશમાં ૬૩,૩૪૭ કોરોના સંક્રમિત છે. રવિવારે દિલ્હીમાં ૩૮૧, આંધ્ર પ્રદેશમાં ૫૦, રાજસ્થાનમાં ૩૩ અને બિહારમાં ૧૮ કેસ સામે આવ્યા છે. આ અગાઉ શનિવારે કોરોનાના ૨૯૫૧ દર્દી વધ્યા હતા. સરકારે કહ્યું હતું કે, ૧૦ રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. મહારાષ્ટ્રમાં સીઆઈએસએફના એક સાથે ૧૮ જવાનો પોઝિટિવ મળી આવતા ખળભળાટ મચી ગયો હતો. આરોગ્ય મંત્રાલય ૧૦ રાજ્યોમાં વધતા કોરોના વાઈરસ કેસ માટે સાથે સેન્ટ્રલ ટીમો મોકલશે. આ ટીમો રાજ્યના આરોગ્ય વિભાગોને રાજ્યમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં નિયંત્રણના પગલાં અમલમાં મૂકવામાં મદદ કરશે. આરોગ્ય મંત્રાલયના વરિષ્ઠ અધિકારી, સંયુક્ત સચિવ કક્ષાના નોડલ અધિકારી અને જાહેર આરોગ્ય નિષ્ણાતની બનેલી

અનુસંધાન પાના નં. ૭

કોરોનાથી અત્યાર સુધી દેશમાં ૨૧૦૯ લોકોના મોત,૧૦ રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી,એર ઈન્ડિયાના પાંચ પાયલટ્સ કોરોના પોઝિટિવ

લોકડાઉન અને ઝોનના મામલે ચર્ચા થઈ શકે આજે વડાપ્રધાન મોદી રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વીડિયો કોન્ફરન્સથી બેઠક કરશે

ન્યુ દિલ્હી

કોરોના વાયરસના સંકટ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોમવારના રોજ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે બપોરે ત્રણ વાગ્યે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા બેઠક કરશે. આ બેઠકમાં લોકડાઉન મુદ્દે ચર્ચા થઈ શકે છે. વડાપ્રધાન કાર્યાલયે પોતના ટ્વિટર હેન્ડલ પર આ અંગે માહિતી આપતા લખ્યું છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી કાલે બપોરે ત્રણ વાગ્યે રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા વાતચીત કરશે. રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથેની આ વડાપ્રધાનની પાંચમી બેઠક છે.

દેશમાં લાગુ કરવામાં આવેલા લોકડાઉન ૧૭ મેના રોજ પૂર્ણ થઈ રહ્યું છે. ઓમાં આ બેઠકને અત્યંત ખાસ માનવામાં આવી રહી છે. આ અગાઉ આજે કેબિનેટ સચિવ રાજીવ ગૌબાએ પણ તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના મુખ્ય સચિવો અને સ્વાસ્થ્ય સચિવો સાથે વીડિયો કોન્ફરન્સ દ્વારા બેઠક કરી હતી. પ્રાપ્ય માહિતી અનુસાર રાજ્યોએ રેડ, ગ્રીન અને ઓરેન્જ ઝોન મામલે બનાવવામાં આવેલા નિયમો પર વાંધો દર્શાવ્યો છે. રાજ્યોનું કહેવું છે કે પ્રવાસી મજૂરોના ગૃહ રાજ્યમાં પરત ફરવાથી જિલ્લામાં કોરોના

અનુસંધાન પાના નં. ૭

૬ દિવસમાં ભારતમાં કોરોના બેકાબૂ: ૪૦ હજારથી ૬૦ હજાર થયા દર્દી

ન્યુ દિલ્હી

ભારતમાં કોરોના વાયરસથી સંક્રમિત દર્દીઓની સંખ્યામાં ઝડપથી વધારો નોંધવામાં આવી રહ્યો છે. સતત ચોથા દિવસે પણ કોરોના સંક્રમિત નવા દર્દીઓની સંખ્યા ૩૦૦૦ની પાર રહી. નવા કેસ સામે આવ્યા બાદ દેશમાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા ૬૦ હજારને પાર થઈ ગઈ છે. નોંધનીય છે કે ૩ મે સુધી કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા ૪૦ હજારની આસપાસ હતી. જ્યારે માત્ર ૬ દિવસની અંદર જ આ આંકડો ૬૦ હજારને પાર પહોંચી ગયો. સૌથી ખરાબ સ્તિતિ મહારાષ્ટ્રની છે. જ્યાં હવે કેસ ચાર ડિજીટમાં મળવા લાગ્યા છે. આપને જણાવી દઈએ કે હવે આખા દેશમાં લોકડાઉન જે ૧૭મી મે સુધી છે.

કોરોના વાયરસથી અત્યાર સુધી ૨૦૦૦ લોકો જીવ ગુમાવી ચૂકયા છે. શનિવારના રોજ મૃતકોની સંખ્યા અત્યાર સુધીની સૌથી મોટી સંખ્યા હતા. શનિવારે કુલ ૩૧૭૧ નવા કેસ સામે આવ્યા હતા. ત્યારબાદ કોરોના વાયરસના કુલ કેસની સંખ્યા ૬૨૯૧૫ થઈ ગઈ છે. જો કે ગ્રોથ રેટ ઘટવાનો શરૂ થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકની વાત કરીએ તો ભારતમાં ૧૧૩ લોકોનાં મોત કોરોના સંક્રમણના કારણે થયા છે.

મહારાષ્ટ્રમાં ફરી એકવાર કોરોના વાયરસથી મરનારા લોકોની સંખ્યામાં વધારો નોંધાયો છે. મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૮ લોકોનાં મોતના મામલા સામે આવ્યા જેમાંથી ૨૭ માત્ર મુંબઈમાં હતા. શનિવારે થયેલા કોરોના દર્દીઓના મોતમાં ૪૨ ટકા મોત એકલા મહારાષ્ટ્રમાં થયા છે.

ગુજરાતની સ્થિતિ પણ ઘણી ખરાબ દેખાઈ રહી છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૩ લોકોનાં મોત થયા છે જ્યારે ૩૯૪ નવા કેસ સામે આવ્યા છે. નવા કેસ મળ્યા બાદ ગુજરાતમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૭૭૯૭ થઈ ગઈ છે.

નોંધનીય છે કે, મહારાષ્ટ્ર બાદ ગુજરાતમાં કોરોનાથી મરનારા લોકોની સંખ્યા બીજા નંબરે છે. અહીં અત્યાર સુધી ૪૭૨ લોકોએ કોરોનાને કારણે જીવ ગુમાવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં માત્ર અમદાવાદમાં ૨૮૦ નવા કેસ નોંધાયા છે અને ૨૦ લોકોનાં મોત થયા છે.

લોકડાઉન બાદ ઉદ્યોગો શરૂ કરવા ગૃહમંત્રાલયે દિશા-નિર્દેશ જાહેર કર્યા

યુનિટને ફરીથી શરૂ કરતી વખતે પહેલા સપ્તાહને ટ્રાયલ કે ટેસ્ટ રન પીરિયડ માનવામાં આવે

ન્યુ દિલ્હી

કોરોના વાયરસના કારણે હાલ દેશમાં લોકડાઉન ચાલી રહ્યું છે. લોકડાઉનનો ત્રીજો તબક્કો ૧૭ મેના રોજ પૂરો થશે. આ પહેલા આજે કેન્દ્રીય ગૃહ મંત્રાલયે મેન્યુફેક્ચરિંગ ઈન્ડસ્ટ્રીઝને ફરીથી શરૂ કરવા માટે દિશા નિર્દેશ જાહેર કર્યા છે.

ગૃહ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા દિશા નિર્દેશમાં કહેવામાં આવ્યું છે, ઉદ્યોગો ફરીથી શરૂ કરતી વખતે પ્રથમ સપ્તાહને ટ્રાયલ તરીકે જોવામાં આવશે. આ દરમિયાન તમામ પ્રકારની સુરક્ષા અને પ્રોટોકોલનું પાલન કરવું પડશે. થોડા સમય માટે ઉત્પાદનનો વધારે લક્ષ્યાંક હાંસલ કરવાનો પ્રયત્ન ન કરવામાં આવે તેમ પણ કહેવામાં આવ્યું છે.

તમામ મશીનોને સમયાંતરે સેફ્ટી નોર્મ્સ પ્રમાણે નિરીક્ષણ કરવામાં આવશે. જે ફેક્ટરીમાં કોઈ ટેકનીકલી સમસ્યા હોય તો જિલ્લા મેજિસ્ટ્રેટનો સંપર્ક કરવો પડશે. વિશેષ ઉદ્યોગો માટેના દિશા નિર્દેશમાં જણાવવામાં આવ્યું છે કે, લોકડાઉન

અનુસંધાન પાના નં. ૭

તમામ મજૂર કેરીથી ભરેલા ટ્રકમાં બેસીને આગ્રા જઈ રહ્યા હતા

મધ્ય પ્રદેશના નરસિંહપુરમાં ટ્રક પલટી જતા ૫ મજૂરોના મોત, ૧૧ ઈજાગ્રસ્ત

જબલપુર

મધ્ય પ્રદેશના નરસિંહપુરના એક ગામમાં કાલે રાત્રે એક ટ્રક પલટી જતા પાંચ મજૂરના મોત થયા છે. આ ઉપરાંત ૧૧ મજૂર ઈજાગ્રસ્ત થયા છે તેમાંથી બેની સ્થિતિ ગંભીર છે. ટ્રકમાં બે ડ્રાઈવર અને એક કન્ડેક્ટર સહિત કુલ ૧૮ લોકો સવાર હતા. જેમાંથી ૧૫ હૈદરાબાદમાં મજૂરી કરતા હતા. તમામ મજૂર કેરીથી ભરેલા ટ્રકમાં બેસીને આગ્રા જઈ રહ્યા હતા.

નરસિંહ પુર જિલ્લા કલેક્ટર દીપક સક્સેનાએ જણાવ્યું કે, કેરીથી ભરેલા ટ્રકમાં ૧૮ લોકો સવાર હતા. નરસિંહપુરમાં પાઠા ગામની પાસે ટ્રક પલટી જતા પાંચ લોકોના મોત થઈ ગયા હતા. ત્યાંજ ૧૧ લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

સિવિલ સર્જન અનીતા અગ્રવાલના જણાવ્યા મુજબ, ગંભીર રીતે ઘાયલ થયેલા બે લોકોને જબલપુર રેફર કરાયા છે. જેમાંથી એક માથામાં ગંભીર ઈજા થઈ છે અને બીજાને ફેક્ચર થયું છે. અન્ય ઈજાગ્રસ્તોની હાલત સ્થિર છે. એક મજૂરને શરદી, ખાંસી અને તાવ છે. જેને ધ્યાનમાં રાખીને પાંચ મૃતકો સહિત તમામ ૧૮ લોકોનું સેમ્પલ લેવામાં આવ્યું છે. કોરોનાનો ટેસ્ટ કરવામાં આવશે.

કોરોના સંકટને કારણે દેશવ્યાપી લોકડાઉનનો સૌથી મોટો પ્રભાવ ફક્ત કામદારો પર જોવા મળી રહ્યો છે. કામ કર્યા વગર મજૂરોનું જીવવું મુશ્કેલ બની ગયું છે, તેથી આ પરપ્રાંતિય મજૂરો સેંકડો કિલોમીટરનો પ્રવાસ કરી રહ્યા છે આવી જ એક ઘટના શુક્રવારે બની હતી. જ્યારે મહારાષ્ટ્રનાં કેટલાક મજૂરો મધ્યપ્રદેશ તરફ પગપાળા પ્રવાસ કરી રહ્યા હતા. કામદારો પાટા પર ચાલતા જતા ત્યાં સૂઈ ગયા હતા. જ્યાં એક માલગાડીએ તેમને કચડી નાખ્યા હતા.

આજની પરિસ્થિમાં આપની આવક વધારવા અને આપની તંદુરસ્તી માટે નીચેની લિંક ખોલી જુઓ

સામાન્ય માણસ જ્યારે કોરોનાની મહામારી અને મંદીનો સામનો કરી રહ્યું છે ત્યારે ૧૬ વર્ષ જુના જંગ એ ગુજરાત અખબાર ગ્રુપનું નવું નજરાણું

MARKET4U(OPC) PRIVATE LIMITED

જેમાં જુદા જુદા બે પ્લેટફોર્મ ની લિંક અત્રે પ્રસ્તુત છે જે લિંક ખોલી આપ વિગત સમજી શકશો ન સમજાય તો અમારા 9904733000 અને 9978406257 પર કોલ કરી શકો છો.

www.market4u.in

જ્યાં આપ પોતાની જાહેરાત અને જરૂરિયાં માત્ર રૂપિયા ૫૫૦/- માં ૬ મહિના સુધી કરી ખૂબ પ્રસિદ્ધિ કરી કમાઈ શકશો

www.connectindians.in

જ્યાં આપ જોડાયબદ અન્યને market4u ની વિગત સમજાવી અન્ય ને જોડશો તો મહેનત મુજબ ખુબ કમાઈ શકશો તદુપરાંત અમે લાવ્યા છીયે આપના સ્વસ્થ્ય માટે જરૂરી નેગેટિવ આયન્સ રિસ્ટબેન્ડ જે આપને માટે હાલના સમયમાં ખુબજ જરૂરી છે નેગેટિવ આયન એટલે શું? શામાટે આપણા સ્વસ્થ જીવન માટે જરૂરી છે? ક્યાંથી મેળવી શકશો આપ?

9978406257

http://www.jungegujarat.in/negative-ion/

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

ગુજરાતના તમામ સ્થળે ટીમ લીડર નીમવાના છે

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ (રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં સભ્ય બની તમારા વિસ્તારમાં અન્યોને મદદરૂપ થાઓ. શુ આપ સહેલાઈથી ઓછો મહેનતે ઘર ચલાવવા કે બચત કરવા માંગો છો? શુ આપ અભ્યાસ સાથે સ્વનિર્ભર બનવા માંગો છો તો આજે જ સંપર્ક કરો

7574888861

(ટ્રસ્ટની સભ્ય ફી માત્ર ૧૦૦ રૂપિયા રહેશે. જોડાવા માટે આધાર કાર્ડ પાન કાર્ડ જરૂરી રહેશે. વાર્ષિક સામાન્ય સભ્યનું ઈ ઓળખ પત્ર મળશે)

-:: ફી મોકલવાની ડિટેલ ::-

Phone pay 7574888859 • Act No. 33586780623
State Bank of India • Ifsc code SBIN0009164
Pritam nagar Branch, Bharuch 392002

ઘટનામાં બંને સેનાના જવાનોને સામાન્ય ઈજા પહોંચી

સિક્કિમ સરહદ પર ભારત અને ચીનના જવાનો વચ્ચે ઘર્ષણ

ન્યુ દિલ્હી

સિક્કિમને અડીને આવેલી સરહદ પર ભારત અને ચીનના સૈનિકોની વચ્ચે ઝપાઝપી થયાના સમાચાર છે. ભારતીય સેનાના સૂત્રોએ કહ્યું કે નોર્થ સિક્કિમ વિસ્તારમાં ભારત અને ચીનના સૈનિકો વચ્ચે ઝઘડો થયો છે. બંનેની તરફથી ભારે તણાવ અને બોલાચાલી થઈ છે. આ ઘટનામાં બંને બાજુના સૈનિકોને મામૂલી ઈજા પણ પહોંચી છે. સેનાના સૂત્રોએ કહ્યું કે સરહદ વિવાદના લીધે સૈનિકોની વચ્ચે આવા નાના-મોટા વિવાદ થતા રહે છે. સૂત્રોનું માનીએ તો લાંબા સમય બાદ નોર્થ સિક્કિમ વિસ્તારમાં ભારત અને ચીનના સૈનિકોની વચ્ચે આવો તણાવ જોવા મળ્યો છે. જ્યારે પણ આવો કોઈ વિવાદ થાય છે તો નક્કી પ્રોટોકોલના મતે બંને સેનાઓ તેને ઉકેલી લે છે.

આની પહેલાં ૨૦૧૭મા બંને દેશોની વચ્ચે સિક્કિમ વિસ્તારમાં ભીષણ તણાવ જોવા મળ્યો હતો. ત્યારે આ એટલો વધી ગયો હતો કે ભારતના ટોચના સૈન્ય ઓફિસરોએ કેટલાંય દિવસ સુધી આ વિસ્તારમાં કેમ્પિંગ કર્યું. આ અધિકારીઓમાં ૧૭મા ડિવિઝનના જનરલ ઓફિસર કમાંન્ડિંગ પણ સામેલ હતા. બંને દેશોના સૈનિકોની વચ્ચે ધક્કામુક્કીની ઘટના બાદ વિદેશ મંત્રાલય અને દિલ્હી સ્થિત સૈન્ય હેડક્વાર્ટર સુધી હલચલ રહી.

વાત એમ છે કે ચીના સેના આ વિસ્તારમાં રસ્તો બનાવાનું કામ કરવાની કોશિષ કરી રહ્યું છે. ચીન પહેલાં જ સામરિક દ્રષ્ટિથી ખૂબ જ અગત્યના મનાતા ચુંબી ઘાટી વિસ્તારમાં રસ્તો બનાવી ચૂક્યું છે. જેનું તે વધુ વિસ્તારણ કરવાની કોશિષ કરી રહ્યું છે. આ રસ્તો ભારતના સિલિગુડી કોરિડોર કે કથિત 'ચિકન નેક' વિસ્તારથી અંદાજે પાંચ કિલોમીટર દૂર છે. આ સિલિગુડી કોરિડોરથી ભારતને નોર્થ ઈસ્ટના રાજ્યો સાથે જોડે છે.

તેના લીધે ભારતીય સૈનિકો અને ચીની સેનાની વચ્ચે મોટાભાગે ટકરાવ થતો રહે છે. ૨૦૧૭ની સાલમાં પણ ટકરાવની એવી સ્થિતિ સર્જાઈ હતી કે જવાનોને વિવાદાસ્પદ વિસ્તારમાં નિર્માણ કાર્ય કરતા ભારતીય સેનાને રોકી દીધી હતી.

૨૦ એપ્રિલ અગાઉ તેમણે ચીનથી કાર્ગો ફ્લાઈટનું સંચાલન કર્યું હતું

એર ઈન્ડિયાના પાંચ પાઈલટ્સનો કોરોના ટેસ્ટ પોઝિટિવ

ન્યુ દિલ્હી

વંદે ભારત મિશન હેઠળ એર ઈન્ડિયા દ્વારા વિદેશમાં ફસાયેલા ભારતીયોને વતન પરત લાવવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી છે ત્યારે એર ઈન્ડિયાના પાંચ પાઈલટ્સનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવતા ખળભળાટ મચી ગયો છે. પ્રાપ્ત વિગતો મુજબ એર ઈન્ડિયા હાલમાં વિદેશમાંથી ભારતીયોને વતન લાવવા ફ્લાઈટનું સંચાલન કરી રહી છે. તેઓ પ્રોટોકોલ મુજબ ફ્લાઈટની ઉડાન પહેલા તમામ પાઈલટ્સના કોરોના ટેસ્ટ પણ કરાવી રહી છે. સૂત્રોના મતે રવિવારે એર ઈન્ડિયાના પાંચ પાઈલટ્સના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા. જો કે આ અંગે એર ઈન્ડિયા પ્રવક્તાએ કોઈ જ માહિતી આપી નથી.

સૂત્રોના મતે પાઈલટ્સના કોરોના ટેસ્ટ રિપોર્ટ પોઝિટિવ આવ્યા તેની પાછળ ખામીયુક્ત ટેસ્ટ કિટ પણ જવાબદાર હોવાની સંભાવના છે. આ પાંચેય પાઈલટ્સ બોઈંગ્સ ૭૮૭ પ્લેનનું સંચાલન કરે છે. એર ઈન્ડિયા તરફથી સત્તાવાર કોઈ માહિતી જાહેર કરવામાં આવી નથી. એરલાઈનના એક વરિષ્ઠ અધિકારીએ નામ નહીં આપવાની શરત કહ્યું હતું કે આ પાંચેય પાઈલટ્સે છેલ્લા ત્રણ સપ્તાહથી એકપણ ફ્લાઈટનું સંચાલન કર્યું નથી. છેલ્લે ૨૦ એપ્રિલ પહેલા તેમણે ચીનથી કાર્ગો ફ્લાઈટ્સનું સંચાલન કર્યું હતું.

એર ઈન્ડિયાના તમામ પાંચેય પાઈલટ્સને લક્ષણો વગરનો (એસિમ્પ્ટોમેટિક) કોરોના હોવાનું જણાયું છે. એર ઈન્ડિયા ફ્લાઈટ ડ્યુટીના ૭૨ કલાક પહેલા તમામ પાઈલટ્સના કોરોના ટેસ્ટ કરે છે જેને પગલે મુંબઈના પાંચ પાઈલટ્સને કોરોના થયો હોવાનું જણાયું હતું.

સત્તા પક્ષ-વિપક્ષ માટે ક્રૉસ વોટિંગનું જોખમ વધ્યુ

ઉદ્ધવની મુશ્કેલીમાં વધારોઃ વિધાન પરિષદ ચૂંટણીમાં કોંગ્રેસે બે ઉમેદવાર ઉતાર્યા

મુંબઈ

કોંગ્રેસે મહારાષ્ટ્ર વિધાન પરિષદ ચૂંટણી માટે પોતાના બે ઉમેદવારોને મેદાનમાં ઉતાારીને મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેની મુશ્કેલી વધારી દીધી છે. આ ચૂંટણીમાં શિવસેનાએ ઉદ્ધવ ઠાકરે અને વર્તમાન મહારાષ્ટ્રના વિધાનસભા ઉપાધ્યક્ષ નીલમ ગોરેને મેદાનમાં ઉતાર્યા છે. જ્યારે એનસીપી પણ બે બેઠકો પર પોતાના ઉમેદવારો ઉતારવાની તૈયારી કરી રહ્યું છે.

આ તરફ ભારતીય જનતા પાર્ટીએ વિધાન પરિષદ ચૂંટણી માટે પ્રવીણ દદકે, ગોપીચંદ પડલકર, અજિત ગોપછડે અને રણજીત સિંહ પાટિલને ઉમેદવાર બનાવ્યા છે. શિવસેના, કોંગ્રેસ અને એનસીપીનું મહાવિકાસ અઘાડી ગઠબંધન હાલ મહારાષ્ટ્રની સત્તા સંભાળી રહ્યું છે. જો ચૂંટણીમાં એનસીપી પણ પોતાના બે ઉમેદવારો ઉતારે તો ચૂંટણી મેદાનમાં ૯ વિધાન પરિષદ બેઠકો માટે ૧૦ ઉમેદવારો થશે જેથી ઉદ્ધવ ઠાકરેના કોઈ પણ જાતના વિરોધ વગર ચૂંટાઈ આવવાના અરમાનો પર પાણી ફરી વળશે.

મહારાષ્ટ્રમાં આગામી ૨૧મી મેના રોજ ૯ વિધાન પરિષદ બેઠકો માટે ચૂંટણી યોજાવા જઈ રહી છે. આ ચૂંટણી માટે મહારાષ્ટ્ર વિધાનસભાના ૨૮૮ સદસ્યો મત આપવાનું કામ કરશે. ઉદ્ધવ ઠાકરેએ ગત ૨૮મી નવેમ્બરના રોજ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કર્યા હતા. તેમણે શિવસેના, એસીપી અને કોંગ્રેસના મહાવિકાસ અઘાડી ગઠબંધનના પ્રમુખ તરીકે મુખ્યમંત્રી પદના શપથ ગ્રહણ કર્યા હતા. બંધારણ પ્રમાણે વિધાન મંડળની સદસ્ય ન હોય તેવી વ્યક્તિ મુખ્યમંત્રી પદના શપથ ગ્રહણ કરે તો તેણે છ મહીનાની અંદર વિધાન મંડળના કોઈ પણ કે સદનની સદસ્યતા લેવી પડે અને એમાં અસફળતા મળે તો મુખ્યમંત્રીની ખુરશી ગુમાવવી પડે. એમએલસીની ચૂંટણી ગુપ્ત મતદાનથી થાય છે અને તેમાં ક્રોસ વોટિંગની શક્યતા વધી જાય છે. મહારાષ્ટ્રમાં સત્તા પક્ષ અને વિપક્ષ બંને ક્રોસ વોટિંગનું જોખમ લેવા તૈયાર નથી. આવું ત્યારે જ શક્ય બને જ્યારે કોંગ્રેસ અને એનસીપીમાંથી કોઈ એક પાર્ટી એક બેઠક પર ચૂંટણી લડવા રાજી થાય.

સીડીએસએ હથિયારોની આયાત બંધ કરવા કહ્યું

સેના વિદેશી હથિયારોને બદલે મેક ઈન ઈન્ડિયા પર વધુ ધ્યાન આપેઃ બિપિન રાવત

ન્યુ દિલ્હી

ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ) જનરલ બિપિન રાવતે સેનાઓને આયાત ઘટાડવાની સલાહ આપી છે. તેમણે વિદેશી હથિયારો અને અન્ય સુરક્ષા ઉપકરણો ખરીદવાને બદલે 'મેક ઈન ઈન્ડિયા' પર ધ્યાન આપવા જણાવ્યું હતું.

વધુમાં સેનાઓ અમેરિકા કે અન્ય દેશોને જોઈને નહીં પરંતુ પોતાની જરૂરિયાતના હિસાબથી વસ્તુઓ નક્કી કરે તે જરૂરી છે તેમ પણ કહ્યું હતું. આ રીતે જનરલ રાવતે હથિયારોની ખરીદીમાં ખર્ચાતા રૂપિયાને યોગ્ય રીતે મેનેજ કરીને ભારત પોતાની ડિફેન્સ ઈન્ડસ્ટ્રી તૈયાર કરી શકે છે તેવો ઈશારો કર્યો હતો.

જનરલ રાવતના કહેવા પ્રમાણે આપણે ફક્ત આપણી સરહદોનું રક્ષણ કરીને ત્યાં જ લડવાનું છે, બીજા દેશોની સેનાની જેમ સમગ્ર વિશ્વમાં તૈનાત થવાનું નથી. સાથે જ આપણે ભારતીય સમુદ્રી ક્ષેત્રો પર પણ દબદબો જાળવી રાખવાનો છે માટે આપણી જરૂરિયાતની ખોટી છબિનું સર્જન કરવાને બદલે આયાત ઘટાડવી જોઈએ.

ત્રણેય સેનાના પ્રમુખ જનરલ બિપિન રાવતે જણાવ્યું કે, કોરોના વાયરસ મહામારીના કારણે બધા જ લોકો પ્રભાવિત થયા છે. આપણે યથાર્થવાદી બનીને એડજસ્ટ કરવું પડશે. આપણી જરૂરિયાતને સમજીને ઓપરેશનની પ્રાથમિકતાઓ નક્કી કરવી પડશે. હથિયારોની આયાત, તેનો સામાન, જાળવણી વગેરે ખૂબ મોંઘુ થઈ ગયું છે. આમ તેમણે સેનાને વિદેશી હથિયારો પરની નિર્ભરતા ઘટાડવાનો સંકેત કર્યો હતો.

કોરોનાના કારણે દેશની આર્થિક સ્થિતિ નબળી પડી હોવાથી ડિફેન્સ બજેટમાં કાપ મુકાય તેવી શક્યતા છે ત્યારે જનરલ રાવતનું આ નિવેદન ખૂબ મહત્વનું બની જાય છે. ભારત વિશ્વનો બીજા ક્રમે આવતો સૌથી મોટો હથિયાર આયાતકાર દેશ છે જ્યારે હથિયાર માર્કેટમાં ૯.૨ ટકાની ખરીદી સાથે સાઉદી પ્રથમ ક્રમે છે.

મહારાષ્ટ્રમાં ૭૮૬ પોલીસકર્મીઓ કોરોના પોઝિટિવઃ સાતના મોત

મુંબઈ

મહારાષ્ટ્રમાં કોરોના વાયરસનો કેર યથાવત છે. રાજ્યમાં કોરોના પોઝિટિસ કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. પરંતુ રવિવારે મહારાષ્ટ્ર પોલીસે જે આંકડા જાહેર કર્યા છે, તે ચોંકાવનારા છે. રાજ્યમાં અત્યાર સુધી ૭૮૬ પોલીસકર્મિઓ કોરોનાનો શિકાર બન્યા છે. તેમાંથી ૭૬ લોકો સાજા થયા છે તો ૭ના મૃત્યુ પણ થયા છે.

રવિવારે મહારાષ્ટ્ર પોલીસ દ્વારા જારી આંકડા પ્રમાણે, રાજ્યમાં ૨૨ માર્ચ બાદ પોલીસકર્મિઓ પર હુમલાના ૨૦૦ મામલા સામે આવ્યા, જેમાં ૭૩૨ આરોપીઓની અત્યાર સુધી ધરપકડ થઈ ચુકી છે. તો આઈપીસીની કલમ ૧૮૮ હેઠળ રાજ્યોમાં ૧,૦૧, ૩૧૬ કેસ દાખલ કરવામાં આવ્યા છે અને ૬૦૦ લોકોને ક્વોરેન્ટાઈનનો ભંગ કરતા (મુંબઈના આંકડા સામેલ નથી) પકડવામાં આવ્યા છે. કોવિડ-૧૯ સાથે જોડાયેલા મામલાના સંબંધમાં આ દરમિયાન ડાયલ-૧૦૦ પર ૮૭,૮૯૩ કોલ આવ્યા છે. જાણકારી પ્રમાણે, આ દરમિયાન ગેરકાદેસર ટ્રાન્સપોર્ટના ૧૨૯૧ મામલા નોંધાયા અને ૧૯૩૧૫ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ દરમિયાન ૫૫૬૫૦ ગાડીઓ જમ્પ કરવામાં આવી અને ૩,૮૨,૨૭,૭૯૪ રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો છે. ૨૨ માર્ચ બાદ વિભિન્ન હુમલામાં એક હોમગાર્ડ સહિત ૮૦ પોલીસકર્મી ઈજાગ્રસ્ત થયા છે. આ સિવાય રાજ્યમાં આ દરમિયાન ૩૨ સ્વાસ્થ્યકર્મિઓ પર હુમલો થયો છે.

નવા વ્યાજદરો ૧૨મેથી અમલમાં આવશે

સ્ટેટ બેન્કે બે મહિનામાં ત્રીજી વાર એફડીના વ્યાજદર ઘટાડ્યા

ન્યુ દિલ્હી

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ ત્રણ વર્ષ સુધીની મુદતની ફિક્સ્ડ ડિપોઝિટો પરના વ્યાજદરમાં ૨૦ બેઝિસ પોઈન્ટનો ઘટાડો કર્યો છે. આ નવા જીમેં ફિક્સ્ડ ડિપોઝિટો (FD)ના વ્યાજદરો ૧૨ મેથી અમલમાં આવશે. જોકે બેંકે ત્રણથી ૧૦ વર્ષ સુધીની ટર્મ ડિપોઝિટોના વ્યાજદર યથાવત્ રાખ્યા છે. જીમેંએ ત્રણ વર્ષ સુધીની મુદતની રિટેલ ટર્મ ડિપોઝિટો પરના વ્યાજદરમાં ૨૦ બેઝિસ પોઈન્ટનો ઘટાડો કર્યો છે, કેમ કે સિસ્ટમમાં અને બેંકમાં વધારાની લિક્વિડિટી (તરલતા) જળવાઈ રહે. પ્રસ્તાવિત નવા વ્યાજના દર નવી ફિક્સ્ડ ડિપોઝિટો અને પાકતી ડિપોઝિટો પર લાગુ પડશે.

સ્ટેટ બેંકે સિનિયર સિટિઝનો માટે બધી મુદતની ડિપોઝિટો પર વધારાનું ૫૦ બેઝિસ પોઈન્ટ વ્યાજદર ઓફર કરી છે.

સ્ટેટ બેંકે સિનિયર સિટિઝન માટે ઊંચા વ્યાદરવાળી સ્પેશિયલ ફિક્સ્ડ ડિપોઝિટ સ્કીમ 'SBI Wecare Deposit' પણ રજૂ કરી છે. આ યોજના હેઠળ બેંક સિનિયર સિટિઝનોને પાંચ વર્ષ અને એની ઉપરની મુદત માટે વધારાના ૩૦ બેઝિસ પોઈન્ટનો વ્યાજદર ઓફર કરે છે.

બેંકે ૨૮ માર્ચ, ૨૦૨૦એ પણ ફિક્સ્ડ ડિપોઝિટ પરના વ્યાજદરમાં ૨૦-૫૦ બેઝિસ પોઈન્ટનો ઘટાડો કર્યો હતો. આ પહેલાં ૧૦ માર્ચે જ બેંકે ફિક્સ્ડ ડિપોઝિટો પરના વ્યાજદરમાં ઘટાડો કર્યો હતો.

મુંબઈના કાંદિવલી વેસ્ટમાં બિલ્ડિંગનો ભાગ ધરાશાયીઃ ૧૪ લોકોને બચાવાયા

મુંબઈ

મહારાષ્ટ્રના મુંબઈના કાંદિવલી વેસ્ટ વિસ્તારમાં સવારે ૫ કલાકની આસપાસ બિલ્ડિંગનો એક ભાગ ધરાશાયી થયો હતો. આ ઘટનાની સૂચના મળતા એનડીઆરએફની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. તેણે રેસ્ક્યૂ કરીને ૧૪ લોકોને બચાવી લીધા છે. આ ઘટનામાં બે લોકોને ઈજા થઈ છે. એનડીઆરએફની ટીમે ઉપરના માળે ફસાયેલા તમામ ૧૨ લોકો અને ગ્રાઉન્ડ ફ્લોરમાં ફસાયેલા ૨ લોકોને સુરક્ષિત બિલ્ડિંગની બહાર કાઢી લીધા હતા. હાલ અન્ય કોઈ ફસાયેલા વ્યક્તિને બચાવવા માટે સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. અત્યાર સુધી ઈજાગ્રસ્ત ૨ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. રેસ્ક્યૂ માટે ૪ ફાયર એન્જિન, એમ્બ્યુલન્સની સાથે એનડીઆરએફની ટીમ ઘટનાસ્થળ પર હાજર છે. લગભગ સવારે ૬.૧૦ કલાકે ડિઝાસ્ટર કંટ્રોલ રૂપમને સૂચના મળી કે કાંદિવલી વેસ્ટમાં સબરિયા મસ્જિદની પાછળ દીવાલ પડી છે. ત્યારબાદ અંધેરીમાં તૈનાત એનડીઆરએફના ઈન્સ્પેક્ટર સચિન નલવડે પોતાની ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચ્યા અને ઓપરેશન શરૂ કર્યું હતું.

હવે માત્ર છાતીનો એક્સ-રે જોઈ ખબર પડશે દર્દી કોરોના સંક્રમિત છે કે નહી

લખનઉ

દેશમાં ફેલાયેલા કોરોના વાયરસ મહામારીને પહોંચી વળવા તમામ લોકો એકજૂથ થયા છે. બધા તેમની ક્ષમતા પ્રમાણે કોરોના સામેની લડતમાં યોગદાન આપી રહ્યા છે. આ કડીમાં લખનઉના કેજીએમયૂ અને અબ્દુલ કલામ ટેકનિકલ યુનિવર્સિટીએ મળીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના લીધે એક પ્રોગ્રામ તૈયાર કર્યો છે. જેના દ્વારા માત્ર છાતી અથવા છાતીનો એક્સ-રે જોઈને ખબર પડી જશે કે દર્દી કોરોનાથી સંક્રમિત છે કે નહીં.

ઉત્તર પ્રદેશની સૌથી મોટી હોસ્પિટલ કેજીએમયૂએ રાજયના તમામ જિલ્લાઓમાંથી કોવિડ દર્દીઓની છાતીના એક્સ-રે મંગાવીને તેના પર કામ શરૂ કર્યું છે, જે ટૂંક સમયમાં ક્લિનિકલ ટ્રાયલ્સમાં જશે. લખનૌની કેજીએમયૂએ એક પ્રેસ કોન્ફરન્સમાં આ અંગે માહિતી આપી છે.

પ્રેસ કોન્ફરન્સમાં કહેવામાં આવ્યું હતું કે ચીન અને અમેરિકા પછી કેજીએમયુ ટૂંક સમયમાં જ એક્સ-રે જોઈને કોવિડ દર્દીઓની ઓળખ કરશે. એક્સ-રેથી ફક્ત કોવિડના દર્દીઓની જ ખબર પડશે નહીં પરંતુ ફેફસાના ચેપથી દર્દી ક્યારે અને કેટલા સમયમાં સ્વસ્થ થઈ શકે છે તે પણ જાણી શકાશે.

આપને જણાવી દઈએ કે ચીનમાં રેપિડ ટેસ્ટ ઓછા થઈ રહ્યા હતા તો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની આ પદ્ધતિ કારગર સાબિત થઈ હતી. આ મોડેલમાં યુ.એસ., યુ.કે., ચીન અને અન્ય કેટલાક દેશો પણ કોવિડ -૧૯ દર્દીઓની ઓળખ કરવાનું કામ કરી રહ્યા છે. હવે તેની શરૂઆત ભારતમાં કેજીએમયુમાં શરૂ થવા જઈ રહી છે.

કોરોના વાયરસને કારણે સર્જાયેલી સ્થિતિ માટે ટ્રમ્પ જવાબદારઃ ઓબામા

વૉશિંગ્ટન

અમેરિકામાં હાલ કોરોના વાયરસથી ઝઝૂમી રહ્યું છે. પ્રત્યેક દિવસે હજારો લોકો કોરોનાને કારણે પોતાના જીવ ગુમાવી રહ્યા છે. અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ દેશમાં કોરોનાની સ્થિતિ અંગે વર્તમાન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને જવાબદાર ગણાવ્યા છે. બરાક ઓબામાએ કોરોનાની વિરુદ્ધ અમેરિકાની સરકારના વલણને 'અરાજક આપદા' ગણાવ્યું છે.

સામાન્ય રીતે બરાક ઓબામાં ડોલાન્ડ ટ્રમ્પની વિરુદ્ધ કોઈ રાજકીય ટિપ્પણી કરતા નથી. ડોલાન્ડ ટ્રમ્પે અનેક વખત ઓબામા પર પ્રહારો કર્યા છે તેમ છતાં તેમણે તેનો કોઈ જવાબ આપ્યો નથી. કોરોના સામેની લડાઈમાં જરૂરી વસ્તુઓની સપ્લાઈની માટે પણ ડોનાલ્ડ ટ્રમ્પે બરાક ઓબામા અને તેમના કાર્યકાળને દોષિ ગણાવ્યા હતા.

મીડિયા રિપોર્ટ મુજબ, બરાક ઓબામાએ શુક્રવારે ઓબામા એલુમીનાઈ એસોસિએશનના ૩૦૦૦ લોકોની સાથે વાતચીત કરી જેમણે ઓબામાના કાર્યકાળમાં કામ કર્યું હતું. આ મીટિંગ ઓબામાએ લોકોને અપીલ કરી હતી કે તેઓ રાષ્ટ્રપતિ ચૂંટણીમાં ડેમોક્રેટ સંભવિત ઉમેદવાર જો બિડનનો સાથે આપે. ઓબામાએ જણાવ્યું કે, આગામી ચૂંટણી દરેક સ્તરે મહત્વની હશે કેમકે આપણે માત્ર એક વ્યક્તિ કે રાજકીય પાર્ટી સામે નથી લડી રહ્યા. આપણે લાંબા સમય સુધી સ્વાર્થી હોવા, એકબીજાને દુશ્મનની જેમ જોવા અને અરાજક હોવાના ટ્રેન્ડ સામે લડી રહ્યા છે.

ઓબામાએ વધુમાં જણાવ્યું કે, આ જ કારણ છે કે આ વૈશ્વિક મહામારીની વિરુદ્ધ આપણો જવાબ એટલો નિરાશાજનક અને ઠંડો છે. બાકીના લોકો સાથે જે થવું હોય તે થાય તેવી માનસિકતાને કારણે અરાજક આપદાની સ્થિતિ પેદા થઈ છે.

કોરોનાની વેક્સિન બનાવવાની દિશામાં ભારતની આગેકૂચ, જાનવરો પર થશે ટ્રાયલ

ન્યુ દિલ્હી

સમગ્ર વિશ્વમાં કોરોનાના કારણે હાહાકાર મચેલો છે અને ભારતમાં પણ કોરોનાના દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે આ બધા વચ્ચે ભારતે કોરોના વાયરસની વેક્સિન શોધવા મામલે એક મહત્વનું પગલું ભર્યું છે. ઉલ્લેખનીય છે કે, કોરોના વાયરસના ખાત્મા માટે સમગ્ર વિશ્વમાં વેક્સિન શોધાઈ રહી છે અને ઈટાલી-ઈઝરાયલ જેવા દેશો કોવિડ-૧૯ની વેક્સિન બનાવવાનો દાવો કરી ચુક્યા છે.

ત્યારે હવે ભારત પણ કોરોના વાયરસની વેક્સિન બનાવવાની દિશામાં આગળ વધ્યું છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓઉ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર) એ ભારત બાયોટેક ઈન્ટરનેશનલ લિમિટેડ સાથે મળીને દેશમાં જ કોવિડ-૧૯ માટેની વેક્સિન તૈયાર કરવાની દિશામાં કામ ચાલુ કર્યું છે.

બંને સાથે મળીને ભારતમાં જ કોરોના માટેની વેક્સિન તૈયાર થાય તે માટેના પ્રયત્નો કરી રહ્યા છે. કોરોના વાયરસની વેક્સિન તૈયાર કરવા માટે પુણે ખાતેની લેબથી વાયરસ સ્ટ્રેનને ભારત બાયોટેક મોકલી આપવામાં આવ્યા છે. જાણવા મળ્યા મુજબ જો વેક્સિન તૈયાર થઈ જશે તો સૌ પ્રથમ જાનવરો પર તેની ટ્રાયલ કરવામાં આવશે અને જાનવરો પરની ટ્રાયલ સફળ થયા બાદ તેનું હ્યુમન ટ્રાયલ શરૂ કરાશે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડો. હર્ષવર્ધને જણાવ્યું કે, "વેક્સીનથી લઈને ડ્રગ્સનું સંશોધન, આયુષની દવાઓને સમર્થન વગેરે મામલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે જ નેતૃત્વ કરી રહ્યા છે.

ઓપરેશન સમુદ્ર સેતુ

માલદીવમાં ફસાયેલા ૬૯૮ ભારતીયોને લઈ આઈએનએસ જલાશ્વ કોચ્ચિ પહોંચ્યુ

કોચ્ચિ

કોરોના વાયરસની મહામારીનાં કારણે વિશ્વભરમાં ફસાયેલા ભારતીયોને વતન પરત લાવવા માટે કેન્દ્ર સરકારે વંદે ભારત મિશન અને ઓપરેશન સમુદ્ર સેતું હાથ ધરવામાં આવ્યું છે. જેથી ભારતીય નાગરીકોને વતન પરત લાવી શકાય. ત્યારે INS જલાશ્વ દ્વારા માલદીવમાં ફસાયેલા લોકોને કોચ્ચી લાવવામાં આવ્યા. અહીં કોરોનાના કારણે ૬૯૮ લોકો ફસાયા હતા. જેમને સલામત રીતે વતન લાવવામાં આવ્યા. સ્વદેશ આવેલા તમામ લોકોની મેડિકલ તપાસ કરવામાં આવી રહી છે. અને આ તમામ લોકોને ક્વોરન્ટીન પણ કરવામાં આવશે. મહત્વપૂર્ણ છે કે, વંદે ભારત મિશનની જેમ સમુદ્ર સેતુ મિશન શરૂ કરવામાં આવ્યુ છે. આ મિશન હેઠળ નેવી દ્વારા લોકોને ભારત લાવવામાં આવી રહ્યા છે.

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જેજે ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા 300/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ડ્રો 31st ડિસેમ્બર

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૨૦૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૩૦૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૩૦૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 200
INCOME ILLUSTRATION OF 1 X 5 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	5	20	100	5	95
2	25	10	250	13	238
3	125	5	625	31	594
4	625	5	3125	156	2969
5	3125	5	15625	781	14844
6	15625	5	78125	3906	74219
7	78125	5	390625	19531	371094
8	390625	5	1953125	97656	1855469
TOTAL EARNING :					2319520

Note : This illustration is based on assumption that every Member makes 5 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો રૂા. ૧૫૦૦ની MRPનું નેગેટીવ આયર્ન બ્રેસલેટ ફ્રી ગીફ્ટમાં મળશે

★ **સિલ્વર ડાયરેક્ટર:** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૩૦૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ www.connectindians.in વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી 99999999 Dhananjay આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી લેખ

મહત્વપૂર્ણ સમજુતી

ભારત અને અમેરિકા વચ્ચે લેમોઆ (લોજિસ્ટિક એક્સચેંજ મેમોરેન્ડમ ઓફ એગ્રીમેન્ટ) સમજુતી ખુબ મહત્વપૂર્ણ છે. ચીનનુ વલણ ખુબ કઠોર બની રહ્યુ છે પરંતુ એવુ નથી કે ભારતને ડરીને આ સમજુતી કરવાની ફરજ પડી હતી. અમને અમારી સરહદી રેખાની બહાર પણ સુરક્ષા વધારી દેવાની જરૂરીયાત દેખાઇ રહી છે. સરહદની બહારની ગતિવિધી પર નજર રાખવાની પણ જરૂર દેખાઇ રહી છે. આ સમજુતીથી હિન્દ મહાસાગરમાં ભારતની સંચાલન શક્તિ અને સ્થાયિત્વમાં સતત વધારો થશે. કેટલીક બાબતોને ધ્યાનમાં લઇને અમેરિકા ભારત સાથે લેમોઆ સમજુતી કરવામાં આગળ આવ્યુ છે. ભારત પણ પોતાની તાકાત પર હિન્દ મહાસાગર અને દક્ષિણ ચીન દરિયામાં સુરક્ષા કરી શકે તેવી સ્થિતીમાં નથી. ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધ હાલમાં ખુબ સારા છે. વિશ્વાસનિર્માણના સતત પગલા લેવાઇ રહ્યા છે. આવી સ્થિતીમાં આ સમજુતી બન્ને દેશોના વ્યાપક હિતમાં છે. આના મારફતે ખાસ કરીને લોજિસ્ટિક સપોર્ટ, પુરવઠા, ખાદ્ય સામગ્રી, જવાનો માટે રોકાવવાની જગ્યા, પરિવહન, સંચાર, આરોગ્ય સેવા, હથિયારોના સ્પેયર પાર્ટ, હથિયારોની રિપેરિંગ અને બંદર જેવી સુવિધાના લાભ એકબીજાને મળે તે જરૂરી છે. આ સમજુતી આના માટે જ કરવામાં આવી છે. બન્ને દેશો એકબીજાના બેઝનો ઉપયોગ પણ કુદરતી હોનારત અને માનવ રાહત કામગીરી માટે કરી શકશે. સંયુક્ત લશ્કરી કવાયત કરી શકશે. આ સમજુતીથી એકરીતે ચીનને સ્પષ્ટ સંદેશો મળી જશે કે ભારત ચીનની વધતી હિલચાલને જોઇને શાંત બેસનાર દેશ નથી. હકીકત એ પણ છે કે ચીને સબમરીન પર જંગી રકમ ખર્ચ કરી છે. જો અમેરિકા અને ભારતના દક્ષિણ ચીન સાગરમાં જહાજ જશે તો તેમની સુરક્ષા માટે સંરક્ષણ જહાજો પણ મોકલી દેવાની પડશે. જેથી બન્ને નેવી ઓછા ખર્ચે કામ પાર પાડી શકશે. સમજુતીની ગેરહાજરીમાં ભારત અનેઅમેરિકાને ક્રુજર, ડેસ્ટ્રોયર અને એન્ટી સબમરીન મોકલવાની જરૂર પડી હોત. જેથી ખર્ચ વધારે થાય છે. ભારતને વિકટ પરિસ્થિતીમાં અમેરિકાનો સાથ લેવામાં કોઇ તકલીફ નથી. તાત્કાલિક રીતે ચીનનો સામનો કરવા માટે આ સમજુતી ઉપયોગી સાબિત થશે. આ સમજુતીના કારણો એકમાત્ર ચીન જ નથી. અન્ય કેટલાક કારણો રહેલા છે. અમને માત્ર અમેરિકા પર જ ધ્યાન રાખવુ જોઇએ નહી. કેટલાક અન્ય દેશોમાં પણ દરિયામાં હિત છે. હાલમાં ભારતની સંરક્ષણ ખરીદી અમેરિકા સાથે વધી છે. ભારત અને અમેરિકા ચીન સાથે યુદ્ધ લડવા માંગતા નથી પરંતુ આવી સમજુતીને બ્લેક એન્ડ વ્હાઇટમાં જોવાની જરૂર નથી. ભારત અને અમેરિકા વચ્ચે જે ડિફેન્સ સમજૂતિ ઉપર હસ્તાક્ષર થયા છે તેના સીધા લાભ બંને દેશોને થનાર છે. લોજિસ્ટિક્સ એક્સચેંજ મેમોરેન્ડમ ઓફ એગ્રીમેન્ટ હેઠળ બંને દેશો એકબીજાની લશ્કરી સુવિધાઓનો ઉપયોગ કરી શકશે. અમેરિકી જેટ અને યુદ્ધ જહાજો ભારતીય બેઝનો ઉપયોગ કરી શકશે. લોજિસ્ટિક સમજૂતિ હેઠળ બંને દેશ એકબીજાના સપ્લાય, સ્પેરપાર્ટ્સ, ફ્યુઅલનો ઉપયોગ કરી શકશે. અમેરિકી સુરક્ષા દળ ભારતના બેઝનો ઉપયોગ કરી શકશે. ભારત પણ સમગ્ર દુનિયામાં અમેરિકાના બેઝનો ઉપયોગ કરી શકશે.

પ્રવર્તમાનના સંજોગોમાં સમજુતીને ચીનના કાઉન્ટર તરીકે ચોક્કસપણે ગણી શકાય

સિક્કિમ સરહદ : ભારતને બેકફુટ પર લઇ જવાની ડ્રેગનની ચાલ

સરહદે ટેન્શન રાખવાની ચીની ચાલ



ભારતને દક્ષિણ એશિયામાં કઈ રીતે કાઉન્ટર બેલેન્સ કરવામાં આવે તેવા પ્રયોગ ચીન કરે છે : ભારતને ભયભીત થવાની કોઈ જરૂર નથી

સિક્કિમ સાથે જોડાયેલી સરહદ પર ભારત અને ચીનના જવાનો ફરી એકવાર આમને સામને આવી ગયા છે. ધક્કામુક્કી અને સામસામે સંઘર્ષમાં બંને પક્ષોના કેટલાક જવાનો ઘાયલ થયા બાદ સ્થિતી તંગ બની ગઇ છે. અલબત્ત આ વિવાદનો ઉકેલ કલાકોના ગાળામાં જ આવી ગયો છે. જો કે ભારતને આને લઇને સાવધાન રહેવાની જરૂર છે. ઉત્તર સિક્કિમની સરહદ ઘર્ષણ થયા બાદ તરતજ અધિકારીઓ દરમિયાનગીરી કરીને વિવાદનો ઉકેલ આણ્યો હતો. ત્યારબાદ ચીન અને ભારતના જવાનો પોત પોતાની પોસ્ટ પર પરત ફર્યા હતા. ચીને સરહદે નિર્માણ ગતિવિધી જારી રાખીને ભારતને ઉશ્કેરવાના કૃત્યો કર્યા છે. કોરોના વાયરસની સ્થિતી છે ત્યારે પણ ચીનના આ કૃત્યોને લઇને નારાજગી પણ છે. ચીને આવા ઉશ્કેરણીજનક કૃત્યો પ્રથમ વખત કર્યા નથી. વિતેલા વર્ષોમાં પણ આવા કૃત્યો જારી રાખ્યા હતા. જો કે ભારતે સંયમ સાથે આગળ વધીને તેની કુશળતાનો પરિચય આપ્યો છે. ચીને વર્ષોથી આ પ્રકારની ગતિવિધી સરહદ પર જારી રાખી છે. ભારતે તેની કોઇ ચાલને સફળ થવા દીધી નથી. વિતેલા વર્ષોમાં ડોકલામ મામલે ચીની મિડિયા મારફતે વારંવાર યુદ્ધની ધમકી પણ ચીન દ્વારા આપવામાં આવી હતી. સરહદ પર લશ્કરી કવાયત પણ યોજવામાં આવી હતી. સરહદે ટેન્શનની ચીની ચાલને કોઇ પણ કિંમતે હળવાશથી લઇ શકાય નહી. અરૂણાચલપ્રદેશ, સિક્કિમ, લડાખ , અને અન્ય સરહદી વિસ્તારોમાં તેની ઘુસણખોરીને હળવાશથી કોઇ કિંમતે લઇ શકાય નહી. ચીનની દુસાહસની પ્રવૃતિ માત્ર દક્ષિણ ચીન દરિયા સુધી જ મર્યાદિત નથી. તે સમગ્ર દક્ષિણ એશિયામાં આને અજમાવવા માટે ઇચ્છુક છે. ડ્રેગન ભારતને સરહદી વિવાદ મામલે બેકફુટ પર લઇ જવા માટે પ્રયાસ કરે છે. ભારતીય સરહદમાં ક્યારેય લડાખમાં તો ક્યારેય અરૂણાચલ પ્રદેશમાં ચીની સૈનિકો ઘુસણખોરી કરતા રહે છે. હવે તેમની દરમિયાનીગીરી ઉત્તરાખંડ, સિક્કિમ સુધી પહોંચીગઇ છે. આ બાબત અમારા માટે ચોક્કસપણે ચિંતાજનક છે. ચોક્કસપણે આ ઘુસણખોરી પાછળ ચીનની પહેલા જ વિચારવામાં આવેલી રણનિતી રહેલી છે. તેમાં ઉંડાણમાં જવામાં આવે તો જાણી શકાય છે કે કેટલાક પાસા તેમાં રહેલાછે. ભારતને દક્ષિણ એશિયામાં કઇ રીતે કાઉન્ટર બેલેન્સ કરવામાં આવે તેના પ્રયાસમાં ચીન રહે છે. આના કારણે જ તે સરહદી વિવાદ મામલે ભારતને હેરાન કરવાના પ્રયાસ કરે છે. તે ભારતમાં સરહદી વિસ્તારમાં ઘુસણખોરી કરીને ભારતને મંત્રણા ટેબલ પર લાવવા માટે ઇચ્છુક રહે છે. આ વખતે ચીન દક્ષિણ એશિયામાં વેપાર અને રોકાણમાટે પ્રવેશ ઇચ્છે છે. બાંગ્લાદેશ, મ્યાનમાર, ચીન કોરિડોરની જેમ જ તે કેટલીક સુચિત યોજના ધરાવે છે. તે સંપૂર્ણ દક્ષિણ એશિયામાં પોતાના ભૌગોલિક જોડાણ જેમ તેમ વધારીને આગળ વધવાના પ્રયાસમાં રહે છે. ભારત તેની આ રણનિતીથી નારાજ છે. બીજો મોટો મુદ્દો એ છે કે ચીન નેપાળ, બાંગ્લાદેશ અને પાકિસ્તાનના સંપર્કમાં રહીને તેમના ટેકાથી સાર્કના સભ્ય બનવાની નિતી પણ અપનાવી રહ્યુ છે. આના કારણે તેની ક્ષેત્રીય દરમિયાનગીરી વધારે વધી જશે. તે હાલના સમયમાં પોતાની સાથે નાના દેશોને લઇ લેવા માટે તમામ પ્રયાસ કરી રહ્યુ છે.તે દક્ષિણ એશિયામાં માત્ર કારોબાર અને રોકાણને વધારી દેવાના હેતુથી આવુ કરી રહ્યુ નથી બલ્કે ભારતને સરળરીતે કાઉન્ટર કરવાની રણનિતી હેઠળ આવુ કરી રહ્યુ છે. હાલમાં જ એક નવી રણનિતી હેઠળ ચીને ગિલગિટ-બાલતિસ્તાન વિસ્તારમાં ચીન-પાકિસ્તાન આર્થિક કોરિડોરને સુરક્ષા આપવા માટે કહ્યુ છે. અત્રે નોંધનીય છે કે ચીન આ કોરિડોર પર ૪૫ અબજ ડોલરથી ૩૦ અબજ ડોલરનુ રોકાણ કરી ચુક્યુ છે. ચીન કોરિડોરની સુરક્ષાના નામે પીપલ્સ લિબરેશન આર્મીને સિવિલ એન્જિનિયરના રૂપમાં ત્યાં ગોઠવી દેવાના પ્રયાસમાં છે. એટલે કે તે ગિલગિટ-બાલતિસ્તાનમાં સૈનિકોની હાજરીના કારણે ભારત પર વધારે દબાણ સર્જવાના પ્રયાસમાં છે. લડાખ ક્ષેત્રમાં જ્યારે પણ તેના દ્વારા ઘુસણખોરી કરવામાં આવે છે ત્યારે તેની આવી જ રણનિતી હોય છે. લડાખમાં ઘુસણખોરી અને અરૂણાચલ પ્રદેશના ઉત્તરીય ક્ષેત્રને દક્ષિણી તિબ્બેટ કહેવાની તેની નિતી બિલકુલ યોજનાપૂર્વકની રહી છે. એટલે કે ભારતની સામે તે ક્લેઇમ એમ્ડ કાઉન્ટર ક્લેમની રણનિતી અપનાવે છે. જ્યારે પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ ચીન ગયા હતા. ત્યારે બન્ને દેશોએ બોર્ડર ડિફેન્સ કોએપરેટિવ સમજુતી કરી હતી. તેના હેઠળ ભારતે સરહદી વિસ્તારમાં નિર્માણ કામગીરી હાથ ધરી હતી. ચીન પોતાના વિસ્તારમાં વર્ષોથી નિર્માણ કામ કરે છે. જો કે આ મુદ્દે પણ કોઇ ખાસ સફળતા હાથ લાગી નથી. હકીકતમાં ચીન ભારતને કેટલાક મોરચે દુવિધાભરી સ્થિતીમાં મુકી દેવા માટે ઇચ્છુક છે. તેને ખબર છે કે સરહદી વિવાદ સર્જીને ભારતને મુશ્કેલીમાં મુકી શકાય છે. સરહદી મામલે જેટલા પણ પ્રસ્તાવ આવ્યા છે તે તમામ ચીન તરફથી જ આવ્યા છે. ભારત આ તમામ મુદ્દે અનિચ્છુક રહ્યુ છે. ભારત એક શાંતિપ્રિય દેશ છે. ચીન આર્થિક અને રણનિતી સાથે સંબંધિત પ્રભાવ વધારીને આગળ વધવા માટે ઇચ્છુક છે. તે સરહદી વિવાદને લઇને વારંવાર જટિલ સ્થિતી સર્જે છે.

છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી અજીત જોગી કોમામાં, આગામી ૪૮ કલાક મહત્વના

રાયપુર

છત્તીસગઢના પહેલા મુખ્યમંત્રી અજીત જોગીની પરિસ્થ્ અત્યંત ગંભીર થઈ ગઈછે. તેઓ અત્યારે કોમામાં છે અને તેમની સ્થિતિ અત્યંત નાજુક છે. તેમને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા છે. પૂર્વ મુખ્યમંત્રી જોગીને શનિવારે હાર્ટ એટેક આવ્યો હતો. ત્યારબાદ તેમને રાયપુરની પ્રાઈવેટ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

શનિવાર સાંજે તેમના પુત્ર અને ધારાસભ્ય અમિત જોગિએ જણાવ્યું કે તેમના પિતા બપોરે નાસ્તો કરતા હતા ત્યારે અચાનક તેમની તબિયત બગડી ગઈ. ત્યારબાદ તેમને તાત્કાલિક ધોરણે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. રાયપુરના શ્રીનારાયણા હોસ્પિટલ દ્વારા જાહેર કરવામાં આવેલા બુલેટિન પ્રમાણે તેમના હાર્ટબીટ સામાન્ય છે અને દવાઓના કારણે બ્લડપ્રેશર પણ કાબુમાં આવી ગયું છે.

હોસ્પિટલના ડોક્ટર્સે તેમની સ્થિતિને ગંભીર અને ચિંતાજનક જણાવતા કહ્યું કે તેમના માટે આગામી ૪૮ કલાક ખૂબ જ મહત્વના છે. રેસ્પિરેટરી અરેસ્ટ બાદ થોડા સમય સુધી તેમના મગજ સુધી ઓક્સીજન પહોંચી શક્યો નહતો. જેના કારણે તેમના મગજને નુકશાન પહોંચ્યું છે. મેડિકલ ટર્મમાં તેને હાઈપોક્સિયા કહેવામાં આવે છે. ભારતીય પ્રશાસનિક સેવામાંથી રાજકારણમાં આવેલા અજીત જોગી વર્તમાનમાં મારવાહી વિસ્તારના ધારાસભ્ય છે. તેઓ ૨૦૦૦માં છત્તીસગઢ રાજ્યના નિર્માણ વખતે ત્યાંના પહેલા મુખ્યમંત્રી બન્યા હતા તેમજ ૨૦૦૩ સુધી તેઓએ મુખ્યમંત્રી તરીકેની ફરજ બજાવી હતી.

ચીન પણ કોરોના વાયરસ અને આર્થિક કટોકટીમાં છે ત્યારે

હવે ચીનને યુદ્ધ પોષાય તેમ નથી

આર્થિક કટોકટીમાં ભારતીય મહાકાય બજાર જો ચીન ગુમાવે તો તેની કમર તુટી શકે છે : હથિયારો, ટેકનોલોજીમાં પણ ભારત પાછળ નથી

સિક્કિમમાં ભારતીય જવાનો સાથે ધક્કામુક્કી કરવા અને બિનજરૂરી રીતે વિખવાદ કરવાના ચીનના વલણથી દુનિયાના દેશો હેરાન છે. સિક્કિમમાં હવે ખેંચતાણ વધી ગઇ છે. ચીનના માત્ર ભારતની સાથે જ સરહદી વિવાદ નથી અન્ય કેટલાક દેશો સાથે પણ સરહદી વિવાદ છે. ભુટાન પણ તેનાથી પરેશાન છે. દક્ષિણ ચીન પર ચીનના દાવાને ફગાવી દેવામાં આવ્યા બાદ તે વધારે આક્રમક નિતી અપનાવવા માટે ઇચ્છુક છે. કારણ કે ચીનને ચીનની ભાષામાં જ જવાબ આપવા માટે ભારતે પણતેના પડોશી દેશ મંગોલિયા, દક્ષિણ કોરિયા, ફિલીપાઇન્સ અને વિયતનામ જેવા દેશો સાથે સંબંધને વધારે મજબુત કરવાની તૈયારી કરી લીધી છે.જાણકાર નિષ્ણાંતો જે સરહદી પ્રશ્નો પર નજર રાખે છે તે કહે છેકે ચીનને હવે કોઇ પણ સાહસ પોષાય તેમ નથી. ભારત સાથે કોઇ સરહદી યુદ્ધ લડવાની સ્થિતીમાં તેનુ જ પતન થઇ શકે છે. તે માટીમાં મળી શકે છે. કારણ કે તેની આર્થિક સ્થિતી પહેલાથી જ કથળી રહી છે. કોરોના વાયરસના કારણે હાલત વધારે ખરાબ થઇ રહી છે. હાલમાં તો લોકડાઉનની સ્થિતીરહેલી છે. જો કે ત્યારબાદ સ્થિતી સામાન્ય બન્યા બાદ જો આવી હરકત ચીની જવાનો જારી રાખે છે તો તે ભારતીય માર્કેટ ગુમાવી શકે છે. કોરોનાના કારણે તે પહેલાથી જ મોટા પ્રમાણમાં બજાર ગુમાવી શકે છે. હથિયારો અને ટેકનોલોજીના મામલે હવે ભારત પાછળ નથી તે વાત પણ ચીન સારી રીતે જાણે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચીનને તેની ભાષામાં જવાબ આપવા આંતરિક નિતી તૈયાર કરી રહ્યા હોવાના હેવાલ છે. હાલમાં ન્યુક્લિયર સપ્લાયર્સ ગ્રુપમાં ભારતને સામેલ કરવાને લઇને ચીને વાંધો ઉઠાવ્યા બાદ ભારતે પણ લાલ આંખ કરી છે. જેથી તે ભારત પર રાજદ્વારી દબાણ લાવવાના પ્રયાસમાં છે. બન્ને દેશો વચ્ચે વિશાળ હિમાલય ક્ષેત્ર છે. જેના કારણે સીમાંકન ખુબ મુશ્કેલ છે. ભારતનુ કહેવુ છે કે ચીન લાઇન ઓફ એક્ચુઅલ કન્ટ્રોલના પાલન કરીને સંબંધોનને સામાન્ય રાખે તે જરૂરી છે. પરંતુ ચીન આનો વારંવાર ભંગ કરે છે. ઉત્તરાખંડમાં થયેલી ઘુસણખોરીને સરળતાથી લઇ શકાય નહી. ચીનની દુસાહસની ગતિવિધી વધી રહી છે. અલબત્ત બન્ને દેશોને એકબીજાની જરૂર રહેલી છે. એકબાજુ ભારતને ચીન પાસેથી રોકાણની જરૂર છે. તો બીજી બાજુ ચીનને ભારતીય બજારની જરૂર છે. જેથી આક્રમક વલણ અપનાવવાથી સમસ્યાનો ઉકેલ આવશે નહી. જ્યારે પણ ચીની ઘુસણખોરી થાય ત્યારે આંતરરાષ્ટ્રીય સમુદા. સમક્ષ ભારતે રજૂઆત કરવી જોઇએ. ભારત વૈશ્વિક મંચ પર મજબુત રીતે વધી રહ્યુ છે. સાથે સાથે આર્થિક તાકાત તરીકે ઉભરી રહ્યુ છે ત્યારે ચીનની ઉંઘ હરામ થઇ ગઇ છે. નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર દ્વારા હાલમાં જ પહેલ કરવામાં આવી છે તેના કારણે ભારત તરફ વિદેશના દેશો ખેંચાઇ રહ્યા છે. ચીન એનએસજીના મામલે ભારતને સાથ નહી આપવાના પ્રશ્ને ખુલ્લુ પડી ગયુ છે. તેની ચાલથી માત્ર ભારત જ નહી બલ્કે વિશ્વના દેશો વાકેફ રહ્યા છે.

રશિયાના મૉસ્કોમાં કોરોના હોસ્પિટલમાં આગ: ૧નું મોત

મૉસ્કો

કોરોના વાઇરસના સંક્રમિતોની સારવાર ચાલી રહેલી એક હોસ્પિટલમાં આગ લાગવાથી એક દર્દીનું મોત નિપજ્યું છે. જ્યારે ૨૦૦ દર્દીઓને અન્યત્ર ખસેડવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ શહેરની ઉતર બાજુ એક હોસ્પિટલમાં લાગેલી આગ પર કાબૂ મેળવાયો છે. આગ લાગવાનું કારણ હજુ પણ અકબંધ છે. આગ હોસ્પિટલના વોર્ડમાં લાગી હતી, જ્યાં કોરોનાના દર્દીઓની સારવાર ચાલી રહી હતી. આ તકે મેયરે એક વ્યક્તિનું મોત થયું હોવાનું જાહેર કર્યું હતું. આ ઉપરાંત અન્યોને અન્ય હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

કોરોના સંકટ વચ્ચે દિલ્હીમાં અનુભવાયા ભૂકંપના આંચકા

ન્યુ દિલ્હી

રાજધાની દિલ્હીમાં રવિવારે બપોરે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપના આંચકા એક મહિનામાં ત્રીજી વખત આજે દિલ્હીમાં આવ્યા હતા. આ વખતે ૩.૫ની તીવ્રતા સાથે ભૂકંપ આવ્યો હતો. તેનું સેન્ટર દિલ્હીની પાસે ગાઝીયાબાદ હોવાનું કહેવાઈ રહ્યુ છે. આ પહેલા ૧૨ અને ૧૩ એપ્રિલે દિલ્હી-એનસીઆરમાં સતત બે દિવસ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. પહેલો ઝટકો ૧૨ એપ્રિલના રોજ ૩.૫ ની તીવ્રતાની ગતિએ આવ્યો હતો અને બીજો ઝટકો પાંચ કિલોમીટરની ઉંડાઈ પર ૨.૭ની તીવ્રતા સાથે આવ્યો હતો. ભૂકંપનું કેન્દ્ર છેલ્લી વખત દિલ્હી હતું.

અન્ય રાજ્યોમાંથી પાછા ફરેલા ૨૦ લાખ મજૂરોને રોજગારી આપશે યોગી સરકાર

લખનઉ

લોકડાઉનમાં અન્ય રાજ્યોમાંથી પાછા ફરી રહેલા યુપીના મજૂરોને રોજગારી આપવા માટે યોગી સરકારે એક મહા યોજના પર કામ શરુ કર્યું છે.

યોગી સરકારનુ ટાર્ગેટ ૨૦ લાખ લોકોને રોજગાર આપવાનુ છે.તેમને રેડિમેડ ગારમેન્ટ, ફૂડ પ્રોસેસિંગ, ગાય પર આધારિત ઉત્પાદનો, ફૂલોની ખેતી, ફૂલોથી બનનારી પ્રોડક્ટસ જેવા સેક્ટરમાં રોગારી આપવામાં આવશે.આ માટે રાજ્ય સરકારે માસ્ટર પ્લાન તૈયાર કર્યો છે.

યોગી આદિત્યનાથે કહ્યુ હતુ કે, બહુ જલદી આ અંગે એક જાહેરનામુ બહાર પાડવામાં આવશે.બીજા રાજ્યોમાંથી જે પણ મજૂરો પાછા આવી રહ્યા છે તેઓ કયા કયા ક્ષેત્રમાં કામ કરે છે તે નોંધવામાં આવી રહ્યુ છે.તેમને આ ક્ષેત્રમાં નોકરી આપવાનો પ્રયત્ન થશે.યુપી સરકાર રો મિટિરિયલ, પ્રોડક્ટ ડેવલપમેન્ટ, માર્કેટિંગ તમામ બાબતો માટે અલગથી સંસ્થા બનાવશે.

યુપીમાં થી અન્ય રાજ્યોમાં કામ કરવા માટે ગયેલા મજૂરો પાછા ફરી રહ્યા છે.શનિવાર સાંજ સુધીમાં ૧૧૪ ટ્રેનો થકી લગભગ ૧.૨૦ લાખ લોકો યુપી પાછા ફરી ચુક્યા છે.બીજા લોકો પાછા આવી રહ્યા છે.આગામી બે દિવસમાં બીજી ૯૮ ટ્રેનો થકી મજૂરો આવશે. જો યોગી સરકારની યોજના સફળ થઈ અને મજૂરો બીજા રાજ્યોમાં લોકડાઉન અને કોરોના કાળ પૂરો થયા પછી પાછા નહી ફરે તો બીજા રાજ્યો માટે કામદારોની અછત સર્જાશે.

શ્રીલંકા બાદ હવે સંયુક્ત આરબ અમીરાતે આપ્યો IPL-૧૩નું આયોજન કરવાનો પ્રસ્તાવ



નવી દિલ્હી

કોરોના સંકટની વચ્ચે ફસાયેલી આઈપીએલ માટે વધુ એક પ્રસ્તાવ આવ્યો છે. શ્રીલંકા ક્રિકેટ બાદ હવે અમીરાત ક્રિકેટ બોર્ડે સંયુક્ત આરબ અમીરાતમાં ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની સસ્પેન્ડેડ સિઝનની યજમાની કરવાનો પ્રસ્તાવ મુક્યો છે. યુએઈ આઈપીએલની યજમાની માટે કરવા માટે કોઈ અજાણ્યો દેશ નથી, ભારતમાં સામાન્યા ચૂંટણીની તારીખોના ઘર્ષણથી બચવા માટે વર્ષ ૨૦૧૪માં યુએઈએ ૨૦ મેચોનુ આયોજન કર્યુ હતુ. આ પ્રસ્તાવ બાદ ભારતીય ક્રિકેટ બોર્ડે આ નિર્ણય પર કોઈ પ્રતિક્રિયા નથી આપી. બીસીસીઆઈ કોષાધ્યક્ષ અરુણ ધૂમલે કહ્યું કે યુએઈએ આઈપીએલની યજમાનીનો પ્રસ્તાવ આપ્યો છે, પણ હાલ આના પર કોઈ ફેંસલો નથી લઈ શકાતો કેમકે આ દરમિયાન આંતરરાષ્ટ્રીય યાત્રા કરવાનો કોઈ સવાલ જ નથી પેદા થતો.

બીસીસીઆઈએ ફરીથી આઈપીએલ શરૂ કરવાની આશા છોડી દીધી છે, કેમકે ભારતમાં હજુ પણ કોરોનાના કેસ સતત વધી રહ્યાં છે. તેમને વધુમાં કહ્યું કે આખી દુનિયા હાલ અટકી ગઈ છે, રમતજગત વિશે હાલ કોઈ નિર્ણય લેવો યોગ્ય નથી. ધૂમલે કહ્યું કે જો આઈપીએલને દેશની બહાર લઈ જવી હોય તો ફ્રેન્ચાઈઝીઓ સાથે પણ વાત કરવી પડશે, કેમકે કેટલાકનુ કહેવુ એવુ પણ છે કે બંધ દરવાજે આઈપીએલનુ આયોજન ભારતમાં જ કરવામાં આવે તો સારુ રહેશે. કેમકે અહીં ફ્રેન્ચાઈઝી અને સ્પોન્સરને નુકશાનનો પ્રશ્ન થઈ શકે છે.

દિલશાની વનડે પ્લેઈંગ ઈલેવનમાં હાલની ટીમના એકપણ ક્રિકેટરને ના મળ્યુ સ્થાન

નવી દિલ્હી

ક્રિકેટમાં સમયે સમયે ક્રિકેટના દિગ્ગજો, પૂર્વ ક્રિકેટરો, એક્સપર્ટ અને કોમેન્ટેટરો પોતાની પસંદગીની ટીમ સિલેક્ટ કરતાં હોય છે. આ ટીમમાં મહાન ખેલાડીઓને તેઓ સ્થાન આપતા હોય છે. જોકે, આમાં કેટલાકનુ સિલેક્શન ચોંકાવનારુ પણ હોય છે. આ લિસ્ટમાં દિલશાનનુ નામ જોડાઈ ગયુ છે. શ્રીલંકાના પૂર્વ ઓપનર અને વિસ્ફોટક બેટ્સમેન તિલકરત્ન દિલશાને પોતાની મનપસંદ વનડે પ્લેઈંગ ઈલેવન પસંદ કરી છે.

આમાં ખાસ વાત છે કે આ ટીમમાં હાલ ક્રિકેટ રમતો એકપણ ખેલાડી સામેલ નથી. દિલશાને આ ટીમમાં માત્રને માત્ર પૂર્વ ક્રિકેટરોને જ સ્થાન આપ્યુ છે, જેથી આ ટીમને ચોંકાવનારી પસંદગી પણ કહી શકાય.ઈએસપીએ-ક્રિકઈન્ફો માટે શ્રીલંકન ઓપનર દિલશાને પોતાની વનડે ટીમની પસંદગી કરી હતી, આમાં ભારતના માત્ર એક જ ખેલાડી સચિન તેંદુલકરને સ્થાન આપવામાં આવ્યુ છે. દિલશાને પોતાની વનડે ટીમમાં હાલની કરન્ટ ટીમમાં રમતા એકપણ ક્રિકેટરને સામેલ નથી કર્યો.

દિલશાને પોતાની ટીમમાં ઓપનિંગની જવાબદારી મહાન ખેલાડી અને ક્રિકેટના માસ્ટર બ્લાસ્ટર તરીકે જાણીતા સચિન તેંદુલકરની સાથે સનથ જયસૂર્યાને સોંપી છે. જ્યારે કેપ્ટન રિકી પોન્ટિંગ અને વિકેટકીપર એબી ડિવિલિયર્સને બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત ટીમમાં ક્રિકેટના દિગ્ગજોને સામેલ કરવામાં આવ્યા છે, જેવા કે મુરલીધરન, શેન વોર્ન, બ્રાયન લારા, વસીમ અક્રમ, કર્ટની વૉલ્શ.

સનથ જયસૂર્યા, સચિન તેંદુલકર, બ્રાયન લારા, મહેલા જયવર્ધને, રિકી પોન્ટિંગ (કેપ્ટન), એબી ડિવિલિયર્સ (વિકેટકીપર), વસીમ અકરમ, શેન વોર્ન, મુથૈયા મુરલીધરન, કર્ટની વૉલ્શ.

મહાન હૉકી ખેલાડી બલબીર સિનીયર ICUમાં દાખલ, હાલત ગંભીર

નવી દિલ્હી

ત્રણ વખતની ઓલિમ્પિક સુવર્ણચંદ્રક વિજેતા દિગ્ગજ હોકી ખેલાડી બલબીરસિંઘ સિનિયરની તબિયત લથડતાં તેમને મોહાલીની ફોર્ટિસ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેની સ્થિતિ હજી પણ નાજુક છે પરંતુ પાછલા દિવસ કરતા વધુ સારી છે. તેમને ફોર્ટિસમાં દાખલ કરવામાં આવ્યા છે જ્યાં તે આઈસીયુમાં વેન્ટિલેટર પર છે. ૯૫ વર્ષના બલબીરને શ્વાસની તકલીફને કારણે ગયા વર્ષે ચંદીગઢના પીજીઆઈએમઆરમાં ઘણા અઠવાડિયા પસાર કરવા પડ્યા હતા. વર્લ્ડ કપ ૧૯૭૫ માં વિજેતા ભારતીય ટીમ રહી ચૂકેલા બલબીર સિનિયરના ફેમિલી ડોક્ટર રાજબીર કાલરાએ જણાવ્યું હતું કે, ગુરુવારે રાત્રે બલબીરને ૧૦૪ ડિગ્રીનો તાવ હતો.

પહેલા અમે તેને ઘરે સ્પંજ બાથ આપ્યો, પરંતુ જ્યારે તેની તબિયતમાં સુધારો થયો નહીં, ત્યારે અમે તેમને પીજીઆઈ ચંદીગઢમાં દાખલ કરાવવાનો પ્રયાસ કર્યો. તેમણે કહ્યું, પરંતુ પીજીઆઇ ચંદીગઢ કોવિડ હોસ્પિટલ હોવાથી તેમને આઈસીયુમાં દાખલ કરાવવું મુશ્કેલ હતું. આ પછી તેને ફોર્ટિસ લઈ જવામાં આવ્યા જ્યાં તે પહેલા ત્રણથી ચાર વખત રહી ચુક્યા છે. તે અત્યારે આઈસીયુમાં છે પરંતુ ગઈકાલ કરતા તબિયત વધુ સારી છે. તેની કોવિડ - ૧૯ રિપોર્ટ પણ લેવામાં આવ્યો છે જે હાલ આવવાનો બાકી છે.

બલબીરે લંડન (૧૯૪૮), હેલસિંકી (૧૯૫૨) અને મેલબોર્ન (૧૯૫૬) ઓલિમ્પિક્સમાં ભારતના ગોલ્ડ મેડલ જીતવામાં મુખ્ય ભૂમિકા નિભાવી હતી. તેણે હેલસિંકી ઓલિમ્પિક્સમાં નેધરલેન્ડ સામે ૬.૧-૧ની જીતમાં પાંચ ગોલ કર્યા હતા અને રેકોર્ડ હજી અકબંધ છે. તે ૧૯૭૫ ની વર્લ્ડ કપ વિજેતા ભારતીય હોકી ટીમના મેનેજર પણ રહી ચૂક્યા છે.

કંગના રનોતે ઈન્સ્ટાગ્રામ પર માતા માટે મધર્સ ડે પર લખ્યો ખાસ મેસેજ

મુંબઈ

વિશ્વભરમાં આજે મધર્સ ડેની ઉજવણી કરવામાં આવી રહી છે. હાલ લૉકડાઉન ચાલી રહ્યું છે તો બોલીવુડ સેલિબ્રિટી પણ સોશિયલ મીડિયા દ્વારા પોતાના ફેન્સ સાથે જોડાયેલા છે. તો કંગના રનોતે ઈન્સ્ટાગ્રામ પર પોતાની માતા માટે મધર્સ ડે પર ખાસ મેસેજ લખ્યો છે. કંગના આ સમયે મનાલીમાં સમય પસાર કરી રહી છે. ત્યારે તેણે મધર્સ ડે પર પોતાની માતા માટે એક ખાસ કવિતા લખી છે. તેણે લખ્યું, 'માં મૈં આપકે જીવન કી લાલસા હૂં. જબ મૈં પહલી બાર આપકે દિલ મેં ખિલી.. તો આપકી આંખે ઉમ્મીદ સે ચમક ઉઠી.

જબ મૈં એક સિંગલ સેલ કે રૂપ મેં આપકી કોખ મેં આઈ. આપને મુજે જીવન દેને કે લિયે સાંસ લી, મને રક્ત દેને કે લિયા આપને ખાના ખાયા ઔર ફિર આપને મુજે ખુદ સે અલગ કરકે દુનિયા દી. આપકા ટુકડા, આપકે બહાર, ખો ગયા ઔર આપકો તલાશ રહા હૈ, મૈંને પૂરી દુનિયા ઘૂમી પર આપકી કોખ જૈસા પ્યાર ઔર ગર્મજોશી મુજે કહીં નહીં મિલા, ઔર ફિર મૈનેં અપને દિલ મેં ઝાંકા,...આપ મુજે વહાં મિલ ગઈ, આપ મુજે વહાં મિલ ગઈ..

નવાઝુદ્દીન સિદ્દીકી સ્ટારર 'ઘૂમકેતુ'નું ૨૨મી મેએ પ્રીમિયર થશે

મુંબઈ

નવાઝુદ્દીન સિદ્દીકી સ્ટારર 'ઘૂમકેતુ' આખરે જોવા મળશે. આ મૂવીનું ૨૨મી મેના રોજ ઝીપ પર પ્રીમિયર થશે. પુષ્પેન્દ્ર નાથ મિશ્રાદ દ્વારા ડિરેક્ટેડ આ ફિલ્મમાં ફિલ્મમેકર અનુરાગ કશ્યપ તેમજ એક્ટર્સ ઈલા અરુણ, રઘુબીર યાદવ, સ્વાનંદ કિરકિરે અને રાગિણી ખન્ના પણ લીડ રોલ્સમાં છે. અમિતાભ બચ્ચન, રણવીર સિંઘ, સોનાક્ષી સિંહા, ચિત્રાંગદા સિંઘ તેમજ ફિલ્મમેકર નિખિલ અડવાણીએ સ્પેશિયલ અપીયરન્સીસ આપ્યા છે.

મધર્સ ડે પર સારા અલી ખાને નાની અને માતા સાથેની તસવીર કરી શેર



મુંબઈ

બોલિવૂડ અભિનેત્રી સારા અલી ખાન સૌથી વધારે તેની માતાની નજીક છે. મધર્સ ડે પર સારાએ તેની માતા અમૃતા સિંહની દુર્લભ તસવીર શેર કરી છે. ખાસ વાત એ છે કે આ તસવીરમાં સારાની નાની એટલે કે અમૃતા સિંહની માતા પણ જોવા મળી રહી છે. તસવીરમાં જે નાની બાળકી છે તે બીજું કોઈ નહીં પણ ખુદ સારા અલી ખાન જ છે.

તસવીરમાં ત્રણેયનું શાનદાર બોન્ડિંગ જોવા મળી રહ્યું છે. સારા અલી ખાનનો આ ફોટો તેના જન્મના થોડા સમય પછીનો છે. તેણે કેપ્શનમાં લખ્યું, મારી માતાની મા. મમ્મીને જન્મ આપવા માટે આભાર. હેપ્પી મધર્સ ડે. સારાની આ તસવીર લોકો ખૂબ શેર કરી રહ્યા છે.

કાસ્ટિંગ કાઉચ વિશે દુનિયાભરમાં વાત કરવામાં આવે છે: એક્ટ્રેસ અદા શર્મા

મુંબઈ

બોલીવુડ એક્ટ્રેસ અદા શર્માએ બોલીવુડ સહિત દક્ષિણ ભારતીય ફિલ્મોમાં પણ કામ કર્યુ છે અને તેનું માનવુ છે કે કાસ્ટિંગ કાઉચ દરેક જગ્યાએ છે. બોલીવુડના અનેક કલાકારો તેની પહેલાં દક્ષિણ ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કાસ્ટિંગ કાઉચને લઈને પોતાના કડવા અનુભવનો ખુલાસો કરી ચુક્યા છે. અદાએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે, કાસ્ટિંગ કાઉચ કોઈ એવી વસ્તુ નથી જે દક્ષિણ અથવા ઉત્તરમાં જ છે. મને લાગે છે કે આ એક એવી વસ્તુ છે જેના વિશે દુનિયાભરમાં વાત કરવામાં આવે છે. આ સાર્વભૌમિક રીતે ઉપસ્થિત છે.

બોલીવુડ ઉપરાંત તમિલ, તેલુગુ અને કન્નડ ફિલ્મોમાં કામ કરી ચુકેલી અદાએ જણાવ્યું કે તમારી પાસે હંમેશા વિકલ્પ રહે છે. તેણે વધુમાં જણાવ્યું કે, તમારે તેનો સ્વીકાર કરવો છે કે નહી, તેનો વિકલ્પ તમારી પાસે છે. તમે ઈચ્છો તો ના પણ કરી શકો. અભિનયની વાત કરીએ તો અદા છેલ્લે બાયપાસ રોડમાં નજરે આવી હતી અને આવનારા સમયમા તે ફિલ્મ મેન ટુ મેનમાં નજરે આવશે. આ ફિલ્મ અભિનેતા નવીન કસ્તુરિયાના કિરદારની આસપાસ ફરે છે, જેને અદાએ નિભાવેલા કિરદાર સાથે પ્રેમ થઈ જાય છે. તે તેની સાથે લગ્ન કરી લે છે, જે બાદ તેને તે વાતનો અહેસાસ થાય છે કે તે પહેલાં એક પુરુષ હતી, જે સર્જરી કરાવ્યા બાદ મહિલા બને છે.

સલમાન અને જેક્લીન સ્ટારર મ્યુઝિક વીડિયો તેરે બિનાનું ટીઝર થયું રિલીઝ

મુંબઈ

સલમાન ખાન અને જેક્લીન ફર્નાન્ડિઝ સ્ટારર મ્યુઝિક વીડિયો તેરે બિનાનું ટીઝર રિલીઝ થયું છે. હાલ ચાલી રહેલ લોકડાઉનમાં સલમાન ખાને આ બીજું સોન્ગ બનાવ્યું છે. આ સોન્ગને સલમાન ખાને જ ગાયું છે. લોકડાઉનને કારણે સલમાન પનવેલના તેના ફાર્મહાઉસમાં જ છે. સલમાને આ સોન્ગનું શૂટિંગ ફાર્મહાઉસ પર જ કર્યું છે. મધર્સ ડે વિશ કરીને સલમાને ટીઝરની પોસ્ટ સોશિયલ મીડિયા પર શેર કરી છે.

સલમાન ખાનની યુ ટ્યુબ ચેનલ પર રિલીઝ થનાર આ સોન્ગ સલમાનના મતે તેના પ્રોડક્શન હાઉસનું અત્યારસુધીનું સૌથી સસ્તું પ્રોડક્શન છે. સલમાન, જેક્લીન અને ડીઓપી બસ આ ત્રણ લોકોની ટીમે શૂટિંગ પૂરું કર્યું હતું. સોન્ગ માટેના ઈન્ટરવ્યૂમાં સલમાન અને જેક્લીને ઘણીબધી વાત કરી હતી કે તેમને કેટલી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. અગાઉ સલમાનની યુ ટ્યુબ ચેનલ બીઈંગ સલમાન ખાન પર પ્યાર કરોના સોન્ગ રિલીઝ કરવામાં આવ્યું હતું જે સલમાને ખુદ ગાયું હતું. આ સોન્ગનું કામ પણ દરેકે ઘરે રહીને જ પૂરું કર્યું હતું.

અમદાવાદને વુહાન કોણ બનાવશે..? કોરોના ખુદ ફરે છે કે અબુધો ફેરવી રહ્યા છે.....?

વિશ્વભરમાં કોરોનાવાયરસ ૨.૭૮ લાખ જેટલા લોકોને મોતના મુખમાં ધકેલી દીધા છે જ્યારે કોરોના દર્દીઓની સંખ્યા ૪૨ લાખ થવા તરફ આગળ વધી રહી છે. આ બધા વચ્ચે કોરોના વાયરસ ફેલાવ બાબતનો દોષ ચીન ઉપર ઢોળવામાં આવ્યો છે તે સાથે વિશ્વના દેશો ભવિષ્યમા ચુનને એક તરફ હડસેલી દે તેવી સ્થિતી બનવાની સંભાવના વધી પડી છે. તે સાથે અગત્યના દેશો ચીનને દરેક ક્ષેત્રે ભીડવા માટે આયોજન કરવા તરફ આગળ વધી રહ્યા છે...ત્યારે ચીનને આ બાબતે અણસાર આવી જતા ચીને વિશ્વ સમક્ષ પોતાની ભૂલ એ રીતે સ્વીકારી છે કે કોરોના ફેલાવાનું કારણ જીવતા પ્રાણીઓનું વેચાણ થાય છે તે વુહાન માર્કેટ છે. ચીનમાં પ્રાણીઓ ખાવાનું ચલણ છે અને પ્રાણીઓનો ચેપ ખાનારના શરીરમાં ફેલાય છે... પરંતુ ચીને જીવતા પ્રાણી વેચાણ પર પ્રતિબંધ મૂકવાની કે વુહાન માર્કેટ બંધ કરવાની વાત નથી કરી... ચીન સતત વિવિધ વાયરસ બાબતે ત્યાની લેબોરેટરીમાં સંશોધન કરતુ રહે છે પણ દવાની જાણ વિશ્વનૈ નથી કરતુ.....! અત્યારે કોરોનાએ રાક્ષસી રૂપ પકડ્યુ તેને લઈને વિશ્વના દેશો એક તરફ તેને હડસેલી દે તો....? આવું થાય તો ચીનનું અર્થતંત્ર ભાગી પડે અને ચીન બેહાલ થઈ જાય. આ ડરને લઈને ચીને કોરોના વાયરસ નાથવા સંશોધન કરાવ્યાનો દાવો કરેલ છે... જેમાં ૩ એન્ટીવાયરલ દવાનુ મિશ્રણ કરીને ૨સી બનાવી તેનો પ્રયોગ વાનર ઉપર કરતા તેમાં સફળતા મળી છે.... હવે આ દવાથી કોરોના દર્દીઓની સારવાર પણ શરૂ કરી છે. આ રીતે ચીને પ્રથમવાર વિશ્વના દેશોને આવા સમાચાર આપી ચીન ઉપર શંકા વ્યક્ત કરતા દેશોને વિશ્વાસ આપવાના પ્રયાસો શરૂ કરી દીધા છે..... હવે સમય બતાવશે કે વિશ્વના દેશો ભવિષ્યે ચીનને હાંસિયામાં ધકેલી દે છે કે પછી "તેરી બી ચુપ મેરી બી ચુપ" નુ રૂપ ધારણ કરી લે છે....?

ભારતમાં કુલ કોરોના કેસો ૬૨,૫૨૦ ને પાર થવા લાગ્યા છે ત્યારે કુલ મૃતાક ૨૦૧૮ થી આગળ વધવા લાગ્યો છે અને આવા સમયે મુંબઈમાં કોરોનાની સારવાર બાદ સાજા થઈ ગયેલા પાંચ દર્દીના મોત થયાની જાણ થતાં મહારાષ્ટ્ર સરકારનુ આરોગ્ય તંત્ર ભારે વિમાસણમાં મુકાવા સાથે દોડતું થઈ ગયું છે..... કારણ કે એક માસ પહેલા હોસ્પિટલમાં આ ૫ મૃતક દર્દીઓની સારવાર થયા બાદ સાજા થતા રજા આપવામા આવી હતી અને એક માસ બાદ તેમના મૃત્યુ થયા છે.... મતલબ કોરોનાએ ઉથલો માર્યો હોય કે પછી નવા રૂપે બહાર આવ્યો હોય..... કેન્દ્ર સરકાર પણ હરકતમાં આવી ગઈ છે. ગુજરાતમાં કોરોના કેસ ૮૦૦૫ ને પાલ જવા લાગ્યો છે. આજ સુધીમાં ૪૭૬ મોત થયા છે. પરંતુ કોરોનાનો કહેર અમદાવાદ ઉપર વધુ વરસ્યો છે અને કોરોના સંક્રમિત કેસોની સંખ્યા ૬,૦૦૦ ની તરફ આગળ વધવા લાગ્યા છે... જ્યારે મૃતાક ૩૬૫ પર પહોંચી ગયો છે. પરંતુ ગંભીર બાબત એ છે કે છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદમાં ૨૦ કોરોનાગ્રસ્તોના મૃત્યુ થયા છે. કેન્દ્રના આરોગ્ય તંત્રના માર્ગદર્શન અનુસાર રાજ્યમાં દરેક નિયમોનું પાલન કરવામાં આવ્યું છે.... છતાં પણ કોરોના સંક્રમિતોનો આક વધતો ચાલ્યો છે.... ત્યારે સરકાર માટે મોટી મુશ્કેલી એ રહી છે કે કોરોના વાયરસ નો સામનો કરવા સાથે અબુધો અને ના સમજોનો પણ સામનો કરવો પડી રહ્યો છે. આવા સમયે ગુજરાતની ખાસ મુલાકાતે આવેલા એઈમ્સના નિર્દેશક રાજદિપ ગુલેરિયાએ કહ્યું હતું કે ગુજરાતમાં લોકો કોરોનાને કલંક ન સમજે અને સ્ક્રીનિગ કરાવે તે જરૂરી છે. આવી ભૂલ પોતાના પરિવારને પણ મુશ્કેલીમાં મુકી દે છે. દરમિયાન આરોગ્ય તંત્રએ વધુ ૧૨ હોસ્પીટલો હસ્તગત કરવા સાથે હોટેલો અને વિદ્યાર્થી હોસ્ટેલોને હસ્તગત કરવા આગળ વધી રહ્યું છે.... જેનો મતલબ હવેનો તબક્કો ક આકરો હશે.....! કોરોના તેજ ગતિ પકડશે...જો કે કોરોના પોતે દોડતો નથી.... પરંતુ માણસ ખુદ તેને પણ ફેરવે છે એટલે વધુ લોકો કોરોના સંક્રમિત થતા રહે છે..... ત્યારે અબૂધો ફરવાનું બંધ કરે તો વાયરસનું ફરવાનું બંધ થઈ જશે.... ત્યારે જ કોરોના દર્દીઓ વધવાનું બંધ થઈ જશે.....જે એક સત્ય વાત છે પણ સમજાય તેને માટે..... અત્યારે તો "હું માણસ થાઉ તો ઘણું" એ બાબત અબુધ-નાસમજુઓએ સમજવી જરૂરી છે.....!

અમદાવાદ રેડ ઝોનમાં છે પણ મોટા ભાગના લોકો એવું માને છે કે ૫ કે ૧૦ મીનીટ બહાર જવાથી શું થશે.... આપણે તો તંદુરસ્ત છીએ..... આપણને કંઈ નહીં થાય... તેવી માનસિકતા... વળી મોટા ભાગના લોકો આજની પરિસ્થિતિને હસવામાં કાઢે છે કે હળવાશમા લે છે... આવા લોકો અમદાવાદને વુહાન બનાવી દેશે... તેમાં શંકા નથી.....! બીજી તરફ ર્ફીષ્ઠાર્હ્હુહ પાલન કરાવવા જતા અનેકો ના સમજુઓ પોલીસ પર પથ્થરમારો કરે છે...ભારે હોહા કરી નાખે છે જે યોગ્ય નથી.... અમદાવાદના મોટા ભાગના લોકો ઈચ્છી રહ્યા છે કે રેડ ઝોનમા કર્ફ્યુ નાખવો જરૂરી છે અને એ પણ દેખો ત્યા ઠાર કરવાના આદેશો સાથે... અને ત્યારે જ અમદાવાદ બીજુ વુહાન બનતું અટકશે. કોરોના કેસો વધતા જતા હોવાથી વધુ વધુ એક વાર લોકડાઉન લંબાવવું પડે તેવી સ્થિતી બની ગઈ છે.....! અને જો લંબાશે તો હવે પછી ૩ ના બદલે બે જ ઝોન રહેશે એક અમીરનો અને બીજો ગરીબનો..... મધ્યમવર્ગનું તમામ પૂરું થઈ જશે.....! સરકાર અનાજ સહીત આર્થિક સહાય આપે છે પરંતુ તેમાં ઘણી જ અધુરપ છે.....! લોકોના ર્ફીષ્ઠાર્હ્હુહ ને કારણે નોકરી, કામ- ધંધા, રોજગાર રહ્યા નથી,આવક બંધ છે,નાણા બચત વપરાઈ ગઈ છે.....ત્યારે અન્ય દેશો કે ભારતના કેટલાક રાજ્યો જે રીતે સહાય કરે છે તેમ કરવાની જરૂર છે.થાઈલેન્ડ તેના દરેક નાગરિકને છ માસ સુધી દર મહિને પાંચ હજાર આપે છે... તો મલેશિયા રૂપિયા ૮,૦૦૦ છ માસ સુધી તથા વીજળી માફ ત્યારે ભારતમાં રાજસ્થાન રાજ્ય સરકારે વીજળી, શિળિ ફી માફ કરી છે... તો ક વારે વીજળી બીલ માફ કર્યા છે ભારતમાં કેન્દ્ર સરકાર અમીરોના હજાર કરોડ માફ કરી શકે છે તો સાડી માંથી વીજળી બિલ વગેરે ગરીબ મધ્યમ વર્ગના કેમ માફ ન કરી શકે સકેજરીવાલે વિજળી બીલ માફ કર્યા છે. ત્યારે ગુજરાત સરકાર માફ કેમ કરતી નથી....? શુ સરકારનુ કોઈ હિત છે...?તેવા સવાલો લોકોમા ઉઠવા પામ્યા છે.... કેન્દ્ર સરકાલને નાણાંની જરૂર હોય તો સાંસદો, ધારાસભ્યો, કોર્પોરેટરોના પગાર, ભથ્થા અને અન્ય સરકારી લાભો એક વર્ષ માટે બંધ કરી દો.... અને તમામ વર્ગના જરુરિયાતમંદ લોકોને જરૂરી સહાય કરો... જે સરકાર માટે સરળ અને ઉત્તમ રસ્તો છે. પરંતુ શું સરકાર ગરીબો, મજુરો, લોઅર મધ્યમ વર્ગની હિતેચ્છુ છે ખરી.....?! વંદે માતરમ્.

કોરોના સામેની જંગમાં વિરાટ-અનુષ્કાએ મુંબઈ પોલીસને ૫-૫ લાખ રૂપિયા આપ્યા

નવી દિલ્હી

કોરોના મહામારી વચ્ચે ટીમ ઈન્ડિયાનો કેપ્ટન વિરાટ કોહલી એકવાર ફરી મદદ માટે આગળ આવ્યો છે. તેણે આ વખતે મુંબઈ પોલીસના કલ્યાણ માટે પત્ની અનુષ્કાની સાથે પોતાનું યોગદાન આપ્યું છે. મુંબઈ પોલીસ કમિશનર પરમબીર સિંહે શનિવારે જણાવ્યું કે, ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન વિરાટ કોહલી અને તેની પત્ની અભિનેત્રી અનુષ્કા શર્માએ પાંચ-પાંચ લાખ રૂપિયાનું દાન કર્યું છે.

પોલીસ કમિશનર પરમબીર સિંહે સત્તાવાર ટ્વીટર હેન્ડલ પર લખ્યું, વિરાટ કોહલી અને અનુષ્કા શર્માનો મુંબઈ પોલીસકર્મીઓના કલ્યાણ માટે પાંચ-પાંચ લાખ રૂપિયાનું યોગદાન આપવા માટે આભાર. તમારૂ યોગદાન કોરોના વાયરસ વિરુદ્ધ લડાઈમાં મુંબઈ પોલીસની મદદ કરશે. આ પહેલા કોહલી અને અનુષ્કાએ કોવિડ-૧૯ વિરુદ્ધ લડાઈ માટે પ્રધાનમંત્રી કેયર્સ ફંડ અને મહારાષ્ટ્ર મુખ્યમંત્રી રાહત કોષમાં કાન કર્યું હતું, પરંતુ આ રકમનો ખુલાસો કર્યો નથી.

આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ(આઈએમએફ)એ ચેતવણી આપી

ચીન-અમેરિકા એકબીજા સાથે લડતા રહેશે તો દુનિયા બરબાદી તરફ ધકેલાશે

૨૦૨૦માં વૈશ્વિક અર્થતંત્રમાં ૩ ટકાનાં ઘટાડાનું અનુમાન

ન્યૂયોર્ક

આંતરરાષ્ટ્રિય નાણા ભંડોળ(IMF)એ વૈશ્વિક અર્થતંત્ર સાથે સંકળાયેલા અનુમાનોમાં ઘટાડો કરવાનાં સંકેત આપ્યા છે, IMFએ ચેતવણી જારી કરતા કહ્યું કે જો ચીન અને અમેરિકા આ પ્રકારે જ એકબીજા સાથે લડતા રહેશે તો દુનિયા બરબાદી તરફ ધકેલાઇ જશે. IMFએ અમેરિકા અને ચીનને ફરીથી ટ્રેડ વોરમાં ન પડવાની ચેતવણી આપતા કહ્યું કે, તેનાથી કોવિડ-૧૯ રોગચાળાથી અર્થતંત્રને બચાવવાનાં પ્રયત્નો નબળા પડશે. રોયટર્સનાં જણાવ્યા મુજબ IMFનાં મેનેજીંક ડાયરેક્ટર ક્રિસ્ટીના જ્યોર્જીવા યુરોપિયન યુનિવર્સિટીની એક ઓનલાઇન ઈવેન્ટને સંબોધિત કરી રહ્યા હતાં.

તેમણે કહ્યું કે વર્ષ ૨૦૨૦માં વૈશ્વિક અર્થતંત્રમાં ૩ ટકાનાં ઘટાડાનું અનુમાન લગાવ્યું હતું પરંતું ઘણા દેશોનાં આર્થિક આંકડા તેનાથી ઓછા આવી રહ્યા છે. ક્રિસ્ટીના જ્યોર્જીવાએ કહ્યું કોઇ તાત્કાલિક મેડિકલ સારવાર ઉપલબ્ધ નહીં હોવાના કારણે કેટલાક દેશોનાં અર્થતંત્રને તેની સામે પહોંચી વળવામાં મુશ્કેલી આવી શકે છે, જો કે કોરોના વાયરસ અંગે ચોક્કસપણે કાંઇ કહીં શકાય તેમ નથી, એટલા માટે આર્થિક પુર્વાનુમાન પર તેની અસર પડી રહી છે.

બીજી તરફ ચીનનાં સરકારી મિડિયાએ શનિવારે કહ્યું કે, રાષ્ટ્રપતિ શી જિનપિંગએ ઉત્તર કોરિયાનાં નેતા કિમ જોંગ ઉનને કોરોના વાયરસ સામે પહોંચી વળવા માટે મદદનો પ્રસ્તાવ આપ્યો છે. તેમણે કહ્યું કે તે ઉત્તર કોરિયાની સ્થિતિ અને ત્યાં રહેનારા લોકોનાં આરોગ્યને લઇને ઘણી ચિંતિત છે, સરકારી ટીવી ચેનલે જણાવ્યું કે આ રોગચાળાને કાબુમાં કરવા માટે ચીનનાં જેવા ઘણા પ્રયત્નો સકારાત્મક પરિણામો આવ્યા છે.

ગોવા બાદ મિઝોરમ કોરોના મુક્ત રાજ્ય બન્યુ

ઐઝ્વલ

ગોવા બાદ દેશનું વધુ એક રાજ્ય કોરોના મુક્ત થયું છે. મિઝોરમમાં એકમાત્ર કોરોના સંક્રમિત દર્દીને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરાતા રાજ્ય કોરોના મુક્ત થઈ ગયું છે. અધિકારીઓએ આ જાણકારી આપી હતી. તેઓએ કહ્યું કે, મિઝોરમ હવે પૂર્વોત્તરના ચાર અન્ય રાજ્યો મણિપુર, સિક્કિમ, નાગાલેન્ડ અને અરુણાચલ પ્રદેશની જમાતમાં સામેલ થઈ ગયું છે.

મિઝોરમના આરોગ્ય મંત્રી ડૉક્ટર આર લલથાંગલિયાનાએ કહ્યું કે રાજ્યમાં કોવિડ-૧૯ના એકમાત્ર દર્દી, પાદરીને ૪૫ દિવસની સારવાર બાદ શનિવારે જોરમ મેડિકલ કોલેજમાંથી રજા આપવામાં આવી હતી. તેમના સતત ચાર વખત ટેસ્ટ કરવામાં આવ્યા હતા અને તમામ રિપોર્ટમાં સ્વસ્થ હોવાની પુષ્ટી બાદ ડિસ્ચાર્જ કરવામાં આવ્યા હતા.આ પહેલા ગોવાએ પણ કોરોના વાયરસ વિરુધ્ધની લડાઈમાં જીત મેળવી હતી. અહીં કુલ ૭ કેસ સામે આવ્યા હતા, આ તમામ દર્દીઓ સ્વસ્થ થઈ જતા રાજ્યને કોરોના મુક્ત જાહેર કર્યું હતું, હાલ અહીં એક પણ કોરોના કેસ નથી.

ભારતીય સેનાની ચાંપતી નજર

પાકિસ્તાને બોર્ડર પર પેટ્રોલિંગ માટે એફ-૧૬,જેએફ-૧૭ અને મિરાજ-૩ લડાકુ વિમાન ઉતાર્યા

ઈસ્લામાબાદ

પાકિસ્તાને અચાનક નિયંત્રણ રેખા પર લડાકુ વિમાનોની ગતિવિધિઓ વધારી દીધી છે. નિયંત્રણ રેખા પર પોતાની સરહદમાં પાકિસ્તાનના એફ -૧૬, જેએફ -૧૭ અને મિરાજ-૩ ઉડાન ભરી રહ્યા છે. આ માહિતી મીડિયાના સૂત્રો દ્વારા મળી છે.

સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર તાજેતરમાં હંદવાડામાં આતંકવાદીઓ સાથેના એકાઉન્ટરમાં કર્નલ આશુતોષ શર્માની શહાદત બાદ પાકિસ્તાન ગભરાઈ ગયું છે અને તેણે સરહદ પર લડાકુ વિમાનોની ગતિવિધિઓ વધારી દીધી છે. હંદવાડામાં આતંકવાદીઓ સાથેની અથડામણમાં સૈન્યના ૫ જવાનો શહીદ થયા હતા.

રિપોર્ટ અનુસાર પાકિસ્તાનના એફ -૧૬, જેએફ -૧૭ અને મિરાજ -૩ વિમાન ભારતીય સરહદ રેખા નજીકથી ઉડાન ભરી રહ્યા છે. પાકિસ્તાનની આ હરકતોનેધ્યાનમાં રાખીને ભારતીય સૈન્ય સંપૂર્ણ સજાગ છે અને પાકિસ્તાની એરફોર્સની પ્રત્યેક ગતિવિધિ પર નજર રાખવામાં આવી રહી છે. ભારતીય વાયુસેનાના એરબેઝ પણ સંપૂર્ણપણે એલર્ટ છે. પાકિસ્તાની વિમાનોની અવરજવર પર નજર રાખવા માટે Airborne Warning And Control System (AWACS)નો ઉપયોગ કરી રહ્યું છે.

આપને જણાવી દઈએ કે ૨૭ ફેબ્રુઆરી ૨૦૧૯ ના રોજ ભારતે પાકિસ્તાનના એફ -૧૬ લડાકુ વિમાનને તોડી પાડ્યા હતા. ત્યારબાદ પાકિસ્તાને કેટલાંય મહિનાઓ સુધી પોતાના એરસ્પેસ બંધ કરી દીધા હતા.

આપને જણાવી દઈએ કે જમ્મુ-કાશ્મીરમાં છેલ્લા કેટલાક દિવસથી આતંકવાદીઓની ગતિવિધિઓ વધી છે. કોરોના ચેપથી થતી સમસ્યાઓ હોવા છતાં, પાકિસ્તાન નિયંત્રણ રેખાની બાજુએ સતત ફાયરિંગ કરી રહ્યું છે. હંદવાડામાં ભારતીય સેના સાથે આતંકવાદીઓની એકાઉન્ટર પૂર્વે જ પાકિસ્તાન વિમાન તેના વિસ્તારમાં ઉડાન ભરતું હતું. ભારત પાકિસ્તાનની સંપૂર્ણ ગતિવિધિઓ પર નજર રાખી રહ્યું છે.

પાકિસ્તાનમાં બોમ્બ હુમલામાં પાક આર્મી મેજર સહિત ૬ સુરક્ષા જવાનના મોત

બલુચિસ્તાન

ઈરાનની સરહદે આવેલા દક્ષિણ પશ્ચિમ પાકિસ્તાનના પ્રતિકારક બલુચિસ્તાન પ્રાંતમાં સુરક્ષા દળના પેટ્રોલિંગ વાહનમાં રસ્તા પર બોમ્બને ટક્કર મારતા આર્મી મેજર સહિત ૬ લશ્કરી જવાનો શહીદ થયા હતા.

સેનાએ શુક્રવારે એક નિવેદનમાં જણાવ્યું છે કે, અર્ધલશ્કરી દળના ફ્રન્ટીયર કોર્પ્સના એક વાહનને ઈરાની સરહદથી લગભગ ૧૪ કિલોમીટર દૂર કેચ જિલ્લાના બુલેડા વિસ્તારમાં રિમોટ કંટ્રોલ દેશી વિસ્ફોટક દ્વારા નિશાન બનાવવામાં આવ્યું હતું. સેનાના જણાવ્યા અનુસાર, એક મેજર અને ૫ સેનાના જવાન માર્યા ગયા છે. જયારે એક જવાન ઘાયલ થયો. હજૂ સુધી કોઈએ પણ આ હુમલાની જવાબદારી લીધી નથી. બલૂચ આતંકવાદીઓ ઘણીવાર આ પ્રાંતમાં સુરક્ષા દળોને નિશાન બનાવતા રહે છે.

ક્વૉરેન્ટાઈન કરાયેલા તબલિગી જમાતના ૨૪૪૬ સભ્યોને રજા અપાશે

ન્યુ દિલ્હી

કોરોના વાયરસના ખતરાને જોતા દિલ્હીના અલગ અલગ સેન્ટરોમાં ક્વોરેન્ટાઈન કરાયેલા તબલિગી જમાતના ૨૪૪૬ સભ્યોને હવે રજા આપવામાં આવશે.

જોકે દિલ્હી સરકારે સાથે સાથે એ પણ નક્કી કર્યુ છે કે, આ જમતાનો સભ્યો રજા અપાયા પછી સીધા પોતાના ઘરે જાય તે પ્રકારની વ્યવસ્થા કરવામાં આવે.

દિલ્હીમાં મરકઝમાં યોજાયેલા કાર્યક્રમમાં સંખ્યાબંધ જમાતીઓ પોઝિટિવ આવ્યા બાદ તમામને તકેદરાની ભાગરુપે ક્વોરેન્ટાઈન કરવામાં આવ્યા હતા.હવે તેમને રજા આપવાનુ નક્કી કકરાયુ છે અને તેમને મોકલવાની વ્યવસ્થા પણ દિલ્હી સરકાર કરશે.આ સભ્યો દેશના અલગ અલગ હિસ્સામાંથી આવેલા છે.

બીજી તરફ તેમાં સામેલ ૫૭૬ વિદેશીઓને હવે દિલ્હી પોલીસના હવાલે કરાશે.તેમને વિઝા ઉલ્લંઘનના મામલામાં પણ કાર્યવાહીનો સામનો કરવો પડશે.

કોરોના વાયરસ ફેલાવવામાં વુહાન માર્કેટનો મોટો ફાળોઃ વિશ્વ આરોગ્ય સંસ્થા

જિનિવા

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને એ વાતનો સ્વિકાર કર્યો હતો કે કોરોનાના ફેલાવામાં વુહાનના માર્કેટનો મોટો ફાળો રહ્યો છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન ચીન પ્રત્યે કુણી લાગણી ધરાવતું હોવાનો અને ચીન સામે કોઈ કાર્યવાહી ન કરતું હોવાનો વારંવાર ટ્રમ્પે આક્ષેપ કર્યો છે. એ પછી આજે ઓર્ગેનાઈઝેશન તરફથી આ નિવેદન આવ્યું હતું. ચીને પણ એવી દલીલ કરી હતી કે અમારે ત્યાંથી વાઈરસ ફેલાયો જ નથી. એ દલીલ હવે ખોટી પડી રહી છે.

ઓર્ગેનાઈઝેશને કહ્યું હતુ કે વુહાનના માર્કેટમાંથી વાઈરસ ફેલાયો અને ત્યાં ભીડ રહેતી હોવાથી વાઈરસ વધારે વ્યાપક બન્યો. પરંતુ એ વાઈરસના ફેલાવામાં વુહાન માર્કેટનો એક્ઝેટ કેટલો રોલ છે, એ હજુ સંશોધનનો વિષય છે. ચીની પ્રજા અનેક પ્રકારના જંગલી પ્રાણીઓ આરોગે છે અને ત્યાં તેના નિયમિત માર્કેટ ભરાય છે. આ પ્રાણીઓ દ્વારા ભૂતકાળમાં પણ કેટલાક વાઈરસ મનુષ્યમાં આવી ચૂક્યા છે.

બીજી તરફ ચીને પણ પોતાની ખામી સ્વિકારતાં કહ્યું હતું કે આરોગ્ય સિસ્ટમ સુધારવી પડશે. ચીની આરોગ્ય અધિકારી લી બીને કહ્યું હતુ કે કોરોનાને કારણે અમે ઊંઘતા ઝડપાયા. કોરોના સામે લડવા માટે ચીનની હેલ્થ સિસ્ટમ તૈયાર ન હતી. પરંતુ કોરોનામાંથી શીખ લઈને ચીન હવે સિસ્ટમ મજબૂત કરશે એવુ તેમણે કહ્યું હતું. પાકિસ્તાનમાં સતત વધતા કેસ વચ્ચે લૉકડાઉન હળવું કરી દેવાયું છે. પાકિસ્તાનમાં એક જ દિવસમાં ૧૬૩૭ કેસ નોંધાયા હતા, જે અત્યાર સુધીમાં સૌથી વધુ છે. કુલ કેસ તો ૨૭ હજારથી વધારે નોંધાયા છે.

નીતિ આયોગના સીઈઓ અમિતાભ કાંતનું નિવેદન

'આરોગ્ય સેતુ' એપથી ૩૦૦ નવા હોટસ્પોટની જાણકારી મળી

ન્યુ દિલ્હી

કોરોના વાઈરસ મહાબીમારીના સંકટનો સામનો કરવામાં મદદરૂપ થવા માટે નરેન્દ્ર મોદી સરકારે 'આરોગ્ય સેતુ' એપ્લિકેશન તૈયાર કરી છે. નીતિ આયોગના સીઈઓ અમિતાભ કાંતે કહ્યું છે કે આ એપની મદદથી દેશભરમાં કોરોના વાઈરસના નવા ઉભરતા ૩૦૦ હોટસ્પોટ્સની જાણકારી મળી છે.

કાંતે કહ્યું કે, 'આરોગ્ય સેતુ' એપ ન હોત તો આ ૩૦૦ હોટસ્પોટ્સ પકડમાં આવી શક્યા ન હોત. આ એપ્લિકેશને સત્તાવાળાઓને દેશભરમાં કોરોનાના ૬૫૦ હોટસ્પોટ્સ અને ૩૦૦ નવા ઉભરતા હોટસ્પોટ્સની જાણકારી આપીને એલર્ટ કરી દીધા છે.

અહેવાલ મુજબ, અમિતાભ કાંતે કહ્યું કે મહારાષ્ટ્રમાં આરોગ્ય એપે ૧૮ જિલ્લાઓમાં ૬૦ હોટસ્પોટ્સનો પતો લગાવ્યો છે. દેશભરમાં, ૧૩-૨૦ એપ્રિલ વચ્ચે ૧૩૦ હોટસ્પોટ્સની ઓળખ કરી હતી. બાદમાં, કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે આ અનુમાનિત હોટસ્પોટ્સને વાસ્તવિક હોટસ્પોટ્સ તરીકે ઘોષિત કર્યા હતા. કાંતે કહ્યું કે, 'આરોગ્ય સેતુ' એપ ડાઉનલોડ કરનારાઓમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૧૨,૫૦૦ જણ કોરોના પોઝિટીવ હોવાનું માલૂમ પડ્યું છે. 'આરોગ્ય સેતુ' દુનિયાના કોઈ પણ અન્ય ટેસ્ટિંગ પ્લેટફોર્મ કરતાં વધારે સારી છે.

અત્યાર સુધીમાં ૬ કરોડ ૯૦ લાખ લોકોએ 'આરોગ્ય સેતુ'થી પોતાના આરોગ્યની જાંચ કરાવી છે. આમાં ૩૪ લાક લોકોએ પોતાને બીમાર ઘોષિત કર્યા હતા, કારણ કે એમનામાં એક અથવા ત્રણથી વધારે લક્ષણ જોવા મળ્યા હતા. ૭૦ સ્વાસ્થ્યકર્મીઓની સમર્પિત ટીમ એવા સાડા છ લાખ લોકો સુધી પહોંચી છે જેમનામાં બે કે તેનાથી વધારે લક્ષણ જોવા મળ્યા હતા.

દિલ્હીમાં ૭૫ ટકા કોરોનાના કેસ લક્ષણો વગરના, ઘરે સારવાર અપાય છેઃ કેજરીવાલ

ન્યુ દિલ્હી

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે રવિવારે જણાવ્યું કે દિલ્હીમાં કોરોનાના ૭૫ ટકા કેસો ઓછા લક્ષણો સાથેના (માઈલ્ડ) અથવા લક્ષણો વગરના હોવાનું જણાયું છે. આ ઉપરાંત રાજ્ય પાસે એમ્બ્યુલન્સ પુરતી નહીં હોવાથી ખાનગી હોસ્પિટલ્સની એમ્બ્યુલન્સને વપરાશમાં લેવા માટેના આદેશો પણ આપવામાં આવ્યા છે.

કેજરીવાલે મીડિયા સાથે ઓનલાઈન વાતચીત કરતા કહ્યું કે, રાજ્ય સરકારને જ્યારે જરૂર પડશે ત્યારે ખાનગી એમ્બ્યુલન્સની સેવા લઈ શકશે. દિલ્હી સરકારે માઈલ્ડ કોરોના દર્દીઓને તેમના ઘરે જ સારવાર કરવાની વ્યવસ્થા ગોઠવી છે જે કેન્દ્રની ગાઈડલાઈન મુજબ છે. દિલ્હીમાં ૬,૯૨૩ કોરોના દર્દીઓ પૈકી ૧,૪૭૬ દર્દીઓને જ હોસ્પિટલમાં એડમિટ કરવામાં આવ્યા છે બાકીના તમામ દર્દીઓને માઈલ્ડ લક્ષણો અખથવા લક્ષણો નહીં હોવાથી તેમની સારવાર ઘરેબેઠા થઈ રહી છે.

અમારી ટીમ દર્દીઓના ઘરે જઈને એ પણ ચકાસણી કરી રહી છે કે આવા હવળા લક્ષણો સાથેના દર્દીઓ પ્રોટોકોલનું પાલન કરી રહ્યા છે કે કેમ તેમ દિલ્હીના સીએમે જણાવ્યું હતું. જો આવા દર્દીઓ પાસે તેમના ઘરમાં અલગ રૂમની વ્યવસ્થા ના હોય તો અમે તેમને કોવિડ ૧૯ કેર સેન્ટરમાં દાખલ થવાનું જણાવીએ છીએ. કોરોના સામેની જંગમાં ખાનગી હોસ્પિટલોની એમ્બ્યુલન્સની પણ મદદ લેવાનો નિર્ણય સરકારે કર્યો છે તેમ કેજરીવાલે જણાવ્યું હતું.

લોકડાઉનના કારણે પૈસાની તંગી સર્જાતા ઘર ચલાવવામાં પડે છે તકલીફઃ સાયંતાની ઘોષ

મુંબઈ

કોરોના વાયરસ અને લોકડાઉનના કારણે લોકો આર્થિક રીતે કંગાળ થતાં જાય છે. ટીવી સ્ટાર્સને પણ પૈસાની બાબતે સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. લોકડાઉનને કારણે ફિલ્મ અને ટીવી ઈન્ડસ્ટ્રી પર સંપુર્ણ રીતે બ્રેક છે. હવે ટીવી એક્ટ્રેસ સાયંતાની ઘોષે તેના વિશે વાત કરી છે. સાયંતાનીએ એક મુલાકાતમાં જણાવ્યું હતું કે, કટોકટી એવી છે કે તે લોકો પૈસા ચુકવણીનો ઈનકાર તો નથી કરી રહ્યા પરંતુ તેઓ કેવી રીતે ચૂકવણી કરશે. ઓફિસો પણ બંધ છે. આપણે બધાને અસુવિધાનો સામનો કરવો પડી રહ્યો છે. મારા કિસ્સામાં પણ પૈસા અટવાયા છે. મારી પાસે ઘણા ખર્ચ છે. મારા ઘર અને કારના ઈએમઆઈ છે.

જો કે સરકારે તેમાં છૂટછાટ આપી છે કે તે ૨-૩ મહિના માટે તે મુલતવી રાખવામાં આવશે પરંતુ મારે ઘર પણ ચલાવવું પડશે. તેમાં મને અસુવિધા થઈ રહી છે. મારું દિલ એ લોકો માટે દુઃખે છે જેઓ દૈનિક વેતન મજૂરી કરે છે. એવા કલાકારો પણ કે જેમણે હમણાં જ કામ શરૂ કર્યું છે અને હજી સારી સ્થિતિમાં નથી. તે દરેક માટે મુશ્કેલ સમય છે. વર્કફ્રન્ટની વાત કરીએ તો સાયંતાની ઘોષ નાગીન ૪ માં જોવા મળી હતી. તે શોમાં એક સાપના પાત્રમાં હતી. હવે તે શોની બહાર છે. આ શોમાં તેના પાત્રની હત્યા કરવામાં આવી છે.

લાઉડ સ્પીકર પર અઝાનને લઈને જાવેદ અખ્તરએ છંછેડ્યો વિવાદનો મધપૂડો

મુંબઈ

દિગ્ગજ સ્ક્રિપ્ટ રાઈટર અને લિરિસ્ટ જાવેદ અખ્તર કરેલી એક ટ્વિટને લઈ વિવાદમાં ઘેરાઈ ગયા છે. તેમણે પોતાની ટ્વિટમાં લખ્યું હતું કે, 'ભારતમાં આશરે ૫૦ વર્ષ સુધી લાઉડ સ્પીકર પર અઝાન હરામ હતી. ત્યાર બાદ તે હલાલ (અનુસરવા યોગ્ય) થઈ ગઈ અને એટલી હદે હલાલ થઈ કે તેની કોઈ સીમા જ ન રહી. અઝાન કરવી સારી વાત છે પરંતુ લાઉડ સ્પીકર પર કરવાથી તે બીજા લોકો માટે મુશ્કેલીરૂપ બની જાય છે. હું આશા રાખું કે, કમસે કમ આ વખતે તેઓ જાતે જ કરશે. જાવેદ અખ્તરની આ ટ્વિટ સોશિયલ મીડિયામાં ખૂબ જ ઝડપથી ટ્રોલ થવા લાગી હતી. એક વ્યક્તિએ કોમેન્ટમાં લખ્યું હતું કે, 'લાઉડ સ્પીકર્સ પર ફક્ત અઝાન બેન કરવાની વાત કરીને તમારે તમારૂં સેક્યુલરિઝમ સાબિત કરવાની જરૂર નથી.

બેન કરવું જ હોય તો લાઉડ સ્પીકર્સને જ સંપૂર્ણપણે બેન કરી દો. પછી તે ગણેશ ચતુર્થી પર હોય કે અઝાન પર, રવિવારની સમૂહ પ્રાર્થના કે અન્ય કોઈ પણ ધાર્મિક અવસર માટે. આપણે વીઆઈપી લગ્નોમાં થતા ઘોંઘાટને પણ ભૂલવો ન જોઈએ. અન્ય એક વ્યક્તિએ લખ્યું હતું કે, તમારા નિવેદનથી અસહમત છું. મહેરબાની કરીને ઈસ્લામ અને તેના વિશ્વાસ સાથે સંકળાયેલા મુદ્દે નિવેદન ન આપશો. તમે જાણો જ છો કે, અમે ઉંચા અવાજે ગીતો નથી વગાડતા અને કોઈ ખરાબ કામ પણ નથી કરતા. અઝાન પ્રાર્થના માટે અને સાચા રસ્તે ચાલવા માટેનો એક સુંદર બોલાવો છે. તેના જવાબમાં જાવેદ અખ્તરે લખ્યું કે,

તો તમે એમ કહેવા માંગો છો કે, ઈસ્લામના તમામ જાણકારો જેમણે ૫૦ વર્ષ સુધી લાઉડ સ્પીકરને હરામ ઠેરવ્યું હતું તેઓ ખોટા હતા. તેઓ શું કરે છે તેનું તેમને ભાન નહોતું? જો તમારામાં હિંમત હોય તો ફરી એક વખત કહો પછી હું તમને તે જાણકારોના નામ પણ આપીશ.' જાવેદ અખ્તરના નિવેદન બાદ રમઝાન માસમાં જ સોશિયલ મીડિયામાં એક વિવાદ શરૂ થઈ ગયો છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ સોનુ નિગમે પણ લાઉડ સ્પીકર પર અઝાન મામલે નિવેદન આપીને વિવાદ સર્જ્યો હતો.

એમએસકે પ્રસાદને સુરેશ રૈનાનો વળતો જવાબ

જ્યારે મારો સમય આવશે ત્યારે હું ફરીથી રમીશ

નવી દિલ્હી

ટીમ ઈન્ડિયાનો મિડલ ઓર્ડર બેટ્સમેન સુરેશ રૈના આ દિવસોમાં ટીમ ઈન્ડિયામાં વાપસીની રાહ જોઈ રહ્યો છે. રૈનાને આશા હતી કે તે પોતાના આઈપીએલ પ્રદર્શનથી ટી૨૦ વિશ્વકપ માટે ટીમમાં પોતાની વાપસીનો દાવો રજૂ કરશે. પરંતુ કોવિડ-૧૯ના સંક્રમણે તેની આશા પર પાણી ફેરવી દીધું છે. આ ઘાતક વાયરસને કારણે આઈપીએલ અચોક્કસ સમય માટે સ્થગિત છે. આ વચ્ચે રૈના સોશિયલ મીડિયાના માધ્યમથી પોતાના ફેન્સ સાથે સતત સંપર્કમાં રહે છે. થોડા દિવસ પહેલા રૈનાએ કહ્યું હતું કે સિલેક્ટરોએ મને ટીમની બહાર રાખ્યો, પરંતુ તેણે મને ક્યારેય કારણ જણાવ્યું નથી આખરે તે મારી પાસેથી શું ઈચ્છે છે.

હું શું ટાર્ગેટ હાસિલ કરુ, જેથી ટીમ ઈન્ડિયામાં વાપસી કરી શકુ. આ વચ્ચે એમએસકે પ્રસાદે રૈનાના આરોપને ખોટા ગણાવતા કહ્યુ હતુ કે તેમણે રૈના સાથે આ સંદર્ભમાં ખુદ વાત કરી હતી અને પતાના રૂમમાં બોલાવી વિસ્તારથી ચર્ચા કરી હતી. એમએસકે પ્રસાદે આ બેટ્સમેનના નિવેદન પર પ્રતિક્રિયા આપતા કહ્યુ હતુ કે, 'રૈનાનું ટીમમાં પરત ન આવવાનુ કારણ તેનું ખરાબ પ્રદર્શન છે. ન તો તેણે ડોમેસ્ટિક ક્રિકેટમાં સારૂ કર્યુ ન તો આઈપીએલમાં કરી શક્યો. ત્યારબાદ મેં રૈનાને તેની વાપસીનો રોડમેપ સમજાવ્યો હતો. તેણે મારા સૂચનોનું સમર્થન પણ કર્યુ હતુ. પરંતુ શનિવારે રૈનાએ ટીમ ઈન્ડિયાના પૂર્વ ફાસ્ટ બોલર ઈરફાન પઠાણ સાથે જ્યારે ઈન્સ્ટાગ્રામ લાઈવ ચેટ પર ચર્ચા દરમિયાન પ્રસાદની આ વાતને નકારી હતી. રૈનાએ કહ્યુ, એમએસકે પ્રસાદ બોલી રહ્યા હતા કે હું અન્ડર પરફોર્મ હતો અને તેમણે ટીમથી બહાર થવા પર વાત કરી હતી. પરંતુ તેમણે કોઈ વાત કરી નથી. ૩૩ વર્ષીય આ બેટ્સમેને ભાર આપતા કહ્યુ, જ્યારે મારો સમય આવશે ત્યારે હું ફરીથી રમીશ.

વંદે ભારત મિશનઃ લંડનમાં ફસાયેલા ૩૨૯ ભારતીયોને સ્વદેશ પરત લવાયા

ન્યુ દિલ્હી

વિદેશમાં ફસાયેલા ભારતીયનો સ્વદેશ પરત લાવવા માટે કેન્દ્ર સરકારે કામગીરી શરૂ કરી છે. ત્યારે મોડી રાત્રે લંડનમાં ફસાયેલા ૩૨૯ ભારતીયોને વિશેષ વિમાન દ્વારા મુંબઈ લાવવામાં આવ્યા.. આ તમામ લોકોનું મુંબઈ એકપોર્ટ પર ચેકિંગ કરવામાં આવ્યુ. જે બાદ તેમને ક્વોરન્ટીન કરવામાં આવ્યા છે. કેન્દ્ર સરકારે વિદેશમાં ફલાયેલા લોકો માટે વંદે ભારત મિશનની શરૂઆત કરી છે. આ મિશન હેઠળ ભારતીયોને સ્વદેશ લાવવામાં આવી રહ્યા છે.

અરવલ્લી જિલ્લામાં કોરોના પોઝીટીવ ૬ કેસ નોંધાતા તંત્રમાં દોડધામ

મોડાસા

છેલ્લા ૨૪ કલાકમાં અરવલ્લી જિલ્લામાં કોરોના પોઝીટીવ ૬ કેસ નોંધાયા છે. મોડાસા નગરમાં વધુ ૨ પોઝીટીવ કેસ સાથે કુલ કોરોનાગ્રસ્ત દર્દીઓનો આંક ૨૩ પર પહોંચ્યો છે. ત્યારે નગરમાં લોકલ સંક્રમણનો ખતરો વર્તાતાં તંત્ર એલર્ટ કરાયું છે અને તકેદારીના સંપૂર્ણ પગલાં જિલ્લા કલેક્ટરના આદેશથી ભરવામાં આવી રહ્યા છે. આરોગ્ય વિભાગ દ્વારા નોંધાયેલ પોઝીટીવ કેસને લઈ ૭૩ વ્યકિતઓને હોમ ક્વોરન્ટાઈન કરી દેવાયા છે. જ્યારે હજુ ૧૩૧ સેમ્પલનો રીપોર્ટ પેન્ડીંગ હોવાનું વિભાગના સૂત્રો દ્વારા જણાવાઈ રહ્યું છે. જિલ્લામાં છેલ્લા ૨૪ દિવસોમાં કોરોના પોઝીટીવ ૭૪ કેસ નોંધાયા છે. જયારે છેલ્લા ૨૪ કલાકમાં નવા ૬ કેસ નોંધાતાં તંત્ર દ્વારા જરૂરી સેનેટાઈઝેશન સહિત સર્વેલન્સની કામગીરી હાથ ધરાઈ છે. જિલ્લામાં વધુ ચાર કેસ કોરોના પોઝીટીવ આવતાં લોકોમાં ફફડાટ ફેલાયો છે. મોડાસાના -૨, બાયડના તેનપુરના-૨ તથા ધનસુરાના બિલવણીયા અને વડાગામમાં ૧-૧ કેસ નવા નોંધાતાં કુલ આંકડો ૭૪ પહોંચતાં આરોગ્ય તંત્રમાં દોડધામ મચી હતી.

મોડાસા નગરમાં માલપુર રોડ ઉપરની કશ્યપ સોસાયટીમાં એક પોઝીટીવ કેસ મળતાં અસરગ્રસ્ત વિસ્તારો કન્ટેઈમેન્ટ ઝોન જાહેર કરી અવર જવર પ્રતિબંધીત કરવા મોડાસા નગરના કેટલાક માર્ગો જડબેસલાક બંધ કરી દેવાયા છે. જિલ્લા આરોગ્ય વિભાગની યાદીમાં જણાવ્યા મુજબ હાલ જિલ્લામાં ૨૨૦૬ વ્યકિતઓ જિલ્લા બહારથી આવેલા છે. ત્યારે આરોગ્ય ની ૩૭ ટીમો દ્વારા ૨૦૧૧ ઘરોમાં વસવાટ કરતા ૧૦૮૪૭ લોકોનું સર્વે હાથ ધરાયુ છે.

હાલ જિલ્લામાં ૭૩ વ્યકિતઓ હોમ ક્વોરન્ટાઈન કરાયા છે. જયારે ૨૮ વ્યકિત આઈશોલેશન વોર્ડમાં, અને ૯ વ્યકિતઓને કોવીડ કેર સેન્ટર સહિત કેસીલીટી સેન્ટરોમાં દેખરેખ હેઠળ રાખવામાં આવેલા છે. હજુ જિલ્લામાંથી લેવાયેલ ૧૩૧ સેમ્પલોનો રીપોર્ટ બાકી છે. ત્યારે ગાયવાછરડા અને ધનસુરાના બે દર્દીઓનો કોરોના રીપોર્ટ નેગેટીવ આવ્યો છે. આમ બે દર્દીઓએ કોરનાને માત આપતાં રાહત ફેલાઈ છે.

અમરાઈવાડી વિસ્તારમાં લોકડાઉનના ઉડ્યા લીરેલીરા, સોશિયલ ડિસ્ટન્સનો ભંગ

અમદાવાદ

અમદાવાદના અમરાઈવાડી વિસ્તારમાં લોકોના ટોળે ટોળા ઉમટ્યા હતા. સોશિયલ ડિસ્ટન્સનો કર્યો ભંગ. ભોજન આપવાની માગ સાથે લોકો કોર્પોરેટર જગદીશ રાઠોડની ઓફિસ બહાર એકઠા થયા હતા. અમદાવાદના અમરાઈવાડી વિસ્તારમાં લોકોના ટોળે ટોળા ઉમટ્યા ત્યારે લોકોમાં સોશિયલ ડિસ્ટન્સનો પણ અભાવ જોવા મળ્યો હતો. લોકોનો આક્ષેપ છે કે, જે અનાજ મફતમાં આપવામાં આવતુ હતુ તે અનાજ આપવાનું બંધ થયુ છે.

લોકડાઉનના કારણે કોઈપણ જીવનજરૂરિયાત ચીઝવસ્તુ મળતુ નથી. લોકોનું કહેવુ છે કે, ૧૫ રૂપિયાના ટામેટા ૧૦૦ રૂપિયામાં મળે છે. ત્યારે કોર્પોરેટર જગદીશ રાઠોડે જણાવ્યુ હતુ કે, કોર્પોરેશન દ્વારા ફૂડ આપવામાં આવતુ નથી. સરકાર દ્વારા ગરીબને કોઈપણ પ્રકારની સહાય કરવામાં નહીં આવે તો લોકોમાં રોષ જોવા મળશે.. જેથી સરકારે લોકડાઉન વચ્ચે લોકોને સહાય કરવી જોઈએ.

રાયડાની ટેકાના ભાવે ખરીદી કરવા માટે બનાસકાંઠાના સાંસદ ઉઠાવી માગ

બનાસકાંઠા

સરકાર ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે, તે માટે ટેકાના ભાવે ખરીદી કરતી હોય છે. પરંતુ એરંડાની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવતી નથી. જેથી એરંડાનું વાવેતર કરનારા ખેડૂતો મુશ્કેલી અનુભવી રહ્યા છે. લોકડાઉનના કારણે એરંડાના ભાવ તળીયે જતા એરંડા પકવતા ખેડૂતોની મોટી મુશ્કેલી સર્જાઈ છે. ગત વર્ષે એરંડાની પ્રતી મણ ૧૧૦૦થી ૧૨૦૦ રૂપિયા કિંમત મળતી હતી. જે આ વર્ષે ૬૦૦થી ૭૦૦ રૂપિયા જેટલી છે.

જેથી ખેડૂતોને પ્રતિ મણે ૫૦૦ રૂપિયા ભાવ ઓછા મળતા ખેડૂતો ચિંતિત છે.રાજયમાં સૌથી વધુ એરંડાનું વાવેતર અને ઉત્પાદન ઉત્તર ગુજરાતમાં અને તેમાં પણ બનાસકાંઠા જિલ્લામાં સૌથી વધારે છે, ત્યારે ખેડૂતોની સ્થિતિ અને રજૂઆતને ધ્યાનમાં રાખી બનાસકાંઠાના સાંસદ પરબત પટેલે કૃષિ પ્રધાનને પત્ર લખી ટેકાના ભાવે એરંડાની ખરીદી કરવા ઉગ્ર માગ કરી છે.

લોકડાઉનમાં તાલાલા માર્કેટ યાર્ડમાં કેસર કેરીનું આગમન

તાલાલા

ફળોના રાજા કેસર કેરી તો તૈયાર થઈ ગઈ છે. પરંતુ હાલ લોકડાઉનને કારણે ટ્રાન્સપોર્ટેશન બંધ હોવાથી કેરીની અન્ય રાજય અને વિદેશમાં નિકાસ થઈ શકતી નથી. પરંતુ આજે તાલાલા માર્કેટ યાર્ડમાં કેરીનું આગમન શરૂ થયું છે. મોટી સંખ્યામાં ખેડૂતો પોતાની કેરીના પાકને વેચવા માટે ઉમટી પડ્યા છે. આ વર્ષે લોકડાઉનને કારણે અને કમોસમી વરસાદથી કેરી ૧૫ દિવસ મોડી આવી છે. કમોસમી વરસાદથી ૧૫ ટકા કેરીના પાકને નુકસાન પહોંચ્યું છે. બીજી તરફ કોરોનાની મહામારીને કારણે ખેડૂતો અને બગીચાના માલિકોને નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. આજથી તાલાલા માર્કેટ યાર્ડમાં કેસર કેરીની હરાજી શરૂ કરવામાં આવશે. ૮થી ૧૦ હજાર બોક્સ માર્કેટ યાર્ડમાં આવી ગયા છે. કોરોના સંક્રમણને ધ્યાને રાખીને માર્કેટ યાર્ડને સેનિટાઈઝ કરવામાં આવ્યું હતું. સાંજે કેરીની હરાજી થશે. કેરીના ભાવ સારા મળે તેવી ખેડૂતો આશ લઈને બેઠા છે.

નવી ગાઈડલાઈન્સ પ્રમાણે અમદાવાદની સમરસ હોસ્ટેલમાં ૩૫૦ કોરોના દર્દીઓ ડિસ્ચાર્જ કરાયા

અમદાવાદ

સમરસ હોસ્ટેલમાં સામાન્ય લક્ષણો ધરાવતા ૧૦૦૦ જેટલા પોઝિટિવ દર્દીઓને રાખવામાં આવ્યા છે. સરકારની નવી ગાઈડલાઈન્સને કારણે એકસાથે ૩૫૦ દર્દીઓને રજા આપવામાં આવી છે. સમરસ હોસ્ટેલની બીજી સારી વાત એ છે કે, અહીંના ૨૦૩ જેટલાં દર્દીઓ ૭ દિવસની આયુર્વેદિક સારવાર લઈને સાજા થયા છે. આયુર્વેદિક સારવારથી તમામ ૨૦૩ લોકોનાં રિપોર્ટ નેગેટિવ આવ્યા હતા. અમદાવાદમાં કોરોનાનાં કુલ કેસ ૫૫૪૦ છે તો તેની સામે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની કુલ સંખ્યા ૧૧૦૭ છે. તેમજ કુલ ૩૬૩ લોકોના મોત નિપજ્યા છે.

લોકડાઉનછતાં પહેલા પાનાથી ચાલુ

ટીમો ગુજરાત, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ, દિલ્હી, રાજસ્થાન, મધ્યપ્રદેશ, પંજાબ, પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશ અને તેલંગાણા માટે રવાના કરશે. COVID-19 માટે તાજેતરમાં એક ઉચ્ચ સ્તરીય ટીમને મુંબઈ મોકલવામાં આવી છે. એર ઈન્ડિયાના ૫ પાયલોટ કોરોના પોઝિટિવ મળ્યા છે. તાજેતરમાં જ તેઓ કાર્ગો ફ્લાઈટ્સ લઈ ચીન ગયા હતા. કંપનીના સૂત્રોએ જણાવ્યું હતું કે પાંચેય પાયલોટમાં કોઈ લક્ષણ નજર નથી આવ્યા.

અત્યારે તેઓ મુંબઈમાં છે. ઉડ્ડયન ભરવાના ૭૨ કલાક અગાઉ તેમનું પ્રી-ફ્લાઈટ ટેસ્ટ કરવામાં આવ્યો

છેલ્લા એક સપ્તાહમાં આ સૌથી ઓછા કેસ હતા. ૨ મેના રોજ ૨,૫૬૪ કેસ આવ્યા હતા. ૧૪,૧૪ દર્દીના આરોગ્ય સારું થઈ ગયું છે. બીજી બાજુ સૌથી વધારે દર્દીને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. આ અગાઉ ૭ મેના રોજ ૧,૪૭૫ દર્દીને સારું થયું હતુ. ગઈકાલે મહારાષ્ટ્રમાં ૧,૧૬૫, ગુજરાતમાં ૩૯૪, મધ્ય પ્રદેશમાં ૧૧૬, તમિલનાડુમાં ૫૨૬, ઉત્તર પ્રદેશમાં ૧૫૯, રાજસ્થાનમાં ૧૨૯ પશ્ચિમ બંગાળમાં ૧૦૮, પંજાબમાં ૩૧ રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતા.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે દેશમાં ૬૨ હજાર ૯૩૯ સંક્રમિત દર્દી છે. ૪૧ હજાર ૪૭૨ દર્દીનો ઈલાજ ચાલી રહ્યો છે. ૧૯ હજાર ૩૫૭ દર્દીને સારું થઈ ગયું છે, જ્યારે ૧,૯૮૨ દર્દીના મોત થયા છે.

દરમ્યાનમાં, કેન્દ્રીય આરોગ્ય પ્રધાન હર્ષવર્ધને કહ્યું કે, કોવિડ-૧૯ની તપાસ વધારીને પ્રતિદિન લગભગ ૯૫,૦૦૦ કરવામાં આવી છે, જ્યારે ૩૩૨ સરકારી સ્કૂલ અને ૧૨૧ ખાનગી લેબમાં અત્યાર સુધી ૧૫ લાખથી વધુ નમૂનાની તપાસ કરવામાં આવી છે.થોડા રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશમાં અવાર-નવાર મોટી સંખ્યામાં નવા કેસ સામે આવી રહ્યા છે. કેરલ અને પૂર્વોત્તર સહિત થોડા નાના રાજ્યોમાં સંક્રમણની સંખ્યા ખૂબ ઓછી થઈ છે

કેરળમાં દરેક રવિવારે લોકડાઉન સન્ડે જાહેર કરાયો છે. કોરોના સંક્રમણને અટકાવવા તેમ જ પર્યાવરણને સ્વચ્છ રાખવા માટે કેરળમાં આજથી દરેક રવિવારે ટોટલ લોકડાઉન રહેશે. સરકારે શનિવારે આ આદેશ જારી કર્યો હતો. જે અનુસાર આજે રવિવારે કેરલમાં સંપૂર્ણ બંધ જોવા મળ્યું હતું. સરકારે આવશ્યક સેવાઓને બાદ કરતા તમામ દુકાનો બંધ રાખવાનો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી પિનરઈ વિજયનના જણાવ્યા પ્રમાણે ૭ મેના રોજ ખાડી દેશોમાંથી આવેલા બે ભારતીયોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. આ પૈકી એક દુબઈથી કોઝીકોડ અને બીજી વ્યક્તિ અબુ ધાબીથી કોચિ આવ્યા હતા. રાજયમાં કોરોનાના દર્દીની સંખ્યા ૫૦૬ થઈ ગઈ છે

છેલ્લા એક સપ્તાહમાં આ સૌથી ઓછા કેસ હતા. ૨ મેના રોજ ૨,૫૬૪ કેસ આવ્યા હતા. ૧૪,૧૪ દર્દીના આરોગ્ય સારું થઈ ગયું છે. બીજી બાજુ સૌથી વધારે દર્દીને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. આ અગાઉ ૭ મેના રોજ ૧,૪૭૫ દર્દી સાજા થયા હતા. ગઈકાલે મહારાષ્ટ્રમાં ૧,૧૬૫, ગુજરાતમાં ૩૯૪, મધ્ય પ્રદેશમાં ૧૧૬, તમિલનાડુમાં ૫૨૬, ઉત્તર પ્રદેશમાં ૧૫૯, રાજસ્થાનમાં ૧૨૯ પશ્ચિમ બંગાળમાં ૧૦૮, પંજાબમાં ૩૧ રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતા.

લોકડાઉનમાં રાહત મળ્યા બાદ આસામના ગુવાહાટીમાં બ્રહ્મપુત્ર ઘાટ પરથી ફરી વખત બોટ સર્વિસ શરૂ કરવામાં આવી છે. જળ પરિવહન વિભાગના એક કર્મચારીએ ન્યૂઝ એજન્સીને જણાવ્યું હતું કે તમામ દિશા-નિર્દેશોનું પાલન કરવામાં આવી રહ્યું છે. માસ્ક લગાવ્યા વગર આવનારને ટિકિટ આપવામાં આવી રહી નથી.

આજે વડાપ્રધાન પહેલા પાનાથી ચાલુ

વાયરસના મામલા વધી રહ્યા છે. જો આવું જ ચાલ્યા કરશે તો મોટા ભાગના જિલ્લાઓ રેડ ઝોનમાં આવી જશે. તેથી કાલની બેઠકમાં આ મુદ્દા પર પણ ખાસ ચર્ચા થશે તેવું માનવામાં આવી રહ્યું છે.

લોકડાઉન બાદ પહેલા પાનાથી ચાલુ

દરમિયાન કાચો માલ ખરાબ થઈ ગયો છે કે નહીં તે ચકાસવામાં આવે. સ્ટોરેજ એરિયામાં પ્રકાશ અને હવા આવવા જવાની પૂરતી વ્યવસ્થા છે કે નહીં તે ચેક કરવામાં આવે.

ફેકટરી ચાલુ કરતા પહેલા પરિસરનું સેફટી ઓડિટ કરવામાં આવે, તમામ પાઈપ, ઉપકરણ યોગ્ય રીતે કામ કરી રહ્યા છે કે નહીં તે જોવામાં આવે. બોયલરનો ઉપયોગ કરતા પહેલા ચેક કરવામાં આવે. જરૂર પડવા પર ઈમરજન્સી ટીમ કે એક્પર્ટ પ્રોફેશનલ ટીમ જલદીથી ઘટના સ્થળે પહોંચે તેમ ગાઈડલાઈનમાં જણાવવામાં આવ્યું છે.

કોરોનાનો કહેર વધતા અમદાવાદમાં વધુ ૧૨ હોસ્પીટલો કોવિડ-૧૯ કેર સેન્ટર બનશે

અમદાવાદ

અમદાવાદમાં કોરોનાનો કહેર વધી રહ્યો છે. જેમાં દરરોજ સરેરાશ ૨૫૦ જેટલા દર્દીઓનો વધારો થઈ રહ્યો છે. ત્યારે અમદાવાદ કોર્પોરેશને ખાનગી હોસ્પિટલોની પણ મદદ લીધી છે અને વધુ ૧૨ ખાનગી હોસ્પિટલોમાં ઝીદ્ધ્ર કેર સેન્ટર ઉભી કરવા મ્યુનિસિપલ કમિશનર મુકેશ કુમારે ઓર્ડર બહાર પાડ્યો છે. જેમાં નવરંગપુરામાં શ્રેય હોસ્પિટલ, નિધિ હોસ્પિટલ અને સોલાર હોસ્પિટલ પાલડીમાં એમ્સ હોસ્પિટલ, નરોડામાં રૂદ્રાક્ષ હોસ્પિટલ, સૈજપુરમાં કર્ણાવતી સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ અને ઈસનપુરમાં રતન હોસ્પિટલ, વસ્ત્રાલમાં સ્પંદન હોસ્પિટલ, બોપલમાં સરસ્વતી હોસ્પિટલ, ગોપાલ આઈસીયુ એન્ડ ટ્રોમા સેન્ટર અને ગુજરાત કોલેજ વિસ્તારમાં સ્તવ્ય સ્પાઈન હોસ્પિટલમાં કોવિડ કેર હોસ્પિટલ ઉભી કરાશે.

અમદાવાદમાં સતત વધી રહેલા કોરોનાના કેસ વચ્ચે એઈમ્સ નવી દિલ્હીના ડાયરેકટર અને વરિષ્ઠ તબીબ ડૉ. રણદીપ ગુલેરીયા અને ડૉ. મનીષ સુનેજાએ અમદાવાદ સિવિલની મુલાકાત લીધી. આ મુલાકાત બાદ તેમણે પ્રેસ કોન્ફરન્સ સંબોધતા જણાવ્યુ કે, અમદાવાદના તબીબ સાથે કોરોનાની સ્થિતિ અંગે ચર્ચા કરવામાં આવી. જેમનામાં રોગપ્રતિકારકશક્તિ ઓછી છે તેમને ચેપ લાગવાના ચાન્સ વધારે છે. લક્ષણ દેખાય તો તેમને તુરંત સારવાર કરાવવી જોઈએ. હોસ્પિટલમાં મોડા દાખલ થવાથી દર્દીનું મોત થતું હોય છે. એઈમ્સ ડાયરેક્ટર ડો રણદીપ ગુલેરીયાએ જણાવ્યું હતું કે, કોરોના વાયરસના સંક્રમણ સામે લડવામાં ગુજરાત સરકારે જે પ્રયાસો કર્યા છે તે સરાહનીય છે.

રાજ્ય સરકારે કોરોનાનો મૃત્યુ દર ઘટાડવા સમગ્રતયા ધ્યાન કેન્દ્રિત કર્યું છે તે ખરેખર પ્રશંસનીય છે. સાથે સાથે અહીંના તબીબો અને અન્ય સંલગ્ન સ્ટાફે ખુબ સરસ રીતે દર્દીઓની સેવા સારવાર કરી છે. ખૂબ જ ટૂંકા સમયમાં ૧૨૦૦ બેડની હોસ્પિટલ અને સમગ્ર માળખું તૈયાર કરવા બદલ રાજ્યના આરોગ્ય તંત્રની સરાહના કરતા તેમણે જણાવ્યું હતું કે જે કંઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માળખું ઊભું કરવામાં આવ્યું છે તે ખૂબ જ અદ્યતન છે જે દેશ માટે ગૌરવની વાત છે.

મીઠાનું ૭૦% ઉત્પાદન કરનાર ગુજરાતમાં અછતની અફવાથી ફફડાટ

પાટડી

કોરોનાની વૈશ્વિક મહામારીમાં લોકડાઉનના કારણે દેશમાં મીઠાની અછત ફેલાવવાના મામલે લોકોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. જો કે આખા દેશનું ૭૦% મીઠું પકવતા ગુજરાતમાં આ વર્ષે નવા ઉત્પાદન પછી સારો એવો સ્ટોક છે. ત્યારે મીઠાની અછત સર્જાવાની કોઈ શક્યતા દેખાતી નથી એ પણ નરી વાસ્તવિકતા છે. એક અંદાજ પ્રમાણે ભારતમાં વર્ષે આશરે સાડા ત્રણ કરોડ ટન મીઠાનું ઉત્પાદન થાય છે. એમાંથી ૭૦% મીઠું તો એકમાત્ર ગુજરાતમાં ઉત્પાદન થાય છે. જેમાં સુરેન્દ્રનગર જીલ્લાના ખારાઘોડામાં કોરોના વાઈરસના પગલે લોકડાઉનના કારણે અંદાજે ૧.૫ લાખ ટન મીઠાનો જૂનો સ્ટોક પડેલો છે. અને ખારાઘોડા અને ઝીંઝુવાડા રણમાં જૂનું મીઠું જ અંદાજે ૮.૫ લાખ મેટ્રિક ટન પાકીને તૈયાર છે. જે રણમાંથી જેસીબી, હિટાચી, ડમ્પરો અને ટ્રકો દ્વારા રણમાંથી ખારાઘોડા કે ઝીંઝુવાડા લાવી મીઠાના મોટા ગંજ બનાવવાની સીઝન હાલમાં યુધ્ધના ધોરણે પુરજોશમાં ચાલી રહી છે ત્યારે એકમાત્ર ખારાઘોડામાં જ આ વર્ષે મીઠાનો જૂનો અને નવો સ્ટોક મળી અંદાજે ૧૦ લાખ મેટ્રિક ટન મીઠાના સ્ટોક સામે ખારાઘોડામાં દર વર્ષે વાર્ષિક વેચાણ આશરે સાત લાખ મેટ્રિક ટન જેટલું છે તો અછતની તો ક્યાંય કોઈ સંભાવના જ દેખાતી નથી. બીજી તરફ ગુજરાતનાં દરિયા કિનારે પાકતા મીઠા અંગે ત્યાંના વેપારીઓ જણાવે છે કે, ગત વર્ષે ગુજરાતમાં ચોમાસાની સીઝન મોડે સુધી ચાલતા મીઠાના અગરો મોડે મોડે શરૂ થયા હતા. જેના કારણે મીઠાનું ઉત્પાદન અંદાજે ૧૫% જેટલું ઓછુ થયુ છે એ સત્ય હકિકત છે પણ બીજી બાજુ દર વર્ષે એક કરોડ ટન મીઠાની નિકાસ સામે ૫૦%નો તોતિંગ ઘટાડો નોંધાયો છે. આથી દેશમાં મીઠાની અછત સર્જાશે એ વાત જ વિચીત્ર લાગે એમ છે.

લૉકડાઉનમાં ચાલો સમયનો કરીએ સદુપયોગ

લોકડાઉનમાં આજે આપણે બધા આપણી જાત સાથે નજર કેદ બની ગયા છીએ. જોકે આ સ્થિતિ હવે થોડાજ વખતની મહેમાન છે. બધું રાબેતા મુજબ ધીમી ગતિએ ચાલતું થઈ જવાનું. છતાં આ સ્થિતિમાં સહુથી મોટો સહારો બની ગયા હતા ઈન્ટરનેટ અને ટેલિવિઝન. ઈન્ટરનેટનો ઉપયોગ આજે આધુનિક જીવન માટે અનિવાર્ય બની ગયો છે. નાના બાળકોથી લઈને મોટા ધર્મગુરુઓ અને સામાન્ય માનવીથી લઈને ડોક્ટર્સ, વૈજ્ઞાનિક દરેકની માટે ઈન્ટરનેટ જેની જરૂરીયાત એ પ્રમાણે જમણો હાથ બની ગયું છે.

જે ફોન અને સોશિયલ મીડીયાને લોકો ગાળો આપતા હતા એ બધાની માટે આજે આ સંકટ સમયની સાંકળ બની ગયું છે. સાવ એકાંતમાં પણ બધાની સાથે હોવાનો ભ્રમ એકલતા ભાંગવામાં મદદ કરી રહ્યો છે.

વિચાર કરીએ આજની સ્થિતિમાં અચાનક ઈન્ટરનેટ સાવ બંધ થઈ જાય તો આવા ગંભીર વાતાવરણમાં આપણો સમય કેમ પસાર થશે? દૂર રહેતા સ્વજનો અને તેમની સ્થિતિ વિષે કેમ જાણી શકીશું? દુનિયાના આ છેડે થી બીજા છેડા સુધીના સમાચારો આજ માધ્યમાં દ્વારા પળવારમાં જાણી શકાય છે. આજે તો ઈન્ટરનેટ એક હાલતી ચાલતી લાઈબ્રેરી, શોધખોળનો ખજાનો, હરતું ફરતું દવાખાનું બની ગયું છે. અહી ભાતભાતના લોકો અને સલાહોનો રોજ ઢગલો ખડકાય છે તેમાંથી તમારે જોઈતું અને મનગમતું વાંચો, જૂઓ અને સમય પસાર કરો.

દરેક સારી ખોટી પરિસ્થિતિ એકજ વસ્તુ કે ટેવને કઈક અલગ રીતે જોવા વિચારવાની તક આપે છે. આજે ફોનકોલ, વિડીયોકોલ દ્વારા ચેટીંગ દ્વારા આજે લાગણીઓનું અરસપરસ આદાન પ્રદાન થાય છે. ભલે રૂબરૂમાં મુલાકાત શક્ય ના બને પરંતુ આ ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણોની સહાયથી રોજીંદી હુંફ લાગણીઓ જળવાઈ રહે છે.

સામાન્ય સ્થિતિમાં કહેતા હતા કે આ બધા ઉપકરણોના વપરાશથી સોશિયલ મીડિયા સાથેના વધુ સંપર્કને કારણે અંગત જીવનમાં કૌટુંબિક પ્રિયજનો સાથેના સંબંધમાં તિરાડ પડે છે દૂરતા આવે છે. જોકે એકરીતે આ વાત સાચી હતી પરંતુ આજે સમય પસાર કરવાનું હાથવગું સાધન બની ગયું છે.

ગમતી પ્રવૃત્તિમાં વ્યસ્ત રહેવાનું કઈ ખોટું નથી, પરંતુ આમ કરતા જેઓ સાવ નજીક છે પાસે છે તેમને અવગણવા નહિ. મોટાભાગના રોજીંદી બીઝી લાઈફમાં પરિવારને પુરતો સમય આપી શક્યા નથી, તેમની માટે તો આ સુવર્ણ અવસર બની જશે. ગોલ્ડન સમય છે બાળકો સાથે વિતાવવાનો. એમાય જેમના બાળકો નાના છે તેમની માટે આ સમય જીવનભરની યાદ બનીને રહી જશે તેમાં જરાય શંકા નથી. બાળકો સાથે આપણે ના કરીએ એટલું ઓછું છે.

તેમાંય અમેરિકા જેવા દેશોમાં કે શહેરોમાં જ્યાં માતાપિતા બંને બહાર કામ કરતા હોય ત્યારે નાના બાળકોને ડે કેર કે અર્લી એજ્યુકેશન જેવા સેન્ટરોમાં મૂકવા પડે છે. ના છૂટકે બાળકોને દુર રાખવા પડે છે. આ લોકડાઉનમાં અહી ઘણાને ઘરે રહીને કામ કરવાનો મોકો મળ્યો છે ત્યારે તેમની ખુશી બેવડાઈ ગઈ છે.

એક ઉદાહરણ. પ્રણાલી અને પ્રણવ બંને બહાર કામ કરે છે. આવા સમયમાં તેમની ૩ વર્ષની દીકરી આયાના હાથે મોટી થતી રહી છે. અત્યારે બંનેને ઘરે થી કામ કરવાનું બનતા તેઓ વારાફરતી કામ કરી દીકરીને સાચવી રહ્યા છે. રોજ રાત્રે સુતા પહેલા તેમની દીકરી એકજ પ્રશ્ન પૂછે છે. મોમ-ડેડ કાલે પણ વિકેન્ડ છે ને? ખુબ મઝા પડી ગઈ છે તેને. આમ, બાળકો માટે આ ડિઝનીલેન્ડ જેવું સુખદ સંભારણું બની રહ્યું છે.

મોટાભાગના દરેકે તેમના બાળપણમાં રવિવારના દિવસે સવારમાં અડધો કલાક પપ્પા સાથે પથારીમાં પડ્યા રહી ધમાલ કરી હશે, ઘરમાં કશુજ કરવા જેવું ના હોય ત્યારે બોર્ડ ગેઈમ જેમકે સાપસીડી, કેરમ, સોગઠા કે કુકીઓ અને અમદાવાદ તથા સંતાકૂકડી કે પકડદાવ જેવી રમતો રમી હશે. જે લગભગ આજે શહેરોમાં લુપ્ત થઈ ગઈ છે. પ્રદેશમાં તો બાળકોએ આ નામ પણ નથી સાંભળ્યા. એ સુખ એ સંભારણાને ફરી જીવવાનો સમય આવી ગયો છે. બસ, જીવી લઈએ ફરી ફરી અને દુ:ખના આ દિવસોને હરાવી દઈએ.

આજે અમેરિકામાં ઘરઘરમાં બાળકો પોતાની દુનિયા છોડીને આવી ગયા છે. અત્યારની સ્થિતિ પ્રમાણે બહાર બધુજ બંધ છે તેથી તેમની પાસે ગમે કે ના ગમે એકજ વિકલ્પ બાકી છે ઘરમાં રહી સમય વિતાવવો. જેઓ બહાર રહી મિત્રો સાથે વધુ રહેતા તે બધા આજે ફેમીલી સાથે સમય પસાર કરી તેમની વધુ નજીક આવી રહ્યા છે. સમય પસાર કરવાના બહાને પણ નવું શીખી રહ્યા છે.

આપણે બધાને ટૂંકમાં અતિ વ્યસ્તતાના બહાના હેઠળ બાકી રહેલા બધા કામ પુરા કરવાનો સમય મળ્યો છે. દરેકે મનમાં એકજ વિચાર રાખવો જોઈએ કે "આ સમય મારા જીવનભરનું સંભારણું બની રહે". ઘરમાં દરેક વ્યક્તિ એકબીજાને ગમતું કરે, બધા કામ હળીમળીને કરે તો સમયનો સહુથી સારો ઉપયોગ કર્યો ગણાય. આમ કરવાથી એકબીજાની તકલીફ તેના ગુણ અને ઉણપ સમજી શકાય છે. પ્રેમમાં ચોક્કસ વધારો થાય છે.

મેડિકલ તપાસ કરીને મોકલાશે વતન

વતન જવાની આશાએ અમદાવાદમાં બે હજારથી વધુ પરપ્રાંતીયો થયા ભેગા

અમદાવાદ

હાલ આખા દેશમાં મોટાભાગે લૉકડાઉન ચાલી રહ્યું છે. ત્યારે પરપ્રાંતિયોઓ પોતાના વતન જઇ રહ્યાં છે. રાજ્યમાં રહેતા પરપ્રાંતિયોને તંત્ર દ્વારા ટ્રેનની વ્યવસ્થા કરીને તેમને પોતાના વતન મોકલવામાં આવી રહ્યાં છે. અમદાવાદમાં એક સપ્તાહ માટે સંપૂર્ણ લૉકડાઉન ચાલી રહ્યું છે. આજે શહેરનાં ચાંગોદર વિસ્તારમાં ૨૦૦૦થી વધુ પરપ્રાંતીયો એકઠા થયા હતાં. આ તમામ લોકોનું હેલ્થ સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું. જે બાદ તેમને પોતાના વતન એસટી બસ દ્વારા મોકલવામાં આવશે. આ અંગે મળતી માહિતી પ્રમાણે અમદાવાદનાં ચાંગોદર વિસ્તારનાં એક મોટા મેદાનમાં બે હજારથી વધુ પરપ્રાંતીય ભાઇઓ અને બહેનોની મેડિકલ તપાસ કરવામાં આવી હતી.

આ દરમિયાન આ લોકોએ સોશિયલ ડિસ્ટન્સિંગનાં લીરે લીરા ઉડાવતો વીડિયો સામે આવ્યો છે. વીડિયોમાં દેખાઇ રહ્યું છે કે, મોટી સંખ્યામાં લોકો એકસાથે એક જગ્યાથી બીજી જગ્યાએ જઇ રહ્યાં છે. આમાંથી મોટાભાગનાં લોકોએ માસ્ક તો પહેર્યો છે પરંતુ એકદમ નજીક નજીક ચાલી રહ્યાં છે. આ લોકોની મેડિકલ તપાસ કરીને એસટી બસ દ્વારા પોતાના વતન મોકલી દેવામાં આવશે.

નોંધનીય છે કે, આખા રાજ્યમાંથી હાલ પરપ્રાંતીયોઓએ પોતાના વતન તરફની દોડ લગાવી છે. શનિવારે આણંદથી યુપી, લખનૌના ૧૨૦૦ મુસાફરોને શ્રમિક સ્પેશ્યલ-૪ ટ્રેનમાં રવાના કરવામાં આવ્યાં હતાં. પરંતુ બીજી તરફ ટ્રેન જવાની જાણ થતાં કેટલાંક પરપ્રાંતિયો ઓનલાઇન નોંધણી કરાવી આણંદ રેલ્વે સ્ટેશને દોડી આવ્યા હતા. જો કે ટ્રેનમાં જગ્યા નહીં હોવાથી તંત્ર દ્વારા ઇંકાર કરી દેવામાં આવ્યો હતો. જેના પગલે ૫૦ ઉપરાંત પરપ્રાંતિયો રસ્તામાં રીતસરના રઝળી પડ્યા હતા. જેના પગલે શ્રમિકોને પગપાળા ગામડાંઓમાં જવાની ફરજ પડતા હાલત કફોડી થઇ ગઇ હતી.

પાટડી લોકડાઉનમાં સામાજિક અંતર જાળવી કરાયા લગ્ન

પાટડી

કોરોનાના ચેપથી બચવા માટે સોશિયલ ડિસ્ટન્સિંગ જ એકમાત્ર ઉપાય છે અને લોકો સામાજીક અંતર જાળવે એ માટે રાજયમાં ચૂસ્તપણે લોકડાઉનનું અમલ કરાવવામાં આવી રહ્યું છે. લોકડાઉન દરમિયાન પણ અનેક યુગલ લગ્નગ્રંથીએ જોડાયા છે. જેમાં સામાજીક અંતર અને કોરોનાથી બચવા જરૂરી નિયમો પાળવાનો સંદેશો પણ આપવામાં આવે છે. પાટડીમાં પણ આવા જ એક લગ્ન યોજાયા છે. જોકે આ લગ્નની ખાસ વાત એ છેકે વરરાજો અમિત ૧૫૦ કિ.મી.નું અંતર કાપીને કન્યા કૃતિને પરણવા માટે પાટડી આવ્યો હતો.

પાટડી લગ્ન કરવા પહોંચેલો વરરાજો અમિત થર્મલ ગામનો રહેવાસી છે. પિતાની છત્રછાયા ગુમાવનાર કેમિકલ એન્જીનિયર દિકરો અમિત પોતાની માતા આશાબેન સાથે પાટડી આવ્યો હતો. ઉનાળાનો ધોમધખતો તડકો અને સૂમસામ સડકો વચ્ચે અનેક પ્રશ્નોનો સામનો કરી વિધવા માતા અને પુત્ર થર્મલથી પાટડી પહોંચ્યા હતા. જયારે કન્યા પક્ષ તરફથી કન્યાના પિતા લલિતભાઈ, માતા જશુમતિબેન અને ભાઈ પાર્થ હાજર હતા.દિકરી કૃતિને વિદાય આપી ત્યારે હાજર દરેકની આંખોના ખુણા ભીના થઈ ગયા હતા.

ડીસામાં વધુ ૪ પોઝિટિવ કેસ સામે આવતા સંક્રમીતોની સંખ્યા ૧૪ થઈ

બનાસકાંઠા

રાજ્યની પરિસ્થિતિ વધુને વધુ વણસી રહી છે. બનાસકાંઠાના ડીસામાં કોરોનાના વધુ ૪ પોઝિટિવ કેસ સામે આવ્યા છે. જે પૈકી ૨ કેસ ગ્રામ્ય વિસ્તારમાં અને ૨ કેસ શહેરી વિસ્તારમાં નોંધાયા છે. અન્ય જિલ્લામાંથી આવેલા કોરોના પોઝિટિવ દર્દીના સગાંઓ પણ હવે કોરોનાથી સંક્રમિત થયા છે. નવા કેસ સાથે ડીસામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૧૪ પર પહોંચી છે.

સમગ્ર રાજ્યમાં કોરોનાનો ભરડો ઓછો થવાનું નામ નથી લઈ રહ્યો, ત્યારે રાજ્યની પરિસ્થિતિ વધુને વધુ વણસી રહી છે. સંપૂર્ણ લોકડાઉન વચ્ચે પણ કોરોના જાણે બેકાબૂ હોય તેવી પરિસ્થિતી રહી છે.રાજ્યભરમાં અન્ય શહેરો-ગ્રામ્ય વિસ્તારો કરતાં અમદાવાદ શહેરમાં તો કેસો અને મૃત્યુદર યથાવત રહ્યો છે જે ખૂબ ગંભીર ચિંતાનો વિષય બની રહ્યો છે. લોકલ ટ્રાન્સમિશન અટકે તે દિશામાં કોઈ આશાનું કિરણ જન્મ્યુ નથી જેના લીધે શહેરીજનોમાં ડરનો માહોલ છે. ગુજરાતમાં આજે વધુ ૩૯૪ કેસો નોંધાયા હતાં જેથી અત્યાર સુધીમાં કોરોનાના કુલ કેસોનો આંકડો ૭૭૯૭ થયો છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં જ રાજ્યમાં કોરોનાના કારણે ૨૩ લોકોના મોત નિપજ્યાં હતાં પરિણામે કુલ મૃત્યુઆંક ૪૭૨ સુધી પહોંચ્યો છે.

ગુજરાતમાં લોકડાઉન પાર્ટ-૩ પૂર્ણ થવાને હવે ગણતરીના દિવસો બાકી રહ્યાં છે ત્યારે હજુય કોરોના અંકુશમાં આવી શક્યો નથી.અમદાવાદમાં તો સંપૂર્ણ લોકડાઉન કરી દેવાયુ છે તેમ છતાંય કેસો કે મૃત્યુદરમાં ઝાઝો ફરક પડયો નથી.હાલમાં અમદાવાદ શહેરમાં જમાલપુર, દરિયાપુર, ખાડિયા, સરસપુર, મણિનગર, ગોમતીપુર, ઇસનપુર સહિતના વિસ્તારોમાં કેસોનુ પ્રમાણ વધુ રહ્યુ છે. આજે પણ અમદાવાદ શહેરમાં વધુ ૨૮૦ કેસો નોંધાયા હતાં જેના કારણે શહેરમાં કુલ કેસોનો આંકડો ૫૪૪૦ સુધી પહોંચ્યો છે. જે ગુજરાતમાં સૌથી વધુ છે.

કોરોના વચ્ચે આરોગ્ય વિભાગની ઘોર બેદરકારી ધારાસભ્યની રજૂઆતથી આવી બહાર

કોરોના પોઝિટીવ દર્દીના પરિવારના સભ્યોના ટેસ્ટીંગમાં વડોદરા તંત્રની આનાકાની

અમદાવાદ

રાજયમાં કોરોના વાયરસનો કહેર સતત વધી રહ્યો છે. ગુજરાતમાં કોરોના સંક્રમિત કેસોની સંખ્યા દૈનિક ધોરણે વધીને હવે ૭,૭૯૭એ પહોંચી છે. જ્યારે મૃત્યુઆંક ૪૭૨એ પહોંચ્યો છે. ગુજરાતમાં હવે રિકવરીનો રેટ ધીમે-ધીમે વધી રહ્યો છે. પરંતુ બીજી તરફ વડોદરાથી એક ચોંકાવનાર સમાચાર સામે આવ્યા છે. વડોદરા ખાતે આરોગ્ય વિભાગની ગંભીર બેદરકારીનો એક મામલો સામે આવ્યો છે.

માહિતી મુજબ વાઘોડિયા રોડની નાલંદા પાણીની ટાંકીની વિસ્તારમાં કોરોના પોઝિટિવ કેસ આવ્યા હતા. પરંતુ આરોગ્ય વિભાગ દ્વારા પોઝિટિવ દર્દીના પરિવારના સેમ્પલ લેવામાં આનાકાની કરવામાં આવી હતી. ત્યાર બાદ આ મામલો સીએમ સુધી પહોંચ્યો હતો. સીએમની સૂચના બાદ આરોગ્ય વિભાગે પરિવારજનોના સેમ્પલ લીધા હતા. સેમ્પલ લેતા સંક્રમિત દર્દીના પરિવારના ૯ લોકોને કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો.

કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા હવે વાઘોડિયા રોડની નાલંદા પાણીની ટાંકી પાસેના વિસ્તારો માઈક્રો રેડ ઝોનમાં મુકાયા છે. માહિતી મુજબ ધારાસભ્ય શૈલેશ મેહતા(સોટ્ટા) એ આરોગ્ય વિભાગની બેદરકારી અંગે સીએમને રજૂઆત કરી હતી. તેથી સીએમની સૂચના બાદ આરોગ્ય વિભાગે કાર્યવાહી હાથ ધરી હતી. આ સિવાય ડેટ ઓડિટના વિલંબના કારણે ૨ મુક્તકો હજી સરકારી ચોપડે જીવિત છે એવી માહિતી મળી છે. કોરોના સંકટ વચ્ચે આરોગ્ય વિભાગની આ ઘોર બેદરકારીથી હવે ચિંતા સેવાઈ છે.

કડક લોકડાઉન વચ્ચે અમદાવાદના અમન આકાશ પાર્ટી પ્લોટ પાસે ભરાયું શાક માર્કેટ

અમદાવાદ

સમગ્ર રાજયમાં કોરોનાનો કહેરની સાથે લોકડાઉન પાર્ટ ૩.૦ હાલ ચાલી રહ્યું છે. ત્યારે અમદાવાદમાં કોરોનાને કેસમાં સતત વધારો થવાના કારણે કરીયાણું અને શાકભાજીના વેંચાણ પર સંપૂર્ણ પણે પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. ત્યારે આવી સ્થિતિમાં વાસણા વિસ્તારમાંથી ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. જેમાં વાસણા વિસ્તારનમાં આવેલા અમન આકાશ પાર્ટી પ્લોટ પાસે શાકભાજીનું વેચાણ કરવામાં આવ્યું હતું. જયારે આ સ્થળ પર શાકભાજી માર્કેટ ભરાયું છે તેવી જાણકારી મળતા પોલીસ દોડતી થઈ ગઈ હતી. જ્યાં શાકભાજી માર્કેટ ભરાઈ તે વિસ્તાર વાસણા પોલીસની હદમાં આવે છે. ત્યારે સવાલ એ છે કે, આ શાકભાજી માર્કેટ કોની રહેમનજર હેઠળ શરૂ કરવામાં આવી.. આવી સ્થિતમાં કોઈને કોરોનાનો ચેપ લાગે તો કોણ જવાબદાર.. મહત્વપૂર્ણ છે કે, શહેરમાં કોરોનાના કેસમાં સતત વધારો થતા શાકભાજીના વેચાણ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

દાહોદથી વિશેષ ટ્રેનમાં બેસી ૧૧૮૧ પ્રવાસી શ્રમકોને વતન તરફ રવાના કરાયા

દાહોદ

કોરોના વાઈરસના સંક્રમણને રોકવા માટે લોકડાઉનની જાહેરાત બાદ ગુજરાતના વિવિધ પ્રાંતમાંથી શ્રમિકોએ પલાયન કર્યું હતું. આ શ્રમિકો દાહોદ ખાતે આવી ચઢતા સરકારના નિર્દેશો પ્રમાણે અહીં જ રોકી સાત જેટલા સ્થળોએ આશરો આપવામાં આવ્યો હતો. દાહોદ જિલ્લામાં બનાવવામાં આવેલા આ સાત શેલ્ટર હોમ્સમાં શ્રમિકોને રાજય સરકાર દ્વારા ભોજન-નાસ્તા સહિતની સુવિધા આપવામાં આવી હતી. આ પરપ્રાંતીયોએ ૫૦ જેટલો દિવસની દાહોદની મહેમાનગતિ માણી હતી. કેટલાક પોતાના પરિવાર સાથે દાહોદમાં અટવાઈ પડ્યા હતા. દાહોદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ શ્રમવીરોને કોઇ તકલીફ ના પડે એની ખાસ તકેદારી રાખવામાં આવી હતી.કલેક્ટર વિજય ખરાડી પણ સમયાંતરે આશ્રયસ્થાનની મુલાકાત લઈ સુવિધાની ચકાસણી કરતા રહ્યા હતા.

કેન્દ્ર સરકારે લોકડાઉન દરમિયાન શ્રમિકોને તેમના વતન જવા માટેની છૂટછાટ આપતા દાહોદથી પણ રેલ્વે સાથે સંકલન સાધી ખાસ ટ્રેનનો પ્રબંધ કરવામાં આવ્યો હતો. દાહોદથી અલીગઢ સુધી ખાસ ટ્રેનની વ્યવસ્થા કરવામાં આવી હતી.તાલુકાના શેલ્ટર હોમમાં રહેલા આ શ્રમવીરોને એસટીની ૪૦ બસો દ્વારા અહીના રેલ્વે સ્ટેશન ખાતે લાવવામાં આવ્યા હતા. સામાજિક અંતર જળવાઇ તે રીતે તેમને ટ્રેનમાં બેસાડવામાં આવ્યા હતા.

તમામ પ્રવાસીઓને માસ્ક આપવામાં આવ્યા હતા અને સંબંધિત શેલ્ટર હોમ્સ ખાતે તબીબી પરીક્ષણ કરવામાં આવ્યું હતું.આ પ્રવાસ બાબતે ડિઝાસ્ટર મેનેજમેન્ટ શાખાના પી. બી. કુંભાણીએ સંકલન સાધ્યું હતું. કલેક્ટર વિજય ખરાડી તથા જિલ્લા પોલીસ વડા હિતેશ જોયસરે રેલ્વે સ્ટેશનની મુલાકાત લઇ આ વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું. બાદમાં પ્રવાસીઓને લઈ આ ટ્રેન અલીગઢ જવા માટે રવાના થઈ હતી.

કચ્છના રાપરમાં દારૂની બાતમીને લઈને ખૂની ખેલ ખેલાયો

એક જ પરિવારના ૫ સભ્યોની હત્યા કરનાર આરોપી પાટણમાં ઝડપાયો

પાટણ

રાપર હત્યાકાંડનો ખૂંખાર આરોપી હવે પોલીસના હાથે ચડી ગયો છે. આ નિર્દયી આરોપી સાંતલપુરના ડાલડી ગામથી ઝડપાયો હોવાની માહિતી મળી છે. ત્યારે હવે પોલીસે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. માહિતી મુજબ આરોપીએ જૂની અદાવતમાં ૫ લોકોને મોતને ઘાટ ઉતાર્યા હતા.

આપણે જણાવી દઈએ કે કચ્છના રાપરમાં દારૂની બાતમીને લઈને ખૂની ખેલ ખેલાયો હતો. જેમાં ગઈકાલે એક જ પરિવારનાં પાંચ લોકોની ઘાતકી હત્યા કરી દેવામાં આવતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. હમીરપર ગામે સ્કોર્પિયોમાં જઈ રહેલાં પરિવારનાં પાંચ સભ્યોની હત્યા કરી દેવામાં આવી હતી. આ મામલે જિલ્લા એસપી સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને તપાસ આદરી હતી.

માહિતી મુજબ છેલ્લા અમુક દિવસથી દારૂની બાતમીને લઈ બે જૂથ વચ્ચે માથાકૂટ ચાલી રહી હતી. તેથી જૂની અદાવત રાખી સામેના જૂથે સ્કોર્પિયોમાં જઈ રહેલાં પરિવારનો રસ્તો ટ્રેક્ટર વડે રોક્યો હતો અને તીક્ષ્ણ હથિયારોથી ઘાતકી હુમલો કર્યો હતો. જેમાં ચાર લોકોનાં ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા અને એક વ્યક્તિનું મોત સારવાર દરમિયાન થયું હતું. જો કે હવે લોહિયાળ હત્યાકાંડને અંજામ આપનાર ખૂંખાર આરોપીને પાટણ જિલ્લાના સાંતલપુરના ડાલડી ગામથી ઝડપી પાડ્યો છે અને વધુની તપાસ હાથ ધરી છે.

કેડિલા ફાર્માના વધુ ૩ કર્મચારી કોરોનાગ્રસ્ત, ટોટલ ૩૫ કર્મચારી કોરોના પોઝીટિવ

અમદાવાદ

શહેરમાં કોરોના હવે કાબૂમાં રહ્યો નથી. ૮મેની સાંજથી ૯મેની સાંજ સુધીમાં કોરોનાના ૨૮૦ નવા કેસ સામે આવ્યા છે અને ૨૦ના મોત થયા છે. અત્યાર સુધીમાં ૫૫૪૦ કેસો નોંધાયા છે અને મૃત્યુઆંક ૩૬૩ થયો છે. જયારે ૧૧૦૭ દર્દી સાજા થઈને ઘરે પરત ફર્યા છે. ધોળકાના ત્રાંસદ ગામમાં આવેલી કેડીલા ફાર્મા કંપનીના વધુ ત્રણ કર્મચારીઓના કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યા છે. ધોળકાના આંબલીયારા ગામ તથા ધોળકા ટાઉનમાં આતીથ્ય બંગ્લોઝ, મહાલક્ષ્મીની પોળ વિસ્તારમાં પોઝીટીવ કેસ નોંધાયા છે. ત્રણેય પોઝિટિવ દર્દી કેડીલાના કર્મચારી હોવાનું બહાર આવ્યું છે. જેથી હવે કંપનીના કુલ ૩૫ કર્મચારીઓ કોરોનાગ્રસ્ત બન્યા છે.

વડોદરાનાં પાદરા શહેરી વિસ્તારમાં પોઝિટીવ કેસ નોંધાતા કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર

વડોદરા

વડોદરાનાં પાદરા ગ્રામ્ય બાદ હવે શહેરી વિસ્તારમાં પણ કોરોનાનો એક પોઝિટીવ કેસ નોંધાયો છે. ઓધવભુલાની ખડકીમાં રહેતા ૩૦ વર્ષીય યુવકનો રિપોર્ટ કોરોના પોઝિટીવ આવ્યો છે. દર્દી દારૂના ગુનામાં ઝડપાયો હતો. આ મામલે આરોગ્ય વિભાગની ટીમ પણ દર્દીની જાણ થતા ઘટના સ્થળે પહોચી હતી. સાથેજ પોલીસ તંત્ર પણ ઘટના સ્થળે પહોચ્યું હતું.અને પોલીસે પણ સમગ્ર વિસ્તારને કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર કર્યો છે.

કોરોનાને નાથવા રાજકોટ માર્કેટિંગ યાર્ડનો મોટો નિર્ણય

ટામેટા, તરબૂચ, અને વટાણાની આંતરરાજ્ય આવક બંધ કરવામાં આવી

રાજકોટ

રાજકોટમાં કોરોના વાયરસનો ચેપ ફેલાતો અટકાવવા માટે માર્કેટિંગ યાર્ડ દ્વારા મોટો નિર્ણય લેવાયો છે. આ નિર્ણય હેઠળ ટામેટા, તરબૂચ, અને વટાણાની આંતરરાજ્ય આવક બંધ કરવામાં આવી છે. આવતી કાલથી એક સપ્તાહ માટે આવક બંધ કરવાનો નિર્ણય લેવાયો છે. મળતી માહિતી મુજબ કોરોના વાયરસ ન ફેલાય તે માટે નિર્ણય લેવાયો છે. રાજકોટ માર્કેટિંગ યાર્ડ ટામેટા, તરબૂચ, વટાણાની આંતરરાજ્ય આવક આવતીકાલથી એક સપ્તાહ માટે બંધ કરી છે. અન્ય રાજ્યોમાંથી આવેલા ટ્રક ડ્રાઈવરો અને મજૂરો કોરોના સંક્રમણ ન ફેલાવે તે માટે આવક હાલ પૂરતી બંધ કરાઈ છે. મહારાષ્ટ્ર, અને નાસિકમાંથી ટામેટા, સિમલાના વટાણા અને બેંગ્લુરુથી તરબૂચ રાજકોટ આવે છે. રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં સવારના ૧૨ વાગ્યાથી લઈને સાંજે ૬ વાગ્યા સુધી શાકભાજીનું વેચાણ થાય છે. અત્રે જણાવવાનું કે હાલ ગુજરાતમાં કોરોનાનો ભયંકર પ્રકોપ જોવા મળી રહ્યો છે. ગુજરાતના સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જે તાજા આંકડા જાહેર કરાયા તે મુજબ ગુજરાતમાં શનિવારે કોરોના વાયરસના ૩૯૪ નવા કેસ આવ્યાં. આ સાથે કોરોના વાયરસનો કુલ આંકડો ૭૭૯૭ પર પહોંચ્યો છે. રાજકોટની વાત કરીએ તો રાજકોટમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૬૬ કેસ નોંધાયા છે અને એક વ્યક્તિનું મૃત્યુ થયું છે.

ઇમરાન ખેડાવાલાનો તંત્રને સળગતો સવાલ

કોરોના સારવાર માટે વીએસ હોસ્પિટલનો ઉપયોગ કેમ નહીં?

અમદાવાદ

કોરોના સામેની લડતમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને કોવિડ ૧૯ માટે ૨૫થી વધુ ખાનગી હોસ્પિટલ તૈયાર કરી છે. જમાલપુર ખાડિયાના ધારાસભ્ય ઇમરાન ખેડાવાલાએ એએમસીના ખાનગી હોસ્પિટલો તૈયાર કરવાના નિર્ણય સામે ગંભીર સવાલો ઊભા થયા છે. કોર્પોરેશન પાસે વીએસ હોસ્પિટલમાં ૫૦૦ બેડની વ્યવસ્થા હોવા છતાં તેનો ઉપયોગ શાં માટે નથી અને ખાનગી હોસ્પિટલો તૈયાર કરાયા છે.

ચાલુ વર્ષે વીએસ હોસ્પિટલનું ૫૦૦ બેડનું બજેટ મંજૂર પણ કરવામાં આવ્યું છે. વીએસ હોસ્પિટલ બંધ નહીં થાય તેવું ભાજપના શાસકો અનેકવાર કહી ચૂક્યા છે. વીએસ હોસ્પિટલમાં ૫૦૦ બેડ હોવા છતાં શાં માટે તેનો ઉપયોગ કરવામાં આવતો નથી તેવા ગંભીર સવાલ ઊભા થયા છે. જો વીએસ કાર્યરત છે તો તેનો ઉપયોગ કેમ થતો નથી. વીએસ હોસ્પિટલ હોવા છતાં કોર્પોરેશન દ્વારા કોવિડ ૧૯ માટે ૨૫થી વધુ ખાનગી હોસ્પિટલો તૈયાર કરવામાં આવી છે.

જામનગરમાં કોરોનાનાં વધુ ત્રણ પોઝિટીવ કેસ સામે આવતા તંત્ર થયું દોડતું

જામનગર

જામનગરમાં કોરોનાના વધુ ૩ પોઝિટિવ કેસ સામે આવ્યા છે. જે પૈકી ચેલા ગામના એસઆરપી કેમ્પસમાં પોઝિટિવ આવેલા શખ્સના પત્નીને કોરોનાનો ચેપ લાગ્યો છે. તો ધ્રોલના ખારવા ગામે કોરોનાનો રિપોર્ટ આવ્યા પહેલા મોતને ભેટેલા ૧૧ માસના બાળકના કાકાને કોરોનાનો ચેપ લાગ્યો છે. આ ઉપરાંત જામનગર શહેરના લંઘાવાડના ઢાળીયા પાસે આવેલા કોરોના પોઝિટિવ વૃદ્ધની પૌત્રીને કોરોનાનું સંક્રમણ થયું છે. ત્યારે જામનગરમાં લોકલ ટ્રાન્સમિશન શરૂ થતાં લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

મહીસાગર જિલ્લામાં વધુ એક કોરોના કેસ આવતા સંક્રમિતોની સંખ્યા ૪૫ પર પહોંચી

મહીસાગર

કોરોના વાઇરસની સામે જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા અનેકવિધ પગલાં ભરવામાં આવી રહ્યા છે. આજે જિલ્લામાં લુણાવાડા આરોગ્ય સ્ટાફમાંથી ૫૮ વર્ષીય પુરુષ દર્દીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા તેને હિંમતનગર ખાતે સારવાર હેઠળ રાખવામાં આવ્યો છે. આમ મહીસાગર જિલ્લામાં કુલ દર્દીઓની સંખ્યા ૪૫ થઈ છે. મળતી વિગત મુજબ શનિવાર સાંજ સુધીમાં જિલ્લામાં કોરોનાના ૪૫ કેસ પોઝિટિવ આવેલા છે.

તેમજ અત્યાર સુધી જિલ્લામાં કોવિડ-૧૯ સંક્રમણને કારણે એક વ્યક્તિનુ મૃત્યુ થયું છે. તેમજ જિલ્લામાં સીઝનલ ફ્લુ/કોરોનાના કુલ ૯૬૬ રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. આ ઉપરાંત ૩૭૫૯ વ્યક્તિઓને હોમ કવોરેન્ટાઈન રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે. આ સાથે તેઓના કંટેન્ટમેન્ટ ઝોન વિસ્તારમાં આરોગ્ય ટીમ દ્વારા સેનીટાઈઝેશન અને સર્વેલન્સની કામગીરી દૈનિક ધોરણે કરવામાં આવી છે.

હોમ કવોરેન્ટાઈન તમામ વ્યક્તિઓની દૈનિક ધોરણે આરોગ્ય તપાસ/ફોલોઅપ કામગીરી આરોગ્યતંત્ર દ્વારા કરવામાં આવી છે. જે અન્વયે કોઈપણ શંકાસ્પદ દર્દી જણાય તો તાત્કાલિક સેમ્પલ લઈને તપાસ અર્થે મોકલી આપવામાં આવે છે. મહીસાગર જિલ્લાના પોઝિટિવ આવેલા કેસોમાં વીરપુર, બાલાસિનોર, લુણાવાડા, કડાણા, ખાનપુર, સંતરામપુર ખાતે ક્લસ્ટર સર્વે કરવામાં આવ્યું છે.

સુરતથી વતન સૌરાષ્ટ્ર જવા માંગતા લોકોની વહારે લલિત વસોયા, ૨૧ બસો કરાવી બુકીંગ

મહેસાણા

કોંગ્રેસના ધારાસભ્ય લલિત વસોયા સુરતથી પોતાના વતન સૌરાષ્ટ્ર જવા માંગતા લોકોની વહારે આવ્યા છે. વતન પરત ફરવા માંગતા લોકોને લેવા માટે ખુદ લલિત વસોયા સુરત પહોંચ્યા અને તેમણે પોતાના ખર્ચે એસ.ટી. બસ તેમજ ખાનગી બસ મારફતે લોકોને વતન પરત મોકલવાની વ્યવસ્થા કરી. લલિત વસોયાએ સરકાર દ્વારા શ્રમિકોને પરત મોકલવાની ઓનલાઈન પ્રક્રિયા પર સવાલો ઉઠાવી સરકાર પર નિશાન સાધ્યું



લલિત વસોયાએ કહ્યું કે પોતાના મતવિસ્તારના ૪૫ ટકા જેટલા લોકો સુરતમાં વસે છે. તેઓને હાલ વતન જવા ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રક્રિયામાં ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. લલિત વસોયાએ આક્ષેપ કર્યા કે સરકારની આડોડાઈના કારણે સામાન્ય જનતાએ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. લોકોને વતન પરત મોકલવા માટે ૨૧ જેટલી બસોનું બુકીંગ કરાવવામાં આવ્યું છે પરંતુ સરકાર દ્વારા હજુ સુધી પરવાનગી આપવામાં નથી આવી.

લલિત વસોયાએ કહ્યું કે પોતાના મતવિસ્તારના ૪૫ ટકા જેટલા લોકો સુરતમાં વસે છે.તેઓને હાલ વતન જવા ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રક્રિયામાં ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. લલિત વસોયાએ આક્ષેપ કર્યા કે સરકારની આડોડાઈના કારણે સામાન્ય જનતાએ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. લોકોને વતન પરત મોકલવા માટે ૨૧ જેટલી બસોનું બુકીંગ કરાવવામાં આવ્યું છે. પરંતુ સરકાર દ્વારા હજુ સુધી પરવાનગી આપવામાં નથી આવી.

આગામી ૧૭ તારીખ સુધી મોડાસા શહેર સંપૂર્ણ લોકડાઉન રહેશે

દૂધ, દવા અને ગેસ વિતરણ સેવા જ ચાલુ રહેશે

ગાંધીનગર

સમગ્ર ગુજરાતમાં કોરોનાને ફેલાતો રોકવા તમામ પ્રયત્નો કરવામાં આવી રહ્યો છે. ત્યારે અરવલ્લી જિલ્લામાં કોરોના સતત કેસોમાં વધારો થઈ રહ્યો છે ત્યારે અરવલ્લી કલેક્ટરે સંપૂર્ણ લોકડાઉનને લઈને જાહેરનામું બહાર પાડ્યું છે. આગામી ૧૭ તારીખ સુધી મોડાસા શહેરને સંપૂર્ણ લોકડાઉનની જાહેરાત કરવામાં આવી છે. શનિવારે પાલિકા અને એસોશિયેશનની સંમતિ બાદ સરકારી જાહેરાત કરવામાં આવી હતી.

અરવલ્લી જિલ્લામાં કોરોનાના પોઝિટિસ કેસોમાં સતત વધારો થતાં જિલ્લા કલેક્ટરે મોટો નિર્ણય લીધો છે. આગામી ૧૭ તારીખ સુધી મોડાસા શહેર સંપૂર્ણ લોકડાઉન રહેશે તેવું જાહેરનામું બહાર પાડ્યું હતું. આ પહેલા કલેક્ટરે પાલિકા અને એસોશિયેશનની સંમતિ બાદ આ જાહેરનામું બહાર પાડ્યું હતું. દૂધ, દવા અને ગેસ વિતરણ સેવા જ ચાલુ રહેશે તેવો જાહેરનામામાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત બિનજરૂરી કામ વગર બહાર નીકળનાર સામે કડક કાર્યવાહીનો આદેશ કરવામાં આવ્યો છે. અરવલ્લી જિલ્લામાં અત્યાર સુધી ૭૧ પોઝિટિસ કેસ નોંધાયા છે જયારે બે લોકોનાં મોત નિપજયાં છે. જોકે અત્યાર સુધી ૧૬ લોકોને ડિસ્ચાર્જ કરી દેવામાં આવ્યાં છે.

અખાત્રિજના પશ્ચિમના પવનથી ચોમાસુ સારૂ રહેશે

તોફાન, વાવાઝોડા સાથે ૨૨ મે થી ગુજરાતમાં ચોમાસુ બેસવાની આગાહી

ગાંધીનગર

ગુજરાતમાં આ વર્ષે ચોમાસુ ૨૦૨૦ સારુ રહેશે. વરસાદ અંગે અંબાલાલ પટેલે કઈ તારીખથી ચોમાસુ બેસશે અને કેવું રહેશે તે અંગે આગાહી કરી હતી. સૌરાષ્ટ્ર સહિત દક્ષિણ ભારતમાંથી આવી રહેલા ચોમાસા અંગે અંબાલાલે આગાહી કરી હતી. અખાત્રિજના પશ્ચિમના પવનથી ચોમાસુ સારૂ રહેશે. ગંગા-જમનનાના મેદાનો પણ તપવાની શક્યતા. ચોમાસા પૂર્વે થતી પ્રિ મોન્સૂનની ગતીવિધિ હવે દેખાશે. દક્ષિણ ગુજરાતના ભાગોમાં પ્રિમોન્સૂન વરસાદની શક્યતા. આંધી-વાવઝોડા સાથે પ્રિમોન્સૂન એક્ટિવિટીની શક્યતા. ૨૨ મે અને ૨૯ મે થી ૭ જૂનમાં રોહિણી નક્ષત્રનો વરસાદની શક્યતા. ૨૮ થી ૩૧ મે સુધીમાં કેરળમાં ચોમાસુ પહોચશે. આ વર્ષે રાજયમાં વરસાદના ૪૫ દિવસ છે. આંદામાન-નિકોબાર ટાપુ પર ૨૦ મે ચોમાસુ પહોચશે. હવાના હળવા દબાણથી આ વખતે વાવાઝોડાની શક્યતા. ૧૧ થી ૨૦ મે બંગાળના ઉપસાગરમાં વાવાઝોડાની શક્યતા. ૭ જૂન આસપાસ દરિયો તોફાની બનશે. ૧૩,૧૪,૧૫ જૂને સૌરાષ્ટ્રના દરિયા કિનારે વરસાદની શક્યતા. ઓગસ્ટ અને સપ્ટેબરમાં વધુ વરસાદ પડવાની શક્યતા. ઓક્ટોબર મહિનમાં કેટલાક ભાગોમાં વરસાદ થશે.

વડોદરામાં દસ્તાવેજો તેમજ સ્કિનિગ સહિત આરોગ્યની ચકાસણીમાં

કોંગ્રેસનો આરોપ, રાજેન્દ્ર ત્રિવેદી ફેન ક્લબના ટોકનને પ્રથમ પ્રાધાન્ય

વડોદરા

શહેરના સમા સ્પોર્ટ કોમ્પ્લેક્સ ખાતે પરપ્રાંતીયોને તેમના માદરે વતન મોકલવા માટેની જરૂરી દસ્તાવેજોની ચકાસણી તેમજ તેઓના સ્કિનિગ સહિત આરોગ્યની ચકાસણી કરવામાં આવી રહી છે. આજે વહેલી સવારથી જ હજારોની સંખ્યામાં પરપ્રાંતીયોનો જમાવડો થયો હતો, તેવામાં બપોરના સુમારે કેટલાક પરપ્રાંતીયોના હાથમાં રાજેન્દ્ર ત્રિવેદી ફેન ક્લબની ટોકન અને બીજાને નેવે મૂકી આ ટોકન વાળા લોકોને પ્રથમ પ્રધાન્ય આપવામાં આવતા કોંગ્રેસે હોબાળો મચાવ્યો હતો. જેને લઈ વડોદરા શહેરનું રાજકારણ ગરમાયુ હતું. આ અંગે શહેર કોંગ્રેસ પ્રમુખ પ્રશાંત પટેલે તંત્ર સામે નારાજગી દર્શાવી હતી. મહત્વનું તો એ છે કે, ફરજ અદા કરતાં ત્યાંના મહાનુભાવો પણ આ રાજેન્દ્ર ત્રિવેદી જે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને રાવપુરાના ધારાસભ્ય છે, તેમના ફોટાવાળું અને રાજેન્દ્ર ત્રિવેદી ફેન કલબ લખેલું ટોકન જોઈ તેઓને પ્રથમ પ્રવેશ અને તેમને પહેલું પ્રાધાન્ય આપવામાં આવતું હોવાનું નજરે પડતાં અનેક તર્ક વિતર્કો સર્જાયા હતા.

મહેસાણા પાલિકામાં ઉપપ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત

એક જ કાગળ ઉપર સહીઓ કરવાની હોવાથી કોંગ્રેસ સભ્યોનો ઈનકાર

મહેસાણા

મહેસાણા નગર પાલિકામાં કોંગ્રેસના મહિલા ઉપપ્રમુખ સામે ખુદ કોંગ્રેસના ૨૦ કોર્પોરેટરો દ્વારા અવિશ્વાસની દરખાસ્ત લાવવામાં આવી તે સંદર્ભે પ્રાંત ઓફિસરે આ મામલે ૧૮ મી મેના રોજ ખાસ સાધારણ સભા યોજવાનું નક્કી કરી તેનો એજન્ડા તમામ કોર્પોરેટરોને રવાના કરાયો હતો, પરંતુ કોંગ્રેસના કોર્પોરેટરોએ એક જ કાગળમાં સહીઓ કરવાની થતી હોવાથી કોરોના વાઈરસનો ચેપ લાગવાનો જોખમ જણાતા એજન્ડા સ્વિકારવાનો ઈંકાર કરતા વિવાદ થયો છે. મહેસાણા નગરપાલિકા દ્વારા કેટલાક કોંગી કોર્પોરેટરોના મકાન અને ઘરની બહાર એજન્ડા ચોંટાડવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. નોંધપાત્ર છે કે, અગાઉ પ્રમુખની યોજાયેલ ચુંટણીમાં ઉપપ્રમુખ પુરીબેન પટેલ ગેરહાજર રહ્યા હતા. જેથી કોંગ્રેસને સત્તા ગુમાવવી પડી હતી. ત્યારબાદ કોંગ્રેસના ૨૦ કોર્પોરેટરોના હસ્તાક્ષર સાથે ઉપપ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત રજુ થઈ હતી. નિયત સમયમાં પ્રમુખ સાધારણ સભા ન બોલાવતા છેવટે કલેક્ટરના આદેશ પ્રમાણે પ્રાંત ઓફિસરે આગામી ૧૮ મેના રોજ ૧૧ વાગ્યે મહેસાણા નગરપાલિકાના ઉપપ્રમુખ સામેની અવિશ્વાસની દરખાસ્તની ખાસ સાધારણ સભા યોજવા એજન્ડા રવાના કરાયો હોત. પાલીકાનો એક જ કર્મચારી દરેક કોર્પોરેટરોને એજન્ડા પહોંચાડતા હોવાથી કોરોના ચેપનો ભય રહેલો હોવાનું દર્શાવી કોંગ્રેસના કોર્પોરેટરોએ એજન્ડા સ્વિકારવાનો ઈંકાર કર્યો હતો. મહેસાણા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ ધનશ્યામ સોલંકીએ કહ્યુ હતું કે, અત્યારે લોકડાઉનનો અમલ હોવા છતાં સરકારના માર્ગદર્શનનો ભંગ કરી ખાસ સાધારણ સભા યોજાઈ રહી છે. જેથી પ્રાંત ઓફિસર સામે પગલાં લેવાય તેવી અમારી માંગ છે.

વડનગર સરકારી હોસ્પિટલના સ્ટાફની હડતાળ સીઈઓની મધ્યસ્તીથી સમેટાઈ

૧૬ ફરજ મોકૂફ કર્મીઓને પરત લેવા આદેશ

મહેસાણા

જિલ્લામાં આવેલા વડનગર ખાતે સરકારી જીએમઆરઈએસ મેડિકલ હોસ્પિટલમાં ખાનગી એજન્સી થકી કામ કરતો નર્સિંગ સ્ટાફ ગત ૩ દિવસથી તેમને આપતા વેતનમાં અનીતિ થતી હોવાના આક્ષેપ સાથે હડતાળ પર ઉતર્યો હતો. જેમાં એજન્સીએ દ્વારા ૧૬૦ પૈકી ૧૬ કર્મીઓને ફરજ મોકૂફ કરવામાં આવ્યા હતા. આ મુદ્દો મીડિયાના માધ્યમ થકી ગાંધીનગર સુધી પહોંચતા સીઈઓ બિપિન નાયક એજન્સી અને કર્મચારીઓને રૂબરૂ મળ્યા હતા. સીઈઓએ કર્મચારીઓની ફરિયાદ લેખિતમાં લઈ તેમને યોગ્ય ન્યાયિક કાર્યવાહી કરી આપવા ખાત્રી આપી હતી, તો બીજી તરફ હડતાળ કરવાના બહાને એજન્સી દ્વારા ફરજ મોકૂફ કરાયેલા ૧૬ કર્મીઓને ફરજ પર પરત લેવા માટે પણ આદેશ કર્યો છે.

હડતાળનો મુદ્દો હાલમાં શાંત પડ્યો છે અને નર્સિંગ સ્ટાફ પણ દર્દીઓની સેવામાં લાગી ગયો છે, ત્યારે હવે જોવાનું રહેશે કે, સીઈઓની તપાસમાં કર્મચારીઓના પગાર મામલે કેવો ઘટસ્ફોટ થાય છે. શું કર્મચારીઓના પગારમાંથી અધધ લેવાતો સર્વિસ ચાર્જ યોગ્ય હશે? શું કર્મચારીઓના પગારમાંથી જીએસટી કાપી શકાતો હશે? વડનગર હોસ્પિટલમાં મેનપાવર પૂરો પાડતી રાજદીપ એન્ટરપ્રાઈઝને સરકાર એક સ્ટાફ માટે ૨૧૩૦૦ ઉપરાંત પગાર આપે છે. આમ છતાં એજન્સી કર્મચારીઓને માત્ર ૧૨૦૩૩ કેમ ચૂકવે છે, તે મામલે અસમંજસ હજૂ પણ જોવા મળી રહી છે.

મોડાસામાં દર્દીઓએ કોવિડ હોસ્પિટલની બેદરકારીનો વિડીયો વાઈરલ કરી ખોલી પોલ

મોડાસા

રાજય સરકાર દ્વારા કોરોના વાયરસથી સંક્રમિત અને શંકાસ્પદ દર્દીઓ માટે કરોડો રૂપિયાના ખર્ચે કોવીડ હોસ્પિટલ અને આઈસોલેશન વોર્ડ અને કોરન્ટાઈન વોર્ડમાં ઉચ્ચકક્ષાની સુવિધા ઉપલબ્ધ કર્યાના દાવાઓ કર્યા છે. ત્યારે કોવીડ હોસ્પિટલ અને કોરન્ટાઈન વોર્ડમાં ચાલતી બેદરકારીના અનેક દર્દીઓ સોશિયલ મીડિયામાં વિડીયો વાયરલ કરી સરકારની અને આરોગ્યતંત્રની પોલ ખુલ્લી પાડી રહ્યા છે. ત્યારે મોડાસાની કોવીડ હોસ્પિટલના દર્દીઓએ એક વિડીયો સોશીયલ મીડિયામાં વાઈરલ કરીને પોતાની આપવીતી જણાવી હતી. મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં ઉભી કરવામાં આવેલી કોવીડ-૧૯ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓમાંથી કેટલાક દર્દીઓ એ કોરોનાના કોઈ લક્ષણ ન હોવા છતાં કોરોના પોઝેટીવ કેવી રીતે આવ્યો કઈ રીતે...?

અને દર્દીઓએ કોવિડ હોસ્પિટલમાં સ્વછતાનો અભાવ, પીવાનુ પાણી પણ મળતું ન હોવાનું જણાવી હોસ્પિટલમાં ચાલતી લાલીયાવાડી અંગેનો વિડીયો સોશીયલ મીડિયામાં વાયરલ કરતા આરોગ્ય તંત્રએ કોરોનામાં થઈ રહેલી કામગીરી અને દર્દીઓન આપવામાં આવતી ઉચ્ચ કક્ષાની સગવડ અને સારવારના દાવાઓના ફૂલવેલા ફુગ્ગાની હવા નીકળી ગઈ હતી તંત્રના દોડધામ મચી હતી. શું દર્દીઓ કોરોના સામે આવી સ્થિતિમાં કઈ રીતે લડશે...? હાલ તો દર્દીઓ ભગવાન ભરોસે કોરોના સામે જંગ લડી રહ્યા હોય તેવો અહેસાસ અનુભવી રહ્યા છે. મોડાસાની કોવિડ હોસ્પિટલમાં સારવાર લઇ રહેલ ટીંટોઈના મહિલા કોરોનગ્રસ્ત દર્દીએ તેમને સોશ્યલ મીડિયામાં વિડીયો વાયરલ કરી કોરોના ટેસ્ટ સામે પ્રશ્નાર્થ કરી જણાવ્યું હતું કે

મને કોઈ પણ જાતની તકલીફ નથી પથરીની બીમારી સિવાય મને કોઈ રીપોર્ટ પણ બતાવવામાં આવતો નથી તેમજ હું કડીથી ટીંટોઈ આવી છું ત્યાં પણ કોરોના નથી મને ખોટી રીતે હોસ્પિટલમાં રાખવામાં આવી હોવાનો આક્ષેપ કર્યો હતો. મેઘરજના કોરોનાગ્રસ્ત દર્દીએ પણ તેને કોઈ પણ પ્રકારની તકલીફ ન હોવા છતા કોરોના પોઝેટીવ આવ્યો હોવાનો અને કોવીડ હોસ્પિટલમાં સ્વચ્છતાના અભાવ તેમજ પાણી અને જમવાનું પણ સમયસર મળતું ન હોવાનું અને કોઈ પણ પ્રકારની સારવાર આપવામાં ન આવતી હોવાના આક્ષેપ સાથે અન્ય દર્દીઓ સાથે મળી વીડિયો બનાવી સોશીયલ મીડિયામાં વાયરલ કરતા આ વીડીયો ફરતો થયો હતો જેને પગલે તંત્રમાં ભારે દોડધામ મચી હતી.

આઈસીએમઆરએ દર્દીઓના પ્રોટોકોલમાં ફેરફાર

હવે લક્ષણો વગરના કે સામાન્ય લક્ષણવાળા દર્દીને ૧૦ દિવસ બાદ રજા

શ્રમિક સ્પેશિયલ ટ્રેન શ્રમિકોને ગુજરાતથી ઓડિશા, બિહાર, ઝારખંડ, યુપી, એમપી, રાજસ્થાન પહોંચાડવામાં આવ્યાં

ગાંધીનગર

મુખ્યમંત્રી વિજય રૂપાણીના સચિવ અશ્વિની કુમારે આજે પત્રકાર પરિષદમાં અનેક મહત્વની જાણકારી આપી. ગઈ કાલે આઇસીએમઆરએ દર્દીઓના પ્રોટોકોલમાં ફેરફાર કર્યા જે મુજબ કોઈ લક્ષણ ન હોય અથવા તો માઈલ્ડ લક્ષણો હોય અને હોસ્પિટલમાં દાખલ થાય તો ૧૦ દિવસની સારવાર બાદ રજા આપી શકાય. રજા આપતા પહેલા ટેસ્ટની પણ જરૂરનથી. ડિસ્ચાર્જ આપતા અગાઉ તાવ કે અન્ય કોઈ બીમારીના લક્ષણ હોવા જોઈએ નહીં. આ ઉપરાંત તેમણે કહ્યું કે ગુજરાતમાંથી સૌથી વધુ શ્રમિક સ્પેશિયલ ટ્રેનો દોડી છે.

ICMR એ નવી ગાઈડલાઈન

૧ કોઈ લક્ષણ ન હોય અથવા તો માઈલ્ડ લક્ષણો હોય તો તેવા દર્દીને ૧૦ દિવસ બાદ રજા આપી શકાય. રજા આપતા પહેલા ટેસ્ટની જરૂર નથી. ડિસ્ચાર્જ સમયે ૩ દિવસ અગાઉ સુધી બીમારીના કોઈ લક્ષણ ન હોવા જોઈએ

૨. મોડરેટ એટલે કે સામાન્ય લક્ષણ હોય.... ૧૦ દિવસની ટ્રિટમેન્ટમાં સાજા થાય તો તેમને પણ ટેસ્ટ કર્યા વગર રજા અપાશે. રજા આપતી વખતે એટલું જ જોવામાં આવશે કે તાવ, માંદગીના બીજા કોઈ લક્ષણ નથી.

૩. ગંભીર લક્ષણ સાથે દાખલ થયા હોય તો તેમની સંપૂર્ણ સારવાર બાદ ટેસ્ટ પછી ડિસ્ચાર્જ કરાશે.

સમગ્ર ભારતમાં ગત રાતે ૧ વાગ્યા સુધીમાં ૩૬૪ ટ્રેનો ચલાવવામાં આવી. જેમાં ૪૩ ટકા ટ્રેનો ગુજરાતમાં દોડાવવામાં આવી. શ્રમિક સ્પેશિયલ ટ્રેન શ્રમિકોને ગુજરાતથી ઓડિશા, બિહાર, ઝારખંડ, યુપી, એમપી, રાજસ્થાન પહોંચાડવામાં આવ્યાં. ૨ લાખ જેટલા લોકોને ટ્રેનોના માધ્યમથી તેમના વતન પહોંચાડવામાં આવ્યાં. અને આજે બીજા ૬૭ હજાર જેટલા લોકોને રવાના કરાશે. ગુજરાતમાં ૧૬૭ ટ્રેન ચલાવવામાં આવી. જે પ્રથમ નંબરે છે. મહારાષ્ટ્રમાં ૪૫ ટ્રેનો ચલાવવામાં આવી. જયારે પંજાબમાં ૩૬ ટ્રેનો દોડાવવામાં આવી.

આજે અલગ અલગ પ્રાંતોમાંથી ૫૬ ટ્રેનો અન્ય રાજયો માટે રવાના થશે. તેમણે કહ્યું કે આજ સાંજ સુધીમાં ૨.૬૭ લાખ શ્રમિકો પોતાના વતન પરત ફરશે. આજે ૪૨ ટ્રેનો ઉત્તર પ્રદેશ જશે. જયારે ૫ ટ્રેનો મધ્ય પ્રદેશ જશે. બિહાર માટે ૩ ટ્રેન, ઓડિશા માટે ૩ ટ્રેન રવાના થશે. છત્તીસગઢ, પશ્ચિમ બંગાળ માટે એક-એક ટ્રેન રવાના થશે. અશ્વિનીકુમારે કહ્યું કે ૭ એપ્રિલથી અત્યાર સુધીમાં ૨૫ લાખ એપીએલ પરિવારોએ વિના મૂલ્યે રાશન મેળવ્યું છે. આજ સાંજ સુધીમાં આ આંકડો ૩૦ લાખ સુધી પહોંચશે. તેમણે કહ્યું કે આવતી કાલ રાશન વિતરણનો છેલ્લો દિવસ છે.

વંદે ભારત મિશન હેઠળ સિંગાપુરથી અમદાવાદ આવનારી ફલાઈટ થઈ રદ

અમદાવાદ

સમગ્ર દેશમાં હાલ વંદે ભારત મિશન અને સમુદ્ર સેતુ મિશન ચાલી રહ્યું છે. આ મિશન અંતર્ગત વિદેશમાં ફસાયેલા ભારતીય નાગરિકોને વતન પરત લાવવાનું છે. ત્યારે વંદે મિશન અંતર્ગત સિંગાપુરથી અમદાવાદ ફલાઈટ આજ રોજ આવવાની હતી. પરંતુ ટેકનીકલ કારણોસર તે ફલાઈટને રદ્દ કરવામાં આવી છે. આ ફલાઈટમાં સિંગાપુરમાં ફસાયેલા ભારતીય નાગરિકોને એરલીફ્ટ કરવાના હતા. આ ફલાઈટ બપોરે ૩ વાગે અમદાવાદ એરપોર્ટ પર આવવાની હતી, પરંતુ હાલ ફલાઈટને રદ કરી દેવામાં આવી છે.

સુરત લોકડાઉનમાં પાંચ લાખથી વધુ રત્નકલાકારો બેરોજગાર થતા વતન જવા રવાના

ભાવનગર

સુરતમાં પાંચ લાખથી વધુ રત્નકલાકારો સૌરાષ્ટ્રના છે. જેની પરિવાર સાથે ગણતરી કરવામાં આવે તો ૨૦ લાખથી વધુ સૌરાષ્ટ્રવાસીઓ સુરતમાં સ્થાયી થયા છે. સુરત, ભાવનગર, અમરેલી, બોટાદ અને જૂનાગઢ સહિતના જિલ્લામાં હીરાના કારખાના બંધ પડ્યા છે. એક અંદાજ મુજબ બે લાખથી વધુ રત્નકલાકારો ભાવનગરના છે. જેની પરિવાર સાથે ગણતરી કરવામાં આવે તો આઠથી દસ લાખ થાય છે. સુરતમાં ધંધા બંધ પડતા હવે રત્નકલાકારોએ વતનની વાટ પકડી છે. ભાવનગર જિલ્લા વિકાસ અધિકારી વરૂણકુમાર બરનવાલે જણાવ્યું હતું કે, લોકડાઉન શરૂ થયુ એ દિવસોમાં દોઢ લાખ ઉપરાંત લોકો વતનમાં પરત ફર્યા છે.

જેની નોંધ થઈ છે. તેમજ બાઈક પર અને અન્ય માર્ગ પરથી વધુ ૫૦ હજાર જેટલા લોકો આવ્યા હશે. સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવતા અંદાજે ૧૧ હજાર ઉપરાંત લોકો ભાવનગર જિલ્લામાં આવ્યા છે. વલ્લભીપુર પાસે કેરીયાના ઢાળે અને અધેલાઈ અને રંઘોળા ચેક પોસ્ટ ઉભી કરવામાં આવી છે. ત્યાં આવનાર તમામ લોકોના મંજૂરીપત્ર તેમજ હેલ્થ ચેકિંગ કરવામાં આવે છે. ૬૦ ફલાઈંગ સ્કવોડની રચના કરવામાં આવી છે. સુરતથી ભાવનગર આવેલા લોકો હોમ ક્વોરન્ટીન છે કે નહીં તેની ચકાસણી કરવામાં આવી રહી છે. સુરતથી ભાવનગરમાં પ્રવેશ કરનાર માટે તંત્રની તૈયારી છે. ચેકપોસ્ટ ઉપર ચેકઅપ થાય તે ઉપરાંત ૧૮૦ ટીમો અને આશાવર્કર બહેનો ગામડાઓમાં ફરીને ચેકઅપ કરી રહી છે. જિલ્લા પંચાયત ખાતે કોલ સેન્ટર ઉભું કરવામાં આવ્યું છે. જ્યાંથી ફોન દ્વારા સરપંચ અને તલાટીમંત્રી સહિતનો સંપર્ક કરવામાં આવે છે. કોરોનાને મ્હાત આપવા માટે જિલ્લા તંત્ર એલર્ટ છે. અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષો અગાઉ પ્લેગનો રોગચાળો ફેલાયો ત્યારબાદ સુરતમાં પૂર આવ્યું ત્યારે અને હાલમાં કોરોનાના કારણે આમ ત્રીજીવાર રત્નકલાકારો વતન દોડી આવ્યા છે.

વડોદરા તંત્ર દ્વારા કોરોનાના મોતના આંકડા આંકડા છૂપાવવાનું કારસ્તાન આવ્યું બહાર

ત્રણ દિવસથી પાલિકાના મેડિકલ બુલેટિનમાં એક પણ દર્દીનું મોત નથી બતાવ્યું..!!

રાજ્ય સરકાર કહેશે પછી જ કોરોનાના દર્દીના મૃત્યુની વિગતો જાહેર કરાશે

વડોદરા

વડોદરામાં કોરોનાના મોતના આંકડા છૂપાવવા માટે તંત્રનું નવું કારસ્તાન જોવા મળી રહ્યું છે. તંત્રએ ડેથ ઓડિટ કમિટીની રચના કરી છે. રાજ્ય સરકારના પરિપત્ર અન્વયે આ રચના કરાઈ છે. રાજ્ય સરકાર કહેશે પછી જ કોરોનાના દર્દીના મૃત્યુની વિગતો જાહેર કરાશે. છેલ્લા ત્રણ દિવસથી પાલિકાના મેડિકલ બુલેટિનમાં એક પણ દર્દીનું મોત નથી બતાવ્યું. જ્યારે કોરોનાથી ત્રણ મોત થયા હોવાની માહિતી મળેલી છે, પણ પાલિકાએ તે જાહેર કર્યા નથી.

અત્રે જણાવવાનું કે ગુજરાતભરમાં કોરોનાનો પ્રકોપ જોવા મળી રહ્યો છે જેમાં અમદાવાદ અગ્રેસર છે. અમદાવાદમાં હાલ કોરોનાના કુલ ૫૫૪૦ કેસ છે અને ૩૬૩ લોકોએ જીવ ગુમાવ્યાં છે. ત્યારબાદ ૮૫૪ કેસ સાથે સુરત બીજા નંબરે છે જ્યાં ૩૮ લોકોએ જીવ ગુમાવ્યાં છે. ત્રીજા નંબરે વડોદરા છે. વડોદરાની વાત કરીએ તો વડોદરામાં નવા ૨૮ કેસ આવતા કોરોનાના દર્દીઓની સંખ્યા ૫૨૮ પર પહોંચી છે. ગઈ કાલે કોરોનાના ૫૨ દર્દીઓ સાજા થઈને ઘરે પણ ગયા છે. અત્યાર સુધીમાં વડોદરામાં ૨૫૦ દર્દીઓ સાજા થયા છે.

ગુજરાતમાં કોરોના વાયરસના કેસો સતત વધી રહ્યાં છે, તેમાં પણ અમદાવાદમાં કોરોનાનું સંકટ ખુબ વધી ગયું છે. ત્યારે શહેરમાં વધતા જતા કેસો વચ્ચે હાલમાં જ દિલ્હી એઇમ્સના ડો. રણદીપ ગુલેરિયા તથા તેમની ટીમ અમદાવાદ આવી પહોંચી હતી. ગઈ કાલે સવારે તેમણે સિવિલ હોસ્પિટલની મુલાકાત લઈને અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. ત્યારબાદ એઇમ્સના ડાયરેક્ટરે જણાવ્યું કે, અહીં હોસ્પિટલમાં સારી સારવાર આપવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે, જે લોકોમાં લક્ષણ જણાય તો તેમણે ટેસ્ટ કરાવવો જોઈએ. જેથી પોતાની અને બીજાની જિંદગી બચાવી શકાય છે.

વેન્ટિલેટર પર રહેલા નડિયાદના ૮૨ વર્ષીય લાભુબાએ કોરોનાને હરાવ્યો, અપાઈ રજા

ખેડા

ખેડા જિલ્લાના નડિયાદ મુકામે રહેતા ૮૨ વર્ષીય લાભુબેન પ્રજાપતિનો સમગ્ર પરિવાર કોરોના સંક્રમિત થયો છે. જયારે તેમને દાખલ કરવામાં આવ્યા ત્યારે તેમની તબિયત બહુ જ ખરાબ હતી. તેમને તાત્કાલિક સારવાર માટે વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા હતા. જ્યા તબીબોની ટીમની સતત દેખરેખના કારણે તેઓ ઝડપથી સ્વસ્થ થયા હતા.

ડૉક્ટરોના કહેવા મુજબ તેમના મજબૂત આત્મબળ અને આત્મવિશ્વાસ દ્વારા જ તેઓ કોરોનાને માત આપી શક્યા છે. સારવાર બાદ તેમનો કોરોના ટેસ્ટ નેગેટીવ આવતા હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. હાલ તેમના પુત્ર નરેશભાઈ પ્રજાપતિની ૧૯ વર્ષીય દીકરીની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

અમદાવાદ કોટડામાં તમાકુ, સોપારીના જથ્થા સાથે આરોપીની ધરપકડ કરાઈ

અમદાવાદ

શહેર કોટડામાં હરિભાઈ ગોધાણી પાસે પટેલ પાન પાર્લરની બહાર ફૂટપાથ પર એક શખ્સ તમાકુ વેચતો હોવાની માહિતી પોલીસને મળી હતી. જેને આધારે શહેરકોટડા પોલીસે તપાસ કરતા હસમુખ પટેલ નામનો શખ્સ પ્લાસ્ટિકના થેલામાં તમાકુ અને સોપારી વેચતો હોવાનું બહાર આવ્યું હતું તેની પાસેથી પોલીસે અંદાજે સાડા ચાર હજાર રૂપિયાની કિંમતનો તમાકુ અને શાકભાજીનો જથ્થો કબજે કર્યો હતો.

કોરોનાને કાબૂમાં લેવા તમામ જિલ્લાનો રિપોર્ટ તૈયાર કરવા ૧૪ ઉચ્ચ અધિકારીને સોંપાઈ કામગીરી

ગાંધીનગર

ગુજરાતમાં કહેર મચાવી રહેલા કોરોનાને કાબૂમાં લેવા માટે આરોગ્ય વિભાગ દ્વારા અલગ-અલગ જિલ્લાની કોરોનાની સ્થિતિ અંગેનો સંપૂર્ણ રિપોર્ટ તૈયાર કરવા માટે ૧૪ ઉચ્ચ અધિકારીઓને કામગીરી સોંપી છે. આ અધિકારીઓ બે દિવસ સુધી જિલ્લાની મુલાકાત લેશે. જેમાં જિલ્લા ખાતેની કોરોના હોસ્પિટલ, સામાન્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લેશે અને તેના આધારે રિપોર્ટ તૈયાર કરશે. ત્યારબાદ આ રિપોર્ટનું પ્રેઝન્ટેશન આરોગ્ય કમિશનર સમક્ષ કરવામાં આવશે. જેના આધારે કોરોના સામે નવી ફોર્મ્યૂલા ઘડવામાં આવશે.

રાજયમાં ફેલાયેલા કોરોના રોગચાળાને નિયંત્રણમાં લેવાના વિવિધ પગલાંના ભાગરુપે રાજ્યનાં આરોગ્ય વિભાગે ૧૪ ઉચ્ચ અધિકારીઓને જૂદા જૂદા જિલ્લામાં રિવ્યૂ અધિકારી તરીકે નિયુક્તિ કરી છે.

અધિકારી	જિલ્લાની જવાબદારી
જે.ડી. દેસાઈ (આઈએએસ) મિશન ડાયરેક્ટર (એનએચએમ)	મહેસાણા અને સાબરકાંઠા
ડો. નવનાથ ગવ્હાણે (આઈએએસ) ચીફપર્સોનલ ઓફીસર	દ્વારકા અને જામનગર
ડો. પ્રકાશ વાઘેલા (જાહેર આરોગ્ય)	આણંદ-ખેડા
ડો. નિતિન પટેલ અ.નિ. (પરિવાર કલ્યાણ)	ભરુચ-નર્મદા
ડો. એચ.કે. ભાવસાર અ.નિ	મોરબી સુરેન્દ્રનગર
ડો. આર.આર.દિક્ષીત અ.નિ. (તબીબી શિક્ષણ)	સુરત
ડો. દિનકર રાવલ અ.નિ. (GMACL)	અમરેલી-રાજકોટ
આર.એન. ડોડીયા-અ.નિ. (આંકડા)	કચ્છ
ડો. ગિરીશ પરમાર-અ.નિ. (ડિન્ટલ)	છોટા ઉદેપુર
ડો. જી.ઓ. માઢક (રા.આ.પ.ક.સં.)	ગીર-સોમનાથ, જૂનાગઢ અને પોરબંદર
ડો. ગીરીશ ઠાકર સં.નિ. (ઓપથેલ્મીક)	નવસારી-વલસાડ
ડો. આર.આર. વૈદ્ય મ.નિ. (પ.ક.)	ભાવનગર
ડો. યુ.બી. ગાંધી-મ.નિ.(ભ.સે.)	દાહોદ-મહીસાગર
ડો. જી.સી. પટેલ ના.નિ. (એપેડેમીક)	ડાંગ તાપી

સૂંઘવાથી કોરના સંક્રમણની શક્યતા વધી શકે છે

કોરોનાને પગલે ગ્રાહકોને કેરી સૂંઘ્યા વગર લેવાની કરાઈ અપીલ

ભાવનગર

ગુજરાતીઓ મોટાભાગે કેરીને સૂંઘીને જ લેતા હોય છે. પરંતુ આ ઉનાળામાં કોરોનાનો કહેર વ્યાપી રહ્યો છે. ત્યારે ભાવનગર મહાનગર પાલિકાનાં આરોગ્ય વિભાગે કેરીનાં વેપારીઓ માટે એક ફરમાન બહાર પાડ્યું છે. તેમણે જણાવ્યું છે કે, વેપારીઓ ધ્યાન રાખે અને ગ્રાહકોને સમજાવે કે આ વર્ષે કેરી લેતી વખતે તેને સૂંઘે નહીં. કેરી સૂંઘવાને કારણે સંક્રમણ વધી શકે છે. હાલ કોરોનાને કારણે ભાવનગર મહાનગરપાલિકાનું તંત્ર એલર્ટ બની ગયું છે અને આરોગ્ય વિભાગ દ્વારા વેપારીઓના આરોગ્યની ચકાસણી કરવામાં આવી રહી છે.આરોગ્ય વિભાગે અન્ય તકેદારી અંગે જણાવ્યું કે, ફ્રુટ, શાકભાજી અને કરિયાણાના વેપારીઓને ત્યાં ખરીદી માટે લોકોની ભીડ ભેગી ન થાય તેનું પણ ધ્યાન રાખવું. સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવવામાં આવતુ હોવા છતાં સંક્રમણનું માધ્યમ બની શકે તેમ હોવાથી મહાનગરપાલિકાની ટીમે વેપારીઓની આરોગ્ય ચકાસણી હાથ ધરી છે. એટલું નહીં કેરીના વેચાણ દરમિયાન કેરી સૂંઘવાના કારણે સંક્રમણ વધી શકે છે, તેની ગંભીરતા સમજાવી ગ્રાહકોને કેરી સૂંઘવા ન દેવી જોઈએ તેમ પણ આરોગ્ય વિભાગ દ્વારા અપીલ કરવામાં આવી છે.

કોરોના વાયરસનાં કહેર વચ્ચે ચાલી રહેલી લોકોની તપાસ અંગે ભાવનગર મહાનગરપાલિકાના કમિશનર એમ.એ.ગાંધીએ જણાવ્યું હતું કે, ડોર ટુ ડોર સર્વેની કામગીરી ચાલી રહી છે. વોર્ડમાં આવેલ હેલ્થ સેન્ટર ખાતે સેમ્પલ લેવાની કામગીરી દરરોજ ચાલી રહી છે. આ ઉપરાંત જ્યાં વધુ લોકો સંપર્કમાં આવતા હોય છે, તે રાશન શોપ, ફ્રુટ શાકભાજી વેચવાવાળાઓ, કરિયાણાના વેપારીઓનું હેલ્થ ચેકઅપ કરવામાં આવી રહ્યું છે.

અમદાવાદ સેન્ટ્રલ જેલનો વધુ એક કેદી કોરોના પોઝિટિવ આવતા તંત્ર હરકતમાં

અમદાવાદ

શહેરની સેન્ટ્રલ જેલના વધુ એક કેદીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા હડકંપ મચ્યો છે. કાચા કામના આરોપીને છાતીમાં દુઃખાવો થતા સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો. મળતી માહિતી મુજબ અમદાવાદની સેન્ટ્રલ જેલમાં કાચા કામના એક આરોપીને ૩જી મેના રોજ છાતીમાં દુઃખાવો થતા સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો. સારવાર બાદ જેલમાં પર લાવતી વખતે તેનો કોવિડ ટેસ્ટ કરાવવામાં આવ્યો, જે પોઝિટિવ આવ્યો. દરિયાપુર પોલીસે માર્ચમાં જેલમાં મોકલી આપતા કાચા કામના કેદીને સેપરેટ બેરેકમાં રાખવામાં આવ્યો હતો.

અત્રે જણાવવાનું કે અત્યાર સુધીમાં સેન્ટ્રલ જેલના ૧૨ કેદીઓ અને ૪ પોલીસકર્મીઓ કોરોના પોઝિટિવ આવ્યાં છે. સમગ્ર ગુજરાતમાં કોરોનાનો પ્રકોપ છે. ગુજરાતના સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જે તાજા આંકડા જાહેર કરાયા તે મુજબ ગુજરાતમાં શનિવારે કોરોના વાયરસના ૩૯૪ નવા કેસ આવ્યાં. આ સાથે કોરોના વાયરસનો કુલ આંકડો ૭૭૯૭ પર પહોંચ્યો છે.

રાજ્યમાં કોરોનાના કારણે ૪૭૨ લોકોએ જીવ ગુમાવ્યાં છે. અમદાવાદમાં કોરોનાના સૌથી વધુ દર્દીઓ ૫૫૪૦ અને ત્યારબાદ સુરતમાં ૮૫૪ છે. સુરતમાં અત્યાર સુધી ૩૮ લોકોએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યાં છે.

કોરોના અટકાવવામાં બેદરકારી બદલ AMC કમિશનર વિરૂદ્ધ હાઈકોર્ટમાં પિટિશન

અમદાવાદ

કોરોના મહામારીએ અમદાવાદમાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે એવું કહીએ તો નવાઈ નહીં. ૫૦ દિવસમાં ૫૫૦૦ જેટલાં કેસો એ સમગ્ર અમદાવાદને દેશનું કોરોના અંગેનું ચર્ચા કેન્દ્ર બનાવી દીધું છે. જ્યારે કોરોના સંક્રમણને અટકાવવા અમદાવાદ કોર્પોરેશન કે ગુજરાત સરકાર નહીં કેન્દ્ર સરકાર પણ કામે લાગી છે. આ વચ્ચે એએમસી કમિશનરે ૭ મેંથી સંપૂર્ણ લોકડાઉનની જાહેરાત કરી છે. આ જાહેરાત વિરૂદ્ધ અને અધિકારીઓની કોરોના સંક્રમણ અટકાવવાની બેદરકારી અને અણઆવડતના દાવા સાથે એક અરજદારે કમિશનર સહિત અધિકારીઓ વિરૂદ્ધ ગુજરાત હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરાઈ છે.

વિજય નહેરાના નેતૃત્વમાં અમદાવાદ કોર્પોરેશનની કોરોના સંક્રમણ અટકાવવાની કામગીરી નિષ્ફળ રહી એવું માની તેને કોરોન્ટાઈન કરાયા ત્યારબાદ ગુજરાત સરકારે મુકેશ કુમારને અમદાવાદના નવા કમિશનર બનાવ્યા. જો કે મુકેશ કુમારની સાથે અમદાવાદમાં કોરોનાનું સંક્રમણ ઘટાડવાં રાજીવ ગુપ્તાને પણ સ્પેશિયલ ડ્યુટીમાં નિરિક્ષક બનાવાયા. આ બંને જવાબદારીમાં આવતાં જ શહેરમાં સંપૂર્ણ લોકડાઉનની જાહેરાત કરાઈ. આથી અકળાઈને અમદાવાદના એક અરજદારે તમામ અધિકારીઓની અણઆવડત વિરૂદ્ધ ગુજરાત હાઈકોર્ટમાં પિટિશન કરી છે.

અરજદારે હાઈકોર્ટની પિટિશનમાં ઉલેખ્યું છે કે લોકડાઉનની સ્થિતિમાં પ્રતિબંધક જાહેરનામાઓથી નાગરિકોને હાલાકી પડી રહી છે. અચાનક બહાર પાડવામાં આવેલાં જાહેરનામાથી અફરાતફરી મચી ગઈ હતી. અધિકારીઓની અણઆવડત તેમજ બેદરકારીના કારણે કોરોના વાયરસનું સંક્રમણ હજુ વધવાનો ભય છે. આ ઉપરાંત જો કોરોનાનું સંક્રમણ હજુ વધ્યું તો અધિકારીઓની વ્યક્તિગત જવાબદારી રહેશે. આ અંગેની પિટિશન બાબતે હાઈકોર્ટ આગળ સુનાવણી કરશે.

જુનાગઢમાં આવતા તત્વો બેફામ, યુવતીની છેડતી બાદ માતાને અપાઈ ધમકી

જૂનાગઢ

જૂનાગઢ જોષીપરા વિસ્તારમાં રહેતા માતા-પુત્રી સંબંધીના ઘરે જઈ રહ્યા હતા ત્યારે ખુલ્લેઆમ છેડતી કરી રંજાડતા આવારા તત્વો સામે યુવતીની માતાએ ફરિયાદ નોંધાવતા આ વિસ્તારના નામી બુટલેગરો ગણાતા ઈસમો અને તેમના મળતિયાઓ સમસમી ઉઠ્યા હતા. પોલીસે મહિલા સાથે સહાનુભૂતિથી વર્તી તેમની ફરીયાદ લઈ સંપૂર્ણ સુરક્ષા આપવાની ખાત્રી આપી હતી, સાથે આવા ઈસમો સામે બેખોફ ફરીયાદ કરવા અનુરોધ કર્યો હતો. પોલીસ સૂત્રો તેમજ ફરિયાદી પાસેથી પ્રાપ્ત વિગત અનુસાર, રેખાબેન બીપીનભાઈ જોષી (ઉ.વ.-૩૯ રહે. જોષીપરા કૈલાશનગર -૧ જુનાગઢ વાળા) પોતાની પુત્રી સાથે બન્ને મા દીકરી એક્ટીવા ગાડી લઈને નંણદના ઘરે ગયેલા.

આ સમયે ત્યાંથી પરત પોતાના ઘરે ફરતી વખતે રસ્તામાં હનુમાનપરા હનુમાન મંદિર સામે જીતેન્દ્ર ઉર્ફે જીગો પોપટ ભરડા અને ડાયા નાથા કોડીયાતર (રહે.બન્ને જુનાગઢ વાળા)એ રેખાબેન અને તેમની જીકરીને જોઈને ખોખારા ખાઈ મસ્કરી કરી અને ફરિયાદીની દીકરીને કહ્યું કે તું ગાડી હાંક, હું પાછળ બેસી જાવ. આમ કહેતા ફરીયાદીએ તેમને હેરાન ના કરવા કહેતા આ બન્ને આરોપીએ ફરીયાદીને તેમના છોકરાઓ બહાર નીકળશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઉપરાંત ફરિયાદીને તેમની દીકરીએ જણાવ્યું કે, અવારનવાર અવાર નવાર આ આવારા તત્વો તેમનો પીછો કરી હેરાન કરે છે. જેથી બંન્ને સામે પોલીસને ફરીયાદ આપતા પોલીસે ધોરણ સરની કાર્યવાહી હાથ ધરી હતી.

કોરોનાને પગલે કપડવંજ તાલુકાના ૩૨ ગામોમાં નાણાં ઉપાડવા મોબાઈલ એટીએમ શરૂ

કપડવંજ

હાલમાં કોરોનાવાયરસ ને કારણે નાગરિકોને સરકારની વિવિધ યોજનાઓ જેવી કે પીએમ કિસાન,વિધવા સહાય યોજના,મુખ્યમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત નાગરિકોને બેંક ખાતામાં જમા થયેલ નાણાં કપડવંજ સુધી ઉપાડવા માટે આવું ન પડે તે હેતુથી કપડવંજ પ્રાંત કચેરી દ્વારા ૬ મેથી ૧૫ મેં સુધી બેંક મિત્રોની મદદથી પોતાના નાણાં પોતાના ગામથી જ ઉપાડી શકે તે માટે મોબાઈલ વાનની સુવિધા ઉભી કરવામાં આવી છે. જેનો લાભ બત્રિસ ગામડાના પ્રજાજનોને મળી શકશે.

બેંક.ઓફ.બરોડા કપડવંજ શાખાના સહયોગથી એટીએમ મોબાઈલ વાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેને કપડવંજ પ્રાંત અધિકારી મીરાંત પરીખે મોબાઈલ વાનને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતુ. જે પ્રસંગે કપડવંજ નગર સેવાસદનના પ્રમુખ પંકજભાઈ પટેલ ચીફ ઓફિસર ભરતભાઈ મોડ ઉપસ્થિત રહ્યા હતા બેંક.ઓફ.બરોડા કપડવંજ શાખા શાખા પ્રબંધક સંજય રાયે જણાવ્યું હતું કે, ખાસ કરીને તાલુકાના ગામડાઓમાં કપડવંજ શહેરમાં રૂપિયા ઉપાડવા માટે આવવું પડતું હોય છે જેના કારણે મોબાઈલનો ઉપયોગ કરી શકાશે આજથી આગામી ૭ દિવસોમાં ૨૮ જેટલા ગામડાઓમાં આ મોબાઈલ વાન ફરશે. જેના થકી લોકો રૂપિયા ઉપાડી શકશે.જેથી કરીને લોકોએ કપડવંજ આવવાની જરૂરીયાત પડશે નહીં પ્રથમ તબક્કે તાલુકાના ૨૮ ગામોમાં આ મોબાઈલ વાન શિડયુલ મુજબ એક દિવસમાં ચાર ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આજથી ચાર ગામો માં એટીએમ મોબાઈલ વાન ફરી હતી તેમ જ આવતી કાલથી ૨૮ ગામોમાં જશે એમ કુલ ૩૨ ગામોનો સમાવેશ કરવામાં આવશે.

લોકડાઉનમાં તમાકુના કાળાબજાર યથાવત

જામનગરમાં તમાકુ-સોપારીનું વેંચાણ કરતાં ૪ શખસો ઝડપાયા

અમદાવાદ

જસદણમાં પાન-મસાલા,ગુટખા અને બીડી-સિગારેટના ધુમ કાળાબજાર થઈ રહ્યા છે તેવા સમયે પ્રાંત અધિકારીએ આજે જુદીજુદી ટીમો બનાવી કુલ રૂ.૧૦ લાખની કિંમતનો જથ્થો સીલ કરી સબંધિત લોકો સામે વિંછીયાના નાયબ મામલતદાર દ્વારા પોલીસ ફરિયાદ કરવામાં આવી છે.લોકડાઉનના સમયમાં બંધાણીઓ દસ ગણા ભાવો આપી આ તમાકુની પ્રોડકટ ખરીદી રહ્યા છે અને કાળાબજારીયાઓ મનફાવે તેવા પૈસા પડાવી રહ્યા છે.

જસદણના પ્રાંત અધિકારી પ્રિયંકકુમાર ગલચરના માર્ગદર્શન હેઠળ જુદીજુદી ટીમો બનાવવામાં આવી હતી અને શહેરમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે વિંછીયા સત્યજીત સોસાયટીમાં રહેતા રાજુભાઈ કાંતિભાઈ જણાસી અને દેવધરી ગામે રહેતા કલ્પેશભાઈ રણછોડભાઈ રોજાસરા, અમરાપુર ગામે અશોક ગોરધનભાઈ રોજાસરા પાસેથી બીડી-સિગોરટ અને જુદીજુદી બ્રાન્ડની તમાકુ, ગુટખા, સોપારી વિગેરે મળી આવ્યા હતા. વિંછીયામાંથી રૂ.૯૧૯૨૦૦, અમરાપુર-રૂ.૧૦૯૪૫ અને દેવધરીમાંથી રૂ.૪૮૦૦ મળી કુલ રૂ.૧૦ લાખનો જથ્થો સીલ કરી આ શખ્સો સામે પોલીસ ફરિયાદ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

જામનગર શહેરના યોગેશ્વરનગરમાં તમાકુ-સોપારીનું વેંચાણ કરતાં ૪ શખસોને પોલીસે રૂા.૧.૬૭ લાખના જથ્થા સાથે ઝડપી લઈને આગળની કાર્યવાહી આરંભી છે. લોકડાઉનના કારણે તમાકુ, ગુટકા, બીડી ઉપર વેંચાણ ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે. ત્યારે જામનગર શહેરના ગુલાબનગર નજીક આવેલા યાર્ડ વાળા રસ્તાર ઉપર આવેલા યોગેશ્વરનગરમાં ઘરના ફળીયામાં તમાકુ તથા સોપારી રાખી ખરીદ વેંચાણ અમુક શખસો કરતાં હોવાની પોલીસને બાતમી મળી હતી. કબ્જામાંથી રૂા. ૧,૬૩,૬૫૦ની કિંમતનું તમાકુ અને સોપારીનો જથ્થો કબ્જે કર્યો હતો અને ચારેય શખસો સામે ગુનો નોંધીને આગળની કાર્યવાહી આરંભી છે.

ગાંધીનગરના જાસપુર વોટર ટેંકના ૯ કર્મચારી કોરોનાગ્રસ્ત થતા હાહાકાર

ગાંધીનગર

જિલ્લાના કલોલ તાલુકાના જાસપુર ગામમાં રવિવારે એકસાથે ૯ કેસ કોરોના પોઝિટિવ સામે આવતા ખળભળાટ મચી ગયો છે. ત્યારે ઔડા દ્વારા જાસપુર ગામમાં વોટર ટેંકનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં આ કર્મચારીઓ ફરજ બજાવતા હતા. ત્યારે શનિવારે એક જ દિવસમાં કલોલમાં ૮ કેસ સામે આવ્યા હતા. જ્યાં તેના બીજા દિવસે એટલે કે રવિવારે ૬ કેસ સામે આવ્યા છે. જેમાં ૫ લોકો જાસપુર ગામમાં જ રહે છે, જ્યારે એક વ્યક્તિ કલોલમાં રહે છે, આ તમામ લોકો પુરુષ છે અને ૨૨થી ૩૦ વર્ષ વચ્ચેના હોવાનું સામે આવ્યું છે. જ્યારે એક વ્યક્તિ ગાંધીનગર શહેરના સેક્ટર પછ્નો હોવાનું સામે આવી છે તે ઉપરાંત અન્ય બે વ્યક્તિ અમદાવાદના રહેવાસી છે. ત્યારે ગાંધીનગરનો કુલ આંકડો ૧૨૫ ઉપર પહોંચ્યો છે.

વાપી પરિણીતાનો અપમૃત્યુ કેસઃ મહિલાના પિતાએ જમાઈ પર લગાવ્યો આરોપ



વાપી

વાપી તાલુકાના છરવાડા ગામે ૩ મેના રોજ યુવાન મહિલાનું રહસ્યમય સંજોગોમાં મોત થયાની હકીકત બહાર આવી હતી. આ મામલે પતિએ જ હત્યા કરી હોવનો આક્ષેપ મુકાયો છે. વાપીનાં ડુંગરા પોલીસ મથકે ૩ મેનાં રોજ છરવાડા ગામે ખોડિયાર નગરમાં રહેતા પ્રતિક્ષાબેન સુભાષભાઈ પાટીલ (ઉ.વ.૨૩) તેના જ ઘરમાં સૂતેલી હાલતમાં મળી આવી હતી. તે પ્રકારની ફરિયાદ મૃતકના જેઠ વિવેક પાટીલે ડુંગરા પોલીસ મથકને આપી હતી. ડુંગરા પોલીસ આ ઘટનામાં અકસ્માત મોત મુજબ ગુનો નોંધી તપાસ આદરી હતી. જેમાં મૃતકના પિતાને મહારાષ્ટ્ર નંદુરબારથી તેડાવી પોલીસે મૃતકનું પીએમ સુરત સિવિલ હોસ્પિટલમાં પેનલ સાથે કરાવ્યું હતું. તે પછી લાશનો કબજો મૃતકના પિતાને સોંપાયો હતો. મૃતકના અંતિમ વિધિ બાદ પિતાએ ડુંગરા પોલીસ મથકે પહોંચી આ ઘટના અંગે આરોપ મક્યો હતો કે,

પોતાની દીકરીની હત્યા જમાઈ ચંદન ઉર્ફે ચેતન સુભાષ પાટીલે કરી છે તથા પોતાની દીકરીને સાસુ રેખાબેન જેઠ વિવેક પાટીલ, જેઠાણી સુજાતા પાટીલ તથા તેના પતિ દ્વારા લગ્નના બે જ મહિનામાં શારીરિક માનસિક ત્રાસ અપાયો છે. મૃતકના પિતા જ્ઞાનેશ્વર જગન્નાથ મહાજને આપેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ તેમની દીકરી પ્રતીક્ષા સાથે ૨૩ મી માર્ચ તથા ૨ મે નાં રોજ પણ ટેલિફોનિક વાતચીતમાં સાસરિયાં દ્વારા ત્રાસ અપાયાની વાત તેમને જાણવા મળી હતી. વધુમાં તેમણે ફરિયાદમાં જણાવ્યું છે કે, ઘટના બની તે દિવસે પ્રતિક્ષાને એટેક આવ્યો હોવાનું જણાવવામાં આવ્યું હતું. જો કે તેઓ ન માનતા તેમને ફોટા પાડીને મોકલ્યા હતા. જે ફોટામાં પ્રતિક્ષાના નાકમાંથી લોહી નીકળતું હતું.

ગાલ અને ગળાનો ભાગ કાળો પડી ગયો હતો એ પછી વાપી આવતા જમાઈ ચંદન હોસ્પિટલમાં દાખલ થઈ ગયો હતો. આખરે સસરાની પૂછપરછમાં ચંદને જણાવ્યું હતું કે તેનો અન્ય સ્ત્રી સાથે આડો સંબંધ છે તે વાતની જાણ પ્રતિક્ષાને થઈ ગઈ હતી અને તેથી તેને તા. ૨ના રોજ રાત્રિના ૧૧ કલાકે ઠંડાપીણામાં ઉંદર મારવાની ઝેરી દવા પીવડાવી દીધી હતી અને સુવડાવી દીધી હતી. તે પછી તા. ૩ના રોજ એક વાગ્યાના સુમારે પલંગ ઉપર તે સૂતી હતી ત્યારે ઓશિકાથી તેનું મોઢું દબાવી દઈ મારી નાંખી હતી.

સુરતમાં ભેસ્તાનની પ્રિયંકા સિટી ગોલ્ડ સોસાયટીમાં બે પરિવાર વચ્ચે ઝઘડો



સુરત

ભેસ્તાન વિસ્તારની પ્રિયંકા સિટી ગોલ્ડ સોસાયટીમાં બે પરિવાર વચ્ચેનો ઝઘડો લોહિયાળ બન્યો છે. જાહેરમાં એક પરિવાર પર થયેલા જીવલેણ હુમલાના વીડિયો સામે આવ્યા છે. સચિન સિરકે પરિવારના ઝઘડામાં મિત્ર રાહુલને ટાર્ગેટ બનાવી અધમુવો કરી નખાયો હતો. મળતી માહિતી પ્રમાણે, બે મહિલાઓ વચ્ચેના ઝઘડામાં પુરુષોએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. ગણેશ અને કાર્તિક બંગાળીએ બહાર થી માણસો બોલાવી સચિન સિરકે પરિવાર પર હુમલો કર્યો હતો. છોડાવવા ગયેલા રાહુલ પર ઘાતકી હુમલો થતા હોસ્પિટલ લઈ જવાની ફરજ પડી છે. પોલીસે વીડિયોના આધારે બંગાળી પરિવાર સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

લોકડાઉનમાં સુરતમાંથી આશરે પાંચ લાખ લોકોની વતન તરફ દોટ



સુરત

લોકડાઉનના ત્રીજા તબક્કામાં સરકારે વતન જવાની છુટ આપતા જ સુરત શહેરમાં વસતા પરપ્રાંતીયો, ગુજરાતીઓ જે પણ વ્યવસ્થા થતા લકઝરી બસ, એસ.ટી બસ , ટ્રેન કે પછી પ્રાઇવેટ વાહન જેમાં પણ મંજુરી મળી કે ટિકિટ મળી તે મેળવીને વતન જવાની જે પડાપડી શરૂ થઈ છે. તેના પગલે સુરત શહેરમાંથી અત્યાર સુધીમાં ૫ લાખ થી વધુ લોકો વતન તરફ દોટ મુકી દેતા સુરત શહેર ધીરે ધીરે ખાલી થવા માંડયુ છે. કોરોનાની મહામારી ના કારણે ઉદ્યોગ-ધંધા બંધ રહેવાની સાથે લોકડાઉન લંબાવાતા જ સુરત શહેરમાં વસતા ઓડિશા, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉતરપ્રદેશ સહિતના રાજયોના પરપ્રાંતીયોને વતનીઓને વતન જવા નહીં મળતા કોઈને કોઇ વિસ્તારમાં દરરોજના તોફોનો કરે છે. આ તમામની મુખ્ય માંગ એ જ છે કે બસ અમારે વતન જવુ છે. અમારે અંહિયા રહેવુ નથી.

આ વાતને લઇને સરકારે તમામને વતન જવાની છુટ આપી દીધી છે. શરૂઆતમાંસુરત જિલ્લાની બહાર ચેકપોસ્ટ બનાવી મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ઓડિશા જવાની છુટ આપવામાં આવી હતી. પરંતુ ત્યા ભારે ધાધલ ધમાલ થતા ચેકપોસ્ટ જ બંધ કરાવી દઈને ઓનલાઇન મંજુરી આપવાનું શરૂ કર્યુ છે. વધુમાં લાખ્ખોની સંખ્યામાં ઓડિશા, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉતરપ્રદેશ સહિતના રાજયોના પરપ્રાંતીયો વસતા હોવાથી તેમને બસ કે પ્રાઇવેટ વાહનો દ્વારા મોકલવુ મુશ્કેલ હોવાથી ટ્રેનોમાં મોકલવાની શરૂઆત થઇ છે. હાલમાં ઓડિશા, ઉતરપ્રદેશ, બિહાર, ઝારખંડની દરરોજની ટ્રેનો દોડી રહી છે. પરપ્રાતીયોને મોકલવાની શરૂઆત થયા બાદ આપણા ગુજરાતીઓ કેમ બાકી રહી જાય? તેથી તેમને પણ જેમના વતન જવુ હોય તેમને છુટ આપી છે. શરત બસ એટલી જ છે કે લકઝરી કે એસ.ટી બસમાં જવાનું રહેશે. આમ સુરત શહેરના વરાછા, કતારગામ, પાંડેસરા, અમરોલી, સચીન સહિતના તમામ શ્રમજીવી વિસ્તારોમાંથી લોકો વતન જવાની શરૂઆત કરી દીધી છે. આ સિવાય સુરત જિલ્લા કલેકટર દ્વારા પણ મેડિકલ, અને મૃત્યુના કેસમાં ખાસ મંજુરી આપવામાં આવે છે. આ તમામના આંકડાઓ ભેગા કરીને સુરત શહેરમાંથી અત્યાર સુધીમાં ૫ લાખ લોકો વતન પહોંચી ચૂકયા છે કે પછી રસ્તામાં છે.

ઘટનામાં ૪ મહિલાઓ સહિત ૬ લોકો સામે ગુનો નોંધાયો



સુરત

સુરતમાં એક શોકિંગ ઘટના સામે આવી છે. કોરોના વાયરસની તપાસ માટે ગયેલી પાલિકાની ટીમને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હોવાના અહેવાલ છે. ચારથી પાંચ લોકોએ કેરોસીન છાંટીને સળગાવવાનો પ્રયત્ન કર્યો હોવાનું પણ કહેવાયછે. આ ઘટનામાં ૪ મહિલાઓ સહિત ૬ લોકો સામે ગુનો નોંધવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ સુરતના કમેલા દરવાજા વિસ્તારની આ ઘટના છે. જેમાં સંજય નગર ઝૂપડપટ્ટીમાં કારોના વાયરસની તપાસ માટે ગયેલી ટીમ પર કેટલાક લોકો થૂંક્યા હોવાનો પણ દાવો કરાયો છે.

પાલિકાના ધમેન્દ્ર જોશીએ પોલીસ ફરિયાદ નોંધાવી છે. જે મુજબ ચારથી પાંચ લોકોએ કેરોસી છાંટીને સળગાવવાનો પણ પ્રયત્ન કર્યો હોવાનું કહેવાય છે. પાલિકાની ટીમને જીવથી મારી નાખવાની ધમકી અપાઈ. અત્રે જણાવવાનું કોરોના વાયરસ સામે લડવામાં ડોક્ટર્સ, હેલ્થવર્કર્સ, પોલીસ ફ્રન્ટલાઈન વોરિયર્સની ભૂમિકા ભજવી રહ્યાં છે. આમ છતાં કેટલાક લોકો તેમના પર જીવલેણ હુમલા કરી રહ્યાં છે. ગુજરાતમાં કોરોના વાયરસના કેસ કૂદકેને ભૂસકે વધી રહ્યા છે. સૌથી વધુ અમદાવાદમાં અને ત્યારબાદ સુરતમાં કોરોનાના કેસ જોવા મળી રહ્યાં છે. લોકોના બેજવાબદાર વર્તન આ માટે કારણભૂત બની રહ્યા છે.

ગુજરાતના સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જે તાજા આંકડા જાહેર કરાયા તે મુજબ ગુજરાતમાં શનિવારે કોરોના વાયરસના ૩૯૪ નવા કેસ આવ્યાં. આ સાથે કોરોના વાયરસનો કુલ આંકડો ૭૭૯૭ પર પહોંચ્યો છે. રાજયમાં કોરોનાના કારણે ૪૭૨ લોકોએ જીવ ગુમાવ્યાં છે. અમદાવાદમાં કોરોનાના સૌથી વધુ દર્દીઓ ૫૫૪૦ અને ત્યારબાદ સુરતમાં ૮૫૪ છે. સુરતમાં અત્યાર સુધી ૩૮ લોકોએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યાં છે.

સુરત લૉકડાઉનમાં પગાર ન આપનાર સંસ્થાઓ સામે કાર્યવાહી

લેબર વિભાગે ૩ કંપનીને શૉ-કોઝ અને ૬૫ને નોટિસ ફટકારી



સુરત

કોરોના વાયરસને લઈને એક બાજુ સુરત શહેરમાં લૉકડાઉન ચાલી રહ્યું છે ત્યારે ડાયમંડ ઉદ્યોગ સહિત અનેક ક્ષેત્રમાંથી પગાર ન ચુકવાયો હોવાની રાવ ઉઠી છે. આ ફરિયાદના પગલે તંત્ર હરકતમાં આવ્યું છે અને પગાર ન ચુકવનારી કંપનીઓને નોટિસો પાઠવવાની શરૂઆત કરી છે. સુરતમાં પગાર ન ચુકવનારી કંપનીઓની યાદી તૈયાર થઈ રહી છે. લેબર વિભાગે આવી ૧૨૦ કંપનીઓ અને સંસ્થાઓની યાદી બનાવી છે. કર્મચારીઓને પગાર ન આપનારી ૩ કંપનીને શૉ-કોઝ નોટિસ અને ૬૫ કંપનીઓનો નોટિસ ફટાકારવામાં આવી છે. આ કંપનીઓમાં કાપડ ઉદ્યોગ, ડાયમંડ અને અન્ય કંપનીઓનો સમાવેશ થાય છે. કર્મચારીઓની ફરિયાદ બાદ લેબર કમિશનરે લૉકડાઉન અંતર્ગત પગાર ન ચુકવનારી કંપનીઓને નોટિસ ફટકારી છે. લોકડાઉનમાં બંધ કંપનીઓએ કારીગરોને પગાર ચૂકવવા રાજય સરકારની જાહેરાત છતાં ટેક્સટાઈલ-ડાયમંડ કંપનીઓએ માર્ચ અને એપ્રિલનો પગાર ચુકવ્યો ન હતો લેબર કમિશનરને ફરિયાદ કરી ૧૨૦ કંપનીઓની યાદી ત્યાર કરવામાં આવી હતી વિભાગે પ્રારંભિક તબક્કે ૬૫ જેટલી ડાયમંડ કંપનીઓને નોટીસો ફટકારી હતી. પરંતુ જે કંપનીઓએ સંદતર ૨૩ માર્ચથી અત્યાર સુધી લોકડાઉનનો પગાર ચુકવ્યો નથી. તેવી શહેરની ૩ ડાયમંડ કંપનીઓને ડેપ્યુટી લેબર કમિશનર જી.એલ.પટેલે શો-કોઝ નોટીસ ફટકારી છે. નોટિસ પૂછવામાં આવ્યું છે કે તમારી સામે નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ હેઠળ ફોજદારી કાર્યવાહી શા માટે ન કરવી અને લોકડાઉનનો પગાર ચુકવવા શું વ્યવસ્થા કરી છે.

તેનો દિન-૭માં ખુલાસો માંગ્યો છે. શ્રમ અધિકારીએ આકાર ડાયમંડ, જી. એન. બ્રધર્સ અને નાઈન જેમ્સને શો-કોઝ નોટીસ ફટકારતા હીરા ઉદ્યોગમાં ફફડાટનો માહોલ ઉભો થયો છે. દરમિયાન સુરત શહેરમાંથી પરપ્રાંતીયો અને રાજ્યના અન્ય જિલ્લામાં વસતા લોકોનું સ્થળાંતર શરૂ છે. મંદીના આ માહોલમાં બજારો બંધ છે, અર્થતંત્રને પાટે ચડાવાનું અભિયાન ક્યારે શરૂ થશે તેની કોઈ માહિતી નથી. તેવામાં લોકોને સમયસર પૈસા મળે તે માટે હવે કંપનીઓ પર દબાણ લાવવા માટે સરકારે કાર્યવાહી કરી છે.

નવસારીથી ૧૧૬૩ પરપ્રાંતીયોની પ્રથમ ટ્રેન પ્રયાગરાજ માટે રવાના



નવસારી

કોરોનાની મહામારીમાં ભારત સરકારે જાહેર કરેલા લોકડાઉનમાં શ્રમિકોની સ્થિતિ કફોડી બની છે. જેમાં પણ નવસારીમાં આવીને વસેલા પરપ્રાંતિય શ્રમિકોને રૂપિયા ખૂટતા ખાવા-પીવાની સમસ્યા ઉભી થતા તેઓ વતન જવા ઉતાવળા થયા હતા. લોકડાઉનના ૪૦ દિવસો સુધી તો સરકારે શ્રમિકોને વતન જતા રોક્યા હતા, પરંતુ ભુખે મરવાનો વારો આવતા શ્રમિકોની ધીરજ ખૂટી હતી અને વિરોધનો સુર છેડતા અંતે સરકારે પરપ્રાંતીય શ્રમિકોને તેમના વતન મોકલવા વિશેષ ટ્રેનો દોડાવવાની શરૂઆત કરી છે. જેમાં આજે શનિવારે સાંજે નવસારી રેલવે સ્ટેશનેથી ૧૧૬૩ પરપ્રાંતિય શ્રમિકો ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ જવા રવાના થયા હતા.

નવસારીમાં વસેલા ૪ હજારથી વધુ પરપ્રાંતીય શ્રમિકોએ પણ પોતાના રાજ્યમાં જવા માટે નોંધણી કરાવી હતી. જેને ધ્યાને લઇ નવસારી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રેલવે મંત્રાલયમાં ૪ વિશેષ ટ્રેનોની માંગ કરી હતી. જેમાં ઉત્તરપ્રદેશ માટે બે અને બિહાર માટે એક ટ્રેનની મંજૂરી મળી હતી. જેમાંથી આજે શનિવારે નવસારી રેલવે સ્ટેશનથી ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ સુધીની ટ્રેન મળી હતી. જેમાં નવસારી જિલ્લામાં અલગ-અલગ તાલુકાઓમાં વસેલા કુલ ૧૧૬૩ પરપ્રાંતિય શ્રમિકોને તેમના વેતન મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

સુરતથી ૧૭ મી મે સુધી શ્રમિકોને ૨૦૦ થી વધુ ટ્રેનો દોડાવી મોકલાશે વતન



સુરત

કોરોના વાયરસને લઇને લૉકડાઉન વચ્ચે ફસાયેલ શ્રમિકોને વતન મોકલવા માટે સુરત ખાતેથી તંત્ર દ્વારા ખાસ ટ્રેનો ચલાવવામાં આવી રહી છે. ત્યારે દેશમાં એક જ અઠવાડિયામાં સુરતમાંથી સૌથી વધુ ૬૦ શ્રમિક સુપરફાસ્ટ ટ્રેનોમાં ઉતરપ્રદેશ, ઓડિશા, બિહાર અને ઝારખંડના વતનીઓને મોકલવામાં આવ્યાં છે. આ ટ્રેનો સાથે જ આગામી ૧૭ મી મે સુધી આ રાજ્યોમાં ૨૦૦ થી વધુ ટ્રેનો દોડાવવાનું શિડયુલ જિલ્લા કલેકટરે રેલ્વે મંત્રાલય તથા જુદા-જુદા રાજ્યોને મોકલી આપ્યુ છે જોકે આજે પણ ૧૪ જેટલી ટ્રેન રવાના થશે. તંત્ર દ્વારા છેલ્લા એક અઠવાડિયાથી ટ્રેન મારફત વતન મોકલવાની શરૂઆત કર્યા બાદ પ્રથમ ટ્રેન ગત શનિવારે ઓડિશા માટે રવાના થઈ હતી. ત્યારબાદ આ ટ્રેનો મોકલવાનો સિલસિલો યથાવત જ રહ્યો છે. જેમાં આજે ઉતરપ્રદેશ માટે તો ૧૨ ટ્રેનો રવાના થઈ છે. જયારે ઓડિસ્સાની સરકારે પરમીશન રદ્ કર્યા બાદ ફરી મંજુરી આપતા ફરીથી ટ્રેનો દોડવા માંડી છે.

એક આંકડા મુજબ સુરત શહેરમાંથી એક અઠવાડિયામાં ૬૦ ટ્રેનોમાં ઉત્તર પ્રદેશમાં ૩૩, ઓરિસ્સામાં ૧૭, બિહારમાં ૭ અને ઝરખડમાં ૩ ટ્રેન મોકલવામાં આવી છે. આ સાથે જ પેસેન્જરોની સાથે પાંચ વર્ષથી નાના બાળકો મળીને ૮૦,૦૦૦ વતન ભેગા થઈ ચૂક્યા છે. સુરત શહેરમાં રહેતા શ્રમિકોમાંથી જેમને વતન જવુ છે. તેમને મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. હાલ તો ચાર રાજ્યો ઉતરપ્રદેશ, ઓડિસ્સા, બિહાર અને ઝારખંડ માટે જ ટ્રેનો દોડી રહી છે. જયારે મધ્યપ્રદેશ, તેલગણા અને રાજસ્થાન માટે પણ ટ્રેનોની માંગણી કરાઈ છે.

સુરત સિવીલ હોસ્પિટલમાં ૨૫૬ કોરોના પોઝીટીવમાંથી ૨૫ની હાલત ગંભીર

સુરત

સુરતમાં કોરોનાએ વધુ મજબૂત સકંજો કસ્યો છે. જેના લીધે મૃત્યુઆંકમાં પણ રોજ વધારો થઈ રહ્યો છે. અત્યાર સુધી સુરત શહેરમાં કોરોના ૩૭ વ્યક્તિઓને ભરખી ગયો છે જયારે કોરોના સંક્રમિત દર્દીઓની હાલત ગંભીર જોવા મળી રહી છે. સુરત નવી સિવિલ હોસ્પિટલમાં આઈસોલેશન વોર્ડમાં આજે ૨૫૬ કોરોના પોઝિટિવ દર્દીઓ સારવાર લઇ રહ્યા છે. તે પૈકી ૨૫- દર્દીઓની હાલત ગંભીર છે. જેમાં ૩- વેન્ટિલેટર, ૮- બીપેપ અને ૧૪ દર્દી ઓક્સિજન પર હોવાથી ડોક્ટરો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. આરોગ્ય વિભાગ પાસેથી મળેલી વિગત મુજબ નવી સિવિલ હોસ્પિટલ અને સમરસ હોસ્ટેમાં દાખલ કોરોના સંક્રમિત દર્દીઓની તબિયતમાં સુધારો આવ્યો હતો. આજ રોજ વધુ ૨૮ દર્દીઓને રજા આપવામાં આવી હતી.

જેમાં સમરસમાં ૧૨ અને સિવિલ માંથી ૧ બાળકી સહિત૧૬ દર્દી પૈકી ડભોલી ખાતે ભ્રમલોક રેસીડન્સીમાં રહેતી ૧૪ માસની જયોતી જૈનીશ ગોટી સમાવેશ થાય છે.અત્યાર સુધીમાં શહેરમા કુલ ૪૪પદર્દીઓને રજા આપવામાં આવી છે. સુરત શહેરમાં કોરોના કહેર યથાવત રહેતા આજે રોજ સિટીમાં વધુ ૩૩ દર્દીને દાખલ કરાયા છે. પાલિકાના કર્મચારી, વકીલ, નવસારી કૃષિ યુનિ.ના સંશોધક પણ સંક્રમિત થયા છે. જયારે જિલ્લાના બારડોલીમાં કોરોનાની એન્ટ્રી થઇ છે. શહેર-જિલ્લા મળીને આજે ૩૪ નવા કેસ નોંધાયા છે અને કેસોનો આંકડો ૮૮૯ પર પહોંચી ગયો છે. આરોગ્ય વિભાગ પાસેથી મળેલી વિગત મુજબ શહેરમાં આજે રોજ પાલિકાના વરાછાના હેલ્થ સેન્ટરના લેબ ટેકનીશીયન પ્રતિક્ષા ડોબરિયા, નવસારી

કૃષિ યુનિ.રિસર્ચ કરનાર ભૂમિકા ગોટી અને વકિલ અશ્વિનભાઇ ગોટીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. સુરતમાં કોરોનાનાં ૩૩ દર્દીમાં આજે સૌથી વધુ લિંબાયતમાં ૭ અને ઉધનામાં ૭, સેન્ટ્રલના ૬,વરાછા બી ૪,કતારગામના ૬,રાંદેરમાં ૨ અને અઠવામાં ૧ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કર્યા છે.જેમાં ૧૬ પુરૂષ,૬ સ્ત્રી, ૯ વૃધ્ધ અને તરૂણ ૨ છે. સુરત જિલ્લાના બારડોલીમાં પણ કોરોનાની એન્ટ્રી થઈ ગઈ છે. અમદાવાદથી આવેલી મહિલાનો રિપોર્ટ પોઝિટિવ આવતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. સુરત સિટીમાં કુલ ૮૪૧ કેસ અને ૩૭ મોત થયા છે. ગ્રામ્યમાં ૪૮ કેસ અને ૧ મોત થયું છે. શહેર-જિલ્લા મળીને કુલ કેસોના આંકડો ૮૮૯ અને મરણાંક ૩૮ થયોછે.

લોકડાઉનમાં પોઈચા પુલ ઉપર ફરજ બજાવતા PSI પાઠકે જન્મ દિવસની ઉજવણીમાં માસ્ક વિતરણ કર્યા

લાંબા સમય થી સ્ટેચ્યુ ઓફ યુનિટી પર ફરજ બજાવતા પાઠક ત્યાં પણ અવાર નવાર પ્રવાસીઓ ની મદદે આવી પોલીસ ની કામગીરી પર ચાર ચાંદ લગાવી ચુક્યા છે



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ કોરોના હાઉ વચ્ચે નર્મદા જિલ્લામાં એક પણ પોઝીટીવ કેસ ન હોઈ મોટી રાહત છે છતાં વહીવટી તંત્ર હજુ ખડે પગે છે ત્યારે નર્મદા પોલીસ વડા હિમકર સિંહ ના માર્ગદર્શન અને સૂચના મુજબ ઘણા સમય થી સ્ટેચ્યુ ઓફ યુનિટી પર ફરજ બજાવનાર પીએસઆઇ કે.કે. પાઠક હંમેશા સ્ટેચ્યુ પર આવનાર પ્રવાસીઓ ની મદદે આવી નર્મદા પોલીસ ની કામગીરી બાબતે લોકોના માં સારી છાપ ઉભી કરતા આવ્યા છે પરંતુ હાલ સ્ટેચ્યુ બંધ હોય તેમની ફરજ પોઈચા પુલ પર છે સાથે આજે રવિવારે તેમનો જન્મ દિવસ પણ હોય આ જન્મ દિવસની યાદગાર અને કોરોના જાગૃતિ ને લગતી કામગીરી કરતા જોવા મળ્યા હતા.

પીએસઆઈ કે.કે.પાઠકે રવિવારે તેમના જન્મ દિવસ નિમિત્તે પોઈચા પુલ ની તેમની ફરજ ઉપર બહાર ન જિલ્લા માંથી આવતા લોકો ને માસ્ક વિતરણ કરી સાથે કોરોના સંબંધિત જરૂરી સાવચેતી ની માહિતી આપી એક અલગ રીતે જન્મ દિવસ ની ઉજવણી કરી હતી.આમ તો બહાર ના જિલ્લા માંથી નર્મદા માં ફક્ત પાસ ધરાવતા લોકો ને જ પ્રવેશ મળે છે પરંતુ પાસ લઈ પોઈચા પુલ પર થી રાજપીપળા તરફ આવતા લોકો ને માસ્ક આપી સોસીયલ ડિસ્ટન્સ સહિત ની કોરોના ને લગતી જરૂરી માહિતી આપી નર્મદા જિલ્લો કોરોના મુક્ત રહે,કોઈ નવો પોઝીટીવ કેસ ન આવે તેની તકેદારી રાખી જન્મ દિવસ ની ઉજવણી જીલ્લા ના લોકો ના સ્વાસ્થ્ય ની સાવચેતી માટે કરી હતી. આમ સ્ટેચ્યુ બાદ હાલ પોઈચા પુલ ની ફરજ પર પણ પીએસઆઈ પાઠક નર્મદા પોલીસ લોકઉપયોગી કામગીરી માટે સતત તત્પર રહે છે તેના દર્શન કરાવ્યા હતા.

લોકડાઉનમાં નર્મદા જિલ્લાના ફોરેસ્ટ વિસ્તારના અંતરિયાળ ગામોમાં અનાજની કીટ વિતરણ કરવામાં આવી



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તાલુકાના નાના થવરીયા અને મોટા થવરીયા ના ૯૦ થી વધારે કુટુંબોને સામાજિક સંસ્થાઓ તરફથી જીવનજરૂરી ચીજવસ્તુ ઓની કિટ બનાવીને વિતરણ કરવામાં આવી હતી

રાજપીપળા ગાયત્રી પરિવાર ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી ભરત વ્યાસ તથા માનવ સેવા સંસ્થા ગ્રુપના પ્રમુખ જનકભાઇ મોદીના સૌજન્યથી સ્ટેચ્યુ ઓફ યુનિટી ની બાજુમાં ડુંગરાઓમાં વસેલા નાના થવડીયા તથા મોટા થવડીયા ગામમાં ગ્રામજનોને તથા વટેમાર્ગુઓને મળી ૯૦ જેટલી કીટનું વિતરણ કરવામાં આવ્યુ જેમાં ચોખા, દાળ, તુવેર દાળ, ચા, મસાલા શાકભાજી અને માસ્ક વગેરે મળીને આશરે ૯ થી ૧૦ કિલો ની એક કીટ બનાવી એવી ૯૦ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું રાજપીપળા ના આર્થિક પછાત મધ્યમ વર્ગીય ૧૦૦ જેટલા કુટુંબોને પણ આજ રીતે કીટ વિતરણ કરવામાં આવી હતી જેમાં રાજપીપળા ના પત્રકાર ભરત શાહ અને અન્ય સેવાભાવી કાર્યકરો પણ સેવામાં જોડાયા હતા નગરના કેટલાક બાળકોને લોક ડાઉન માં કંટાળો ન આવે તે માટે ડ્રોઈંગ બુક,કલર પેન, પેન્સિલ અને નોટબુકો, રબર, સંચા, બોલપેન સહિતની કીટ બનાવી ગરીબ બાળકોને વિતરણ કરવામાં આવી હતી.

સમાજના આર્થિક સદ્ધરતા ધરાવતા વ્યક્તિઓ પોતાના વિસ્તારમાં આ પ્રકારની સામાન્ય સેવાઓ માં જોડાઈને પોતાના સ્વખર્ચે ૫૦ કીટ બનાવીને વિતરણ કરે તો લોક ડાઉનમા નાના માસૂમ બાળકો અને કુટુંબોમાં આનંદ અને ખુશી ઉપજાવી શકાય છે.તેમ ભરતભાઈ વ્યાસે આશા વ્યક્ત કરી હતી.

નર્મદા GVK EMRI ૧૦૮ ઇમરજન્સી સેવા દ્વારા મધર્સ ડે નિમિત્તે ૧૦૮ ટિમ ની માતાઓને શુભેચ્છા પાઠવવામાં આવી



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

૧૦ મેં વિશ્વ મધર્સ ડે તરીકે પુરા વિશ્વ માં ઉજવણી કરાઈ છે ત્યારે હાલ કોરોના ની મહામારી પણ ચાલી રહી છે આ મહામારી દરમિયાન ૧૦૮ ઈમરજન્સી સેવાના કર્મચારીઓ દરેક પરિસ્થિતિને પહોંચી વળવા અને લોકોની મહામૂલી જિંદગી બચાવવા તત્પર છે.ત્યારે ૧૦૮ ના કર્મચારીઓ ની માતાઓને મધર્સ ડે નિમિત્તે સર્ટિફિકેટ આપી સન્માન કરાયું અને તેમના સંતાનો કોરોના ની મહામારીન ના જંગમા લડી રહ્યા છે એ બદલ શુભેચ્છા પાઠવી માતાઓ નો આભાર વ્યક્ત કરવા માં આવ્યો.સાથે ૧૦૮ ના કર્મચારીઓની માતાઓ ખુશ છે કે તેમના પુત્રો લોકોનું જીવન બચાવવા એક ઉમદા કાર્ય કરી રહ્યા છે તે બદલ તેમણે ગર્વ પણ અનુભવ્યો હતો અને ૧૦૮ સંસ્થાને અભિનંદન પાઠવ્યા હતા. મધર્સ ડે નિમિત્તે કોરોના વોરીયસ તરીકે ૧૦૮ ઈમરજન્સી સેવા બજાવતા કર્મચારીઓની માતાઓને નર્મદા ૧૦૮ ના સુપરવાઈઝર EME મોહમ્મદ હનીફ બલુચી અને PM અભિષેક ઠાકર દ્વારા વિડીયોકોલ થકી તથા કર્મીઓના ઘરે જઈ સર્ટિફિકેટ આપી તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

નર્મદા વનવિભાગના કાયમી રોજમદારોના અનિયમિત પગાર મામલે ઉચ્ચ કક્ષાએ રજુઆત : ત્રણ મહીનાથી પગારના ફાંફા

ભારતીય ટ્રાયબલ કિસાન મજદુર સંઘના માધ્યમથી અગ્ર મુખ્ય વનસંરકક્ષક વન અને પર્યાવરણ ગાંધીનગર ને આ માટે ફરિયાદ કરાઈ



સ્કોર્પીયો કાર મા ફરતા અને એ.સી ચેમ્બરો મા બેસી પર્યાવરણ ની રક્ષા કરતાં વન સંરક્ષક તેમના તાબા હેઠળ ના કર્મચારીઓ ના ત્રણ મહીના થી પગાર કેમ નથી કરતા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા નગર પાલિકા ના કર્મચારીઓ નો ત્રણ મહીના થી પગાર થયો નથી, જેના કારણે પાલિકા ની કંગાળ હાલત ને જવાબદાર ઠેરવવા મા આવી રહી છે.હજી આ વિવાદ ની શાહી સુકાઈ નથી તે પહેલાં નર્મદા વનવિભાગ મા કાયમી રોજમદારો ના ત્રણ મહીના થી બાકી પગાર ની બુમો ઉઠવા પામી છે.

વર્ષે દહાડે કરોડો રુપિયા ની સરકારી ગ્રાન્ટો નો વહીવટ કરતાં નર્મદા વન વિભાગ પાસે પોતાના પાયાના કર્મચારી ઓનો પગાર કરવા પૈસા નથી એ આશ્ચર્ય જનક બાબત કહેવાય. આ અગાઉ પણ આ કાયમી રોજમદારો ના પગાર બાબતે ગંભીર અનિયમિતતા જોવા મળી હતી.

જે કામદાર ને ત્રણ મહીના સુધી પગાર ના મળે તેમનું ગુજરાન કેવી રીતે ચાલતું હશે.? તે કદાચ એ.સી ચેમ્બરો મા બેસી પર્યાવરણ ની રક્ષા કરતાં સાહેબો ને ખબર નહી હોય. કેટલાંક કામદારો એ નામ નહી આપવાની શરતે જણાવ્યું હતું કે હવે તો અનાજ કરીયાણા વાળાએ પણ ઉધાર આપવાની ના પાડી દીધી છે. એક તરફ કોરોના વાયરસ મહામારી અને લોકડાઉન જેવાં કપરાં સમયમાં નર્મદા વનવિભાગ ના કાયમી રોજમદારો ની પરિસ્થિતિ દારુણ અને દયાજનક બની છે. આ બાબત ની ફરિયાદ વાલીયા ના ધારાસભ્ય છોટુભાઈ વસાવા અને ડેડીયાપાડા ના ધારાસભ્ય મહેશભાઈ વસાવા એ ભારતીય ટ્રાયબલ કિસાન મજદુર સંઘ ના માધ્યમ થી અગ્ર મુખ્ય વનસંરકક્ષક વન અને પર્યાવરણ ગાંધીનગર ને કરી છે. કાયમી રોજમદારો ના પગાર કરવા જેવી પ્રાથમિક બાબત માટે ધારાસભ્યો ને છેક ગાંધીનગર સુધી ફરીયાદ કરવી પડે તે નર્મદા વનવિભાગ માટે અત્યંત શરમજનક વાત કહેવાય.

લોકડાઉનમાં વલસાડ સાંસદ વાળ કપાવવા માટે સલુન પહોંચી જતા વિવાદ



સુરત

હાલમાં કોરોનાની માહામારીને લઈ સમગ્ર દેશમાં લોકડાઉન છે અને સેલુન સહિત અનેક દુકાનો ખોલવા ઉપર પ્રતિબંધ છે આવા સંજોગોમાં વલસાડ-ડાંગ મતવિસ્તારના સાંસદ ડો. કે.સી. પટેલ વાપી ગુંજન વિસ્તારની એક સેલુન ખોલાવી વાળ કપાવા બેસ્યા હતા ત્યારે તેમની કાર સેલુનની બહાર પાર્ક થયેલી કેમેરામાં કેદ થઈ હતી. આ બાબતે તેમનો મત જાણવા પ્રયાસ કરતા સંપર્ક થઈ શક્યો ન હતો.

વરેલી ગામે પોલીસ પર પથ્થરમારો, વધુ ૯ આરોપીઓ પોઝિટીવ, કુલ આંક ૧૫ થયો

સુરત

સુરત જિલ્લાના પલસાણા તાલુકાના વરેલી ગામે પથ્થરમારાની ઘટના સર્જાઈ હતી. જ્યારે આ મામલે પોલીસે જે આરોપીઓની ધરપકડ કરી હતી, તે પૈકી વધુ ૯ આરોપીઓનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. વરેલીમાં પોલીસ પર કરવામાં આવેલા પથ્થરમારા બાદ કુલ ૨૦૦થી વધુ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. આ પહેલા ૬ આરોપીઓના રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યા હતા. આમ કુલ ૧૫ આરોપીઓ કોરોનાથી સંક્રમિત થયા છે. આથી તંત્ર દ્વારા વરેલી ગામે મોટા પાયે સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી છે.

પરપ્રાંતિયોને લઈ સુરતથી પ્રયાગરાજ જઈ રહેલી ટ્રેનના ૨૦ ડબ્બા પાછળ રહી ગયા



સુરત

પરપ્રાંતિય મજૂરો સાથે, ગુજરાતના સુરતથી પ્રયાગરાજ તરફ આવતી ટ્રેનની ૨૦ કોચ પાછળ રહી ગઈ હતી. તે જ સમયે, એંજિન બાકીની ટ્રેન આગળ વધી ગઈ હતી. ગાર્ડે સ્ટેશન માસ્તરને આ માહિતી આપી. પ્રાપ્ત માહિતી અનુસાર, એન્જિનવાળી ૩ બોગીઓ ભટૌલી સ્ટેશનથી અલગ થઈ અને આગળ ગઈ અને ૨૦ કેન પાછળ છોડી દીધી. ફસાયેલા લોકો પાણી વિના મુશ્કેલી ભોગવી રહ્યા છે. આ ઘટના સવારે સાત વાગ્યાની છે, ત્યારબાદ ૧૧.૦૦ વાગ્યે નવું એંજિન પરત આવતા ટ્રેન આગળ વધી હતી પરંતુ ત્યાં સુધી શ્રમિકો ભૂખ્યા તરસ્યા રહ્યા હતા. સમગ્ર દેશમાં ચર્ચાનું કેન્દ્ર બનનારા આ બનાવની વિગત એવી છે કે ઉત્તર પ્રદેશના ભટોલી રેલવે સ્ટેશનથી ત્રણ કિલોમીટર દૂર આજે સવારે પ્રયાગરાજ જઈ રહેલી ટ્રેનની ૨૦ બોગી આગળની ૩ બોગીથી છૂટી પડી ગઈ હતી.

દરમિયાન આ ઘટનાના કારણે રેલવેની ઘોરબેદરાકી સામે આવી છે. સદનસીબે આ ટ્રેક પરથી અન્ય ટ્રેન ન આવતી હોવાના કારણે મોટી દુર્ઘટના ટળી હતી પરંતુ એક પ્રશ્ન એ પણ સર્જાયો હતો કે જો આ ટ્રેનના ડબ્બા ડીરેઈલ થયા હોત તો કોણ જવાબદારી ઉઠાવતું? દરમિયાન ટ્રેન લાંબો સમય સુધી પડી રહેતા અકળાયેલા શ્રમિકો નીચે ઉતર્યા હતા અને તેમણે જોયું તો એંજિન વગરના ૨૦ ડબ્બાની ટ્રેન ઉભી રહી હતી. ટ્રેનમાં ગાર્ડનો ડબ્બો પણ છૂટી જતા તેમણે નજીકના સ્ટેશન માસ્ટરને જાણ કરી હતી અને તેના કારણે સવારે સમગ્ર ઘટનાની માહિતી મળી હતી. આ ઘટના બાદ એંજિન ફરીથી પરત આવ્યું હતું અને આ ટ્રેનના ડબ્બાઓને પરત લઈને જતા શ્રમિકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

વડોદરામાં મધર્સ ડેની પૂર્વ સંધ્યાએ કોરોનાગ્રસ્ત માતાએ બાળકને જન્મ આપ્યો

વડોદરા

રાજ્યમાં કોરોના વાયરસ એ હાહાકાર મચાવ્યો છે. રાજ્યમાં ૭૦૦૦ કરતાં વધુ પોઝિટિવ કેસ નોંધાયા છે. કોરોના કારણે રાજ્યના અમદાવાદ-સુરતની સ્થિતિ ગંભીર છે તેવામાં મધર્સ ડેની પૂર્વ સંધ્યાએ રાજ્યના વડોદરા શહેરમાં એક સુખદ ઘટના ઘટી છે. શહેરની ગોત્રી કોવિડ હોસ્પિટલમાં એક કોરોના પોઝિટિ માતાએ એ મધર્સ ડેની પૂર્વ સંધ્યાએ એક સ્વસ્થ બાળકીને જન્મ આપ્યો છે. મે મહિનાના બીજા રવિવારે મધર્સ ડે એટલે કે વિશ્વ માતૃ વંદના દિવસ ઉજવવામાં આવે છે.હાલનું વાતાવરણ કોરોના ના ઓથાર વચ્ચે ડહોળાયેલું છે ત્યારે આશાનું કિરણ જગવતી એક સુખદ ઘટના ગોત્રી ખાતેની વિશેષ કોવીડ હોસ્પિટલમાં ઘટી છે.

મધર્સ ડે ની પૂર્વ સંધ્યાએ એક કોરોના પીડિત માતાએ સંપૂર્ણ તબીબી નિગરાની હેઠળ એક સ્વસ્થ બાળકને જન્મ આપ્યો છે. ૩૫ વર્ષના માતા અનીશાબેગ શેખ કોરોના પોઝિટિવ તરીકે ૭ દિવસ થી સારવાર હેઠળ છે. તેમણે ગઈકાલે ૨.૭ કિલોગ્રામ વજન ધરાવતા તંદુરસ્ત બાળકને જન્મ આપ્યો છે.હાલમાં માતા અને પુત્ર બંનેની તબિયત સારી છે અને તેમની ઉચિત તબીબી સંભાળ લેવામાં આવી રહી છે. હોસ્પિટલના સૂત્રો પાસે થી મળતી જાણકારી પ્રમાણે સગર્ભા કોરોના પીડિત હોય તો મોટેભાગે એની શસ્ત્રક્રિયા આધારિત સીજેરિયન પ્રસૂતિ કરાવવાનો આગ્રહ રાખવામાં આવે છે.